Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૧૦૫
તા.૨૧-૦૫-૨૦૧૮, સોમવાર
સંવત ૨૦૭૪ અધિક જેઠ સુદ - ૦૭
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૫:૫૮ સૂર્યાસ્ત : ૦૭:૧૬

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૪૩.૦ | વડોદરા | ૪૨.૦ |
| અમદાવાદ | ૪૩.૩ | સુરત | ૩૫.૬ |
| ગાંધીનગર | ૪૩.૦ | નલિયા | ૩૮.૦ |

ચાંદી : ૪૦૩૦૦ સોનું : ૩૨૩૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

# છત્તીસગઢના દાંતેવાડામાં ફરી નક્સલી હુમલો, ૭ જવાન શહીદ

## આઈઈડી બ્લાસ્ટ કરી ગોળીબાર કર્યો : નક્સલવાદીઓ હજુ પણ સક્રિય હોવાના અહેવાલથી કેન્દ્રની ચિંતામાં વધારો : નક્સલવાદીગ્રસ્ત વિસ્તારોમાં ઓપરેશન જારી

દાંતેવાડા

છત્તીસગઢના દાંતેવાડામાં નક્સલવાદીઓના આઈઈડી બ્લાસ્ટમાં સાત જવાન શહીદ થયા છે. નક્સલવાદીઓએ હુમલો કરીને ફરી એકવાર પોતાની શક્તિ દર્શાવી છે અને સાબિતી આપી છે કે, નક્સલવાદીઓ હજુ પણ મોટાપાયે સક્રિય થયેલા છે. નક્સલવાદીગ્રસ્ત વિસ્તારોની સંખ્યામાં ચોક્કસ પણે ઘટાડો થઇ રહ્યો છે પરંતુ અનેક જગ્યાઓ ઉપર નક્સલવાદીઓ હજુ પણ મોટાપાયે સક્રિય થયેલા છે. આજે કરવામાં આવેલા હુમલામાં સશસ્ત્ર દળના પાંચ અને ડિસ્ટ્રીક્ટ ફોર્સના બે જવાન શહીદ થયા હતા. બીજી બાજુ આ હુમલામાં કેટલાક જવાનોને ઈજા પણ થઈ હતી. નક્સલવાદીઓએ પોલીસની ગાડીને ટાર્ગેટ બનાવીને હુમલો કર્યો હતો. આ ઘટના દાંતેવાડાના છોલનાર ગામમાં બની હતી. નક્સલવાદી વિરોધી ટોળકીના અધિકારી ઓનું કહેવું છે કે, સાત જવાન આમા શહીદ થયા છે. અન્ય એકને ઈજા થઈ છે. નક્સલવાદીગ્રસ્ત વિસ્તારોમાં ચર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. બ્લાસ્ટની તીવ્રતા ખુબ વધારે જોવા મળી હતી. આ પહેલા ૧૩મી માર્ચના દિવસે નાકસાલવાદીઓએ છત્તીસગઢના સુકમામાં સર્ચ



ઓપરેશનમાં જોડાયેલા સીઆરપીએફના જવાનો ઉપર હુમલો કરી દીધો હતો જેમાં નવ જવાન શહીદ થયા હતા. જવાનોને પહેલા આઈઈડી બ્લાસ્ટ કરીને ટાર્ગેટ બનાવવામાં આવ્યા હતા ત્યારબાદ ગોળીબાર કરવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૩મી માર્ચના દિવસે છત્તીસગઢના સુકમામાં સર્ચ ઓપરેશનમાં વ્યસ્ત સીઆરપીએફના જવાનો પર માઓવાદીઓ દ્વારા કરવામાં આવેલા છુપા હુમલામાં ઓછામાં ઓછા નવ જવાનો શહીદ થયા હતા અને આ હુમલામાં અન્ય છ જવાનો ઘાયલ પણ થયા હતા. જવાનોને પહેલા આઇઇડી બ્લાસ્ટ મારફતે ટાર્ગેટ બનાવવામાં આવ્યા હતા. બ્લાસ્ટ કરવામાં આવ્યા બાદ અંધાધુંધ ગોળીબાર કરવામાં આવ્યો હતો. ૧૩મી માર્ચના દિવસે કરવામાં આવેલા હુમલામાં આશરે ૧૦૦ માઓવાદીઓ હોવાની માહિતી મળી હતી. આજે પણ કરાયેલા હુમલામાં માઓવાદી ઓની મોટી ટોળકી હોવાના અહેવાલ મળ્યા છે. આજે છત્તીસગઢના દાંતેવાડામાં આ હુમલો કરાયો હતો. આ પહેલા ગયા વર્ષે એપ્રિલ મહિનામાં સુકમામાં નક્સલવાદીઓએ છુપો હુમલો કર્યો હતો. આ હુમલામાં ૨૫ જવાન શહીદ થયા હતા. આ તમામ જવાનો સીઆરપી એફના ૭૪મી બટાલિયનના હતા. જવાનોની ટીમ રોડ ઓપનિંગ માટે જઇ રહી હતી ત્યારે હુમલો કરવામાં આવ્યો હતો. સીઆરપીએફ ભોજન માટેની તૈયારી કરી રહ્યા હતા ત્યારે નક્સલ વાદીઓએ અંધાધુંધ ગોળીબાર કર્યો હતો. નક્સલવાદીઓએ ગયા વર્ષે ૨૫મી એપ્રિલના દિવસે પણ ભીષણ હુમલો કર્યો હતો જેમાં સીઆરપીએફના ૨૫થી વધુ જવાનો શહીદ થયા હતા.

## વિચાર વૈભવ...

### હું તો જાણું છું ને!

સવારના નવ વાગ્યાની આસપાસનો સમય હતો.

પોતાના હાથના અંગૂઠા પર લીધેલા ટાંકા કઢાવવા માટે એક દાદા પરદેશના એક નર્સિંગ હોમનાં વેઈટિંગ રૂમમાં બેઠા હતા. ડ્યુટિ પરની નર્સ પોતાના કામમાં થોડી વ્યસ્ત હતી. પોતે ઉતાવળમાં છે એવું દાદાએ નર્સને એકાદ- બે વખત કહ્યું એટલે નર્સે એમનો કેશ હાથમાં લીધો. દાદાના અંગૂઠા પરનો ઘા જોયો, બધી વિગત જોઈ. એ પછી એ નર્સે અંદર જઈ ડોક્ટરને જાણ કરી. ડોક્ટરે દાદાના ટાંકા કાઢી નાંખવાની નર્સને સૂચના આપી.

નર્સે દાદાને ટેબલ પર સુવડાવ્યા. પછી પૂછ્યું, 'દાદા! તમારી ઉતાવળનું કારણ હું પૂછી શકું? કોઈ બીજા ડોક્ટરને બતાવવા માટે જવાનું છે?'

'ના, બહેન! પરંતુ ફલાણા નર્સિંગ હોમમાં મારી પત્નીને દાખલ કરેલી છે. એની સાથે નાસ્તો કરવાનો સમય થઈ ગયો છે. છેલ્લા પાંચ વરસથી સવારે સાડા નવ વાગ્યે એની જોડે જ નાસ્તો કરવાનો મારો અતૂટ ક્રમ રહ્યો છે. છેલ્લા પાંચ વરસથી એ નર્સિંગ હોમમાં મારી પત્ની દાખલ થયેલી છે.'

'પાંચ વરસથી? શું થયું એને?' નર્સે પૂછ્યું.

'એને સ્મૃતિભ્રંશ - અલ્ઝાઈમર્સનો રોગ થયેલો છે.' દાદાએ જવાબ આપ્યો.

મોં પર સહાનુભૂતિના ભાવ સાથે નર્સે ટાંકા કાઢવાની શરૂઆત કરી. એકાદ ટાંકાનો દોરો ખેંચતી વખતે દાદાથી સહેજ સિસકારો થઈ ગયો એટલે એમનું ધ્યાન બીજે દોરવા નર્સે ફરીથી વાત શરૂ કરી, 'દાદા! તમે મોડા પડશો તો તમારાં પત્ની ચિંતા કરશે કે તમને ખિજાશે ખરા?'

દાદા બે ક્ષણ નર્સ સામે જોઈ રહ્યા. પછી બોલ્યા. 'ના! જરા પણ નહીં. એ ચિંતા પણ નહીં કરે અને ખિજાશે પણ નહીં. કારણ કે છેલ્લા પાંચ વરસથી એની યાદશક્તિ સંપૂર્ણપણે ચાલી ગઈ છે. એ કોઈને ઓળખતી જ નથી. હું કોણ છું એ પણ એને ખબર નથી!'

નર્સને અત્યંત નવાઈ લાગી. એનાથી પુછાઈ ગયું. 'દાદા! જે વ્યક્તિ તમને ઓળખતી પણ નથી એના માટે તમે છેલ્લાં પાંચ વરસથી નિયમિત નર્સિંગ હોમમાં જાઓ છો? તમે આટલી બધી કાળજી લો છો, પરંતુ એને તો ખબર જ નથી કે તમે કોણ છો?'

દાદાએ નર્સનો હાથ પોતાના હાથમાં લઈ હળવેથી કહ્યું, 'બેટા! એને ખબર નથી કે હું કોણ છું, પરંતુ મને તો ખબર છે ને કે એ કોણ છે?'

દાદાની આંખોના ખૂણામાં ભીનાશ આવી ગઈ અને નર્સની આંખોમાં આંસુ!

સાચો પ્રેમ એટલે... સામી વ્યક્તિનો જેમ છે તેમ સંપૂર્ણ સ્વીકાર, એના સમગ્ર અસ્તિત્વનો સ્વીકાર, જે હતું તેનો સ્વીકાર, જે છે તેનો સ્વીકાર, ભવિષ્યમાં જે હશે તેનો સ્વીકાર અને જે કંઈ નહીં હોય તેનો પણ સ્વીકાર!

- ડૉ.આઈ.કે.વીજળીવાળા

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ.રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

### બનાસકાંઠા જિલ્લામાં ઉનાળો અસહ્ય બન્યો

## ડીસામાં તાપમાનનો પારો ૪૩ ડીગ્રી નોંધાયો



પ્રતિનિધિ વડાવળ

બનાસકાંઠા જિલ્લામાં ગ્રીષ્મ ઋતુનો મિજાજ દિન - પ્રતિદીન કાતિલ બનતો જતો હોઈ જન જીવન ઉપર પ્રતિકુળ અસરો વર્તાઈ રહી છે આકાશમાંથી વરસતી અગનવર્ષા વચ્ચેનું પ્રતિ કલાક કિમીની ઝડપે ફુંકાતી ગ્રીષ્મ લહેરોને લઈને સરહદી વિસ્તારમાં કાતિલ ગરમીનું મોજુ ફરી વળતા રહીશો આકુળ વ્યાકુળ બની ગયા છે ગઈકાલ કરતા ૧.૯ ડીગ્રી જેટલો પારો ઉચકાતા રજાના દિવસ રવિવારે ૪૩ ડીગ્રી તાપમાન નોંધતા ગરમીએ માઝા મુકી છે. જિલ્લા વાસીઓને લુઝરતી ગરમી વચ્ચે તીવ્ર ગરમીની અસર વર્તાઈ રહી છે. સુર્યનારાયણના પ્રખર તેજને લઈને જિલ્લાના હાઈવે માર્ગો ઉપર દુરથી જળ બિંદુ હોવાનો અહેસાસ કરાવતા ઝાંઝવાતા જળની પણ બપોરના સમયે અનુભૂતિ થાય છે અને રસ્તાઓ પણ સુમસામ બની રહેવા પામ્યા છે બપોરના સમયે તો લોકો ફરજીયાત ઘરમાંજ રહેવાનુ પસંદ કરી રહ્યા છે એસી, કુલર

અનુસંધાન પાના નં.૬

## ડીસા હવાઈ પીલ્લર પાસે વિવાદમાં ઘેરાયેલ બગીચાનું લોકોએ જાતે લોકાપર્ણ કર્યું





ડીસા

ડીસા નગરપાલિકા દ્વારા હવાઈ પીલ્લર પાસે બનાવેલ બગીચાનું આજે મંત્રી પરબતભાઈ પટેલના હસ્તે ઉદ્ઘાટન થવાનું હતું પરંતુ તેના એક દિવસ પહેલા શનિવારે નાયબ કલેકટર દ્વારા મનાઈ હુકમ ફરમાવતા આ બગીચો વિવાદોમાં સપડાયો છે તેથી તેનો ઉદ્ઘાટન કાર્યક્રમ મુલતવી રાખવો પડ્યો હતો.

બીજી તરફ આજે રવિવારે ઉદ્ઘાટનના સમયે જ સાંજે પાંચ કલાકે બગીચા આગળ લોકોનું સ્વયંભૂ ટોળું એકત્ર થયું હતું બાદમાં ભીડ વધતી ગઈ હતી જોકે આ સમયે અન્ય કોઈ રાજકીય નેતા ફરક્યા ન હતા આથી લોકોએ બે નાની બાળાઓ ના હસ્તે રીબીન કાપીને બગીચાનું જાતે જ લોકાપર્ણ કર્યું હતું ત્યાર બાદ લોકો બગીચામાં જઈ આનંદ માણવામાં વ્યસ્ત બની ગયા હતા જયા ઉપસ્થિત લોકોએ ફટાકડા ફોડી બગીચાના લોકાર્પણનો જશ્ન મનાવ્યો હતો. તો કેટલાક લોકોએ જેના નામથી આ બગીચાનું નામ કરણ થયું છે તેવા નાનજી દેશમુખની પ્રતીમાને ફુલહાર ચડાવ્યા હતા. આ સમયે સ્થાનિક મીડિયા તેમજ પોલીસ બગીચા ખાતે દોડી આવી હતી આમ સ્થાનિક રાજકારણના ભોગ બનેલા બગીચાનું લોકોએ

અનુસંધાન પાના નં.૬

**બગીચામાં પ્રવેશ કરવા ઉપર કોઈ સ્ટે નથી : ના.કલેક્ટર**

ડીસા હવાઈ પીલ્લર પાસેના બગીચામાં નવુ કોઈ બાધકામ કરવા સામે સ્ટે અપાયો છે. અને જૈ સે થે સ્થિતિમાં જાળવી રાખવા આદેશ કરાયો છે. પરંતુ બગીચાના લોકાર્પણ કે તેની અંદર પ્રવેશ કરવા તથા અવરજવર કરવા ઉપર કોઈ પ્રતિબંધ નથી.

## કાંકરેજમાં નર્મદા નહેરમાંથી મોટરો સહિતના સાધનો કબજે

તા.પ્રતી. થરા

ગુજરાતમાં નર્મદા ડેમમાં પાણીનું સ્તર દિન - પ્રતિદિન ઘટી રહ્યુ છે. જેની અસર નર્મદા નહેરમાં જોવા મળી છે ને પાણીનો બગાડ ન થાય ને લોકો - પશુ સુધી પીવાનું પાણી મળી હે તેવા સરકારના પ્રયત્નો છે પણ નર્મદા નહેરએ કૃષિ - પશુપાલન માટે શ્રેષ્ઠ સાબીત થઈ છે ને ખેડૂતો ઉનાળુ પાક પણ સરકારની સુચના છતાં વાવેતર કર્યા છે બીજો ઘાસચારો - શાકભાજી ઉછરેલ રાત દિવસ નર્મદા નહેરમાંથી



યશપાલસિંહ ટી.વાઘેલા

બિન કાયદેસર મોટરો મૂકી લાંબા અંતર સુધી પાણી ખેચી રહ્યા છે ત્યારે કાંકરેજ તાલુકાના ચાંગા ગામ પાસેથી પસાર થતી નર્મદા નહેરમાં ઠેરઠેર ખેડૂતોએ

અનુસંધાન પાના નં.૬

## ચિત્રાસણી પાસે અકસ્માતમાં કારના ફુરચા : ૨ને ગંભીર ઈજા

### ઇજાગ્રસ્તોને ૧૦૮ દ્વારા સારવાર અર્થે ખસેડાયા

પાલનપુર

પાલનપુર આબુ હાઈવે ઉપર ગત સાંજે અજાણ્યા વાહન ચાલકે કારને ધડાકાભેર ટક્કર મારતા કારના ફુરચા ઉડી ગયા હતા. આ અકસ્માતમાં બે વ્યક્તિઓને ગંભીર ઈજા થવા પામી હતી. જેમને પાલનપુર ૧૦૮ દ્વારા શહેરની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા



સંજય જોષી

હતા. જેમાં એક વ્યક્તિની હાલત નાજુક હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. પાલનપુર આબુ હાઈવે ઉપર ચિત્રાસણી પાસે ગત સાંજના સુમારે માર્ગ અકસ્માત સર્જાયો હતો. અનુસંધાન પાના નં.૬

### સર્વે ન.૨૩૪ની ગૌચર ની જમીન નો વિવાદ

## માહી ગામે ગૌચરની જમીન ઉપરના દબાણો હટાવવાના હાઇકોર્ટના હુકમનો અનાદર

### ખાનગી ટ્રસ્ટ દ્વારા ગૌચર ની કરોડોની જમીન ઉપર કબ્જો કરતાં મામલો હાઈકોર્ટ માં ગયો હતો

પ્રતિનિધી છાપી

વડગામ ના માહી ગામ ના સર્વે નંબર ૨૩૪ માં આવેલા ગૌચર ની જમીન ઉપર એક ખાનગી ટ્રસ્ટ દ્વારા મોટા પ્રમાણ મા રાતોરાત દબાણ કરવા માં આવું હતું જેનો વિવાદ થતા મામલો હાઈકોર્ટ સુધી પહોંચ્યો હતો નામદાર હાઈકોર્ટે આ દબાણ હટાવી ગૌચર ખાલી કરવા હુકમ કર્યો હતો જોકે સ્થાનિક પંચાયત અને અધિકારી ઓના મેળાપણા થી છેલ્લા ચાર વર્ષ થી ના. હાઈકોર્ટ ના હુકમનો અનાદર કરતા ફરી વિવાદ વકયો હોવાનું જાણવા મળે છે ? માહી ગ્રામપંચાયત ના સર્વે નં.૨૩૪ માં આવેલા ગૌચર ની જમીન ઉપર એક એજ્યુકેશન ના નામે બનેલા ટ્રસ્ટ દ્વારા રાતોરાત કરોડો ની કિંમત ની જમીન ઉપર કબ્જો કરી તાર ની ફેનસિંગ બાધી દીધી હતી જેનો જોરદાર વિરોધ થતા અને ગામ ના અરજદારો એ હાઈકોર્ટ માં દબાણ હટાવવા અપીલ કરી હતી જે અપીલ અનુસનધાને ના. હાઈકોર્ટ દ્વારા સ્પે.સી.એ.નં.૧૭૨૫૮/૨૧૧૩ ના તા.૨૭/૪/૨૦૧૫ ના ઓરલ ઑર્ડર થી દબાણ હટાવવા હુકમ કર્યો હતો જેનો અમલ સ્થાનિક પંચાયત તેમજ જિલ્લા ના અધિકારી ઓ દ્વારા ચાર ચાર વર્ષે પણ અમલ ન કરાતાં ફરી વિવાદ સર્જાવા સાથે અરજદારો ઓએ ના.હાઈકોર્ટ ના દ્વાર ખટખટાવવા સાથે ગાંધી ચીધ્યા માર્ગે વિરોધ કરવા એક અરજી જિલ્લા કલેકટર ને કરી હોવા નું જાણવા મળે છે દરમિયાન ગ્રામ પંચાયત ના નાક નીચે એક ભંગાર ના વેપારી દ્વારા ત્રણ એકર ગૌચર ની જમીન ઉપર કબ્જો કર્યો હોવાનું બહાર આવતા ગામના ચાર અરજદારો એ પંચાયત ને લેખિત જાણ કરી દબાણ હટાવવા રજુઆત કરવા છતાં પંચાયત દ્વારા કોઈ જ કાર્યવાહી ન કરાતી હોવા ના આક્ષેપ સાથે પંચાયત ના શાસકો ઉપર ગૌચર ની જમીન ના દબાણ દારો સાથે ભ્રષ્ટાચાર કર્યા ના આરોપ અરજદારો દ્વારા મુકવામાં આવ્યા હતા

### પરિવાર બહાર સુતો રહ્યોને ઘરમાં તસ્કરોનો હાથફેરો

## ભાભરમાં બે મકાનમાંથી રૂા. ૭ લાખ ઉપરાંતની ચોરી

### રોકડ રકમ અને સોના ચાંદીના દાગીનાની ચોરી થતાં પ્રજામાં ભયનો માહોલ

તા.પ્રતિનિધિ ભાભર

ભાભર શહેરમાં એકવાર ફરીથી તસ્કરોએ માથુ ઉચક્યું છે. ઉનાળાની ગરમીના કારણે લોકો ઘરની બહાર કે ઉપર ધાબામાં સુતા હોય છે. તેમના બંધ મકાનનો લાભ ઉઠાવી તસ્કરો ખાતર પાડી રહ્યા છે. ગઈકાલે શહેરની એક સોસાયટીમાં પરિવારજનો બહાર સુતા હતા. ત્યારે તેનો લાભ લઈ તસ્કરોએ બે મકાનોને નિશાન બનાવી રૂા. ૭ લાખ ઉપરાંતની ચોરી કરતા શહેરભરમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.



વનરાજસિંહ રાઠોડ

ભાભર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી કાયદો- વ્યવસ્થા પડી ભાંગી હોય તેમ ચોરી, લૂંટના અનેક બનાવો બન્યા છતાં ચોરીનો ભેદ ઉકેલવામાં પોલીસ સરેઆમ નિષ્ફળ રહેતા ગુનાઓમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે શહેરની એક ભરચક રહેણાંક સોસાયટીમાં ગત રાત્રે બે મકાનોમાં કુલ ૭ લાખથી વધુની ચોરીની ઘટના બહાર આવતા લોકો પોતાની માલમત્તા પ્રત્યે ભયના માહોલમાં જીવી રહ્યા છે. ભાભરમાં શ્રીનાથનગરમાં રહેતા ધીરજભાઈ ધરમશીભાઈ માળીનો પરિવાર ગત રાત્રે ગરમીના કારણે ઘરની બહાર સુતો હતો. ત્યારે કોઈક ચોર ઈસમોએ મકાનના દરવાજાના નકુચા તોડીને ઘરમાં પ્રવેશી તિજોરી તોડી તેમાંથી રોકડ રૂા. ૪.૫૦ લાખ તથા ૨ લાખના સોના- ચાંદીના દાગીનાની ચોરી કરી હોવાનું મકાન માલિકે જણાવ્યું હતું. જ્યારે તે સોસાયટીના બીજા બનાવમાં કનુભાઈ જેસંગભાઈ માળીના મકાનમાંથી રોકડ રૂા. ૬૫૦૦૦/- અને સોના- ચાંદીના દાગીનાની ચોરી કરીને અજાણ્યા ચોર ઈસમો ફરાર થઈ ગયા હતા.

અનુસંધાન પાના નં.૬

સૂર્યોદય - ૫.૫૮ સૂર્યાસ્ત - ૭.૧૬

## તિથિદર્શન

જેઠ સુદ-૭ સોમવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ જેઠ સુદ :સાતમ સોમવાર નક્ષત્ર :આશ્લેષા રાત્રે ૯.૨૫ પછી મઘા યોગ :ધ્રુવ કરણ: ગર આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ.હ.) રાત્રે ૯.૨૫ પછી સિંહ (મ.ટ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જ્યોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

### ઉદીરતો અર્થ પશુનાપિ ગુહ્યાતે,
### હયાશ્વ નાગાશ્વ વહન્તિ યોદિતાઃ
### અનુત્કમપ્યૂહતિ પંડિતો જાનઃ
### પરેંઅંગિતફલા હિ બુધ્ધયઃ

આ શ્લોક સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ- 'સામાન્ય નીતિ'માંથી છે અક્કલમંદને તો ઈશારો કાફીની એક કહેતી છે પણ આ શ્લોકમાં તેની પણ આગળની વાત કરે છે. 'સ્પષ્ટ રીતે કહેવામાં આવેલો અર્થ તો પશુથી પણ ગ્રહણ કરાય છે. અને ઘોડા- હાથી વગેરે પાલતું પ્રાણી ચાલાકના ઈશારા મુજબ હાંકનારના ઈચ્છિત સ્થળે લઈ જાય છે અને માત્ર ચાલાકના થોડા સંકેતની જ જરૂર પડે છે પરંતુ બુદ્ધિશાળી માણસ તો કોઈની આજ્ઞા સિવાય, પણ શબ્દાજ્ઞ સિવાય, માત્ર દ્રષ્ટિનો ભાવ માત્ર સમજીને તર્કથી જાણી લે છે ખરેખર, બુદ્ધિ-સમાનું ફળ એ છે કે તે બીજાની ઈચ્છા- વાત- ચેષ્ટા- ઈરાદાઓને માત્ર આંખ અને ચહેરાના ભાવથી જ સમજી લે. કેટલાક લોકો એવા અણસમજુ હોય કે હોવાનો દેખાવ કરે કે એમને ન કરવું હોય એવું કામ પાંચ- પાંચ વાર કહ્યા છતાં ન જ કરે- 'ભૂલી જવાયું' કરશું.' 'આજ ને આજ શું જરૂરી હતું?' વગેરે કારણ બતાવે. એમાં અસંસ્કાર, અનાદર અને આળસ પણ કારણભૂત હોય છે. અરે! પશુ-પંખી- કૂતરાં જેમને બુદ્ધિ- અક્કલ નથી(એવી આપણી ખોટી માન્યતા છે.) એવા પ્રાણીઓ પણ માલિકના એક નાના ઈશારા પરથી સમજી જાય છે. એવાં પ્રાણીઓ આંખના ભાવ પણ વાંચી શકે. સમજુ વ્યક્તિ આંખ- ચહેરો વાંચી સામેની વ્યક્તિની બધી વાત સમજી શકે છે, એમને કંઈ કહેવાની જરૂર જ ન રહે.

## પાલનપુરમાં રાહદારીઓને નિઃશુલ્ક છાશનું વિતરણ

પાલનપુર

પાલનપુર ખાતે કાર્યરત જાણીતી સેવાભાવી સંસ્થા એવી જીવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કાળઝાળ ગરમીમાં રાહ દારીઓને છાસનું વિતરણ કરાયું હતું. પાલનપુર શહેરના ગુરુનાનક ચોક ખાતે સેવાભાવી દાતાના સહયોગથી આસપાસ ગામડાઓમાંથી આવતા અને શહેરના લોકોને કાળઝાળ ગરમીમાં રાહત મળી રહે તેવા આશયથી છાસ વિતરણ કાર્યક્રમ હાથ ધરાયો હતો. આ સંસ્થા અવારનવાર વિવિધ સેવાકીય પ્રવૃતિઓ પણ કરે છે. આ પ્રસંગે ગ્રુપના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

અજાણ્યા આટલાંટિક મહાસાગરમાં ઝંપલાવનાર, અમેરિકા ખંડ શોધનાર વિશ્વના મહાન પ્રવાસી તથા શોધ સફરી ક્રેસ્ટોફર કોલંબસની પુણ્યતિથિ છે. એમનો જન્મ ઈ.સ. ૧૪૫૧માં બિસ્લનમાં થયો હતો. ૮૦ માણસોના કાફલા સાથે શાન્તા મેરિયા, સોટન અને પીન્ટ ૫૦ ટનમાં ત્રણ વહાણો, એક ટનના નાના વહાણ સાથે એમનો આ શોધપ્રવાસ એમણે શરૂ કરેલો. ઈ.સ. ૧૪૯૨માં યુરોપથી સફરે ઊપડેલા કોલંબસને મહિનાઓની સફર પછી ઓક્ટોબરની ૧૨મી તારીખે મધ્યરાત્રિ પછી જમીન દેખાઈ. વહેલી સવારે કોલંબસ અને તેના બે કપ્તાનો માર્ટિન અને વિસેન્ટીએ નવા શોધેલા ટાપુ- 'સાનસાલ્વાડોર' (પાછળથી વોટલિંગ ટાપુ) પર પગ મુકી ધ્વજ રોપ્યો અને એમના સાહસિક જીવનનાં મંડાણ મંડાયા પછી 'ક્યૂબા' શોધી કાઢ્યું. આ સફર પ્રવાસ પછી તે જ્યારે સ્પેન પાછો ફર્યો ત્યારે તેનું ભવ્ય સ્વાગત થયું.

આ મહાન સાહસવીરનું તા.૨૧/૫/૧૫૦૬ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

## આપનું અઠવાડિયું કેવું જશે ?

**મેષ**

સપ્તાહ દરમિયાન કાર્યબોજ વિશેષ રહે. જોખમી અને સાહસભર્યા કાર્યોમાં સાવધાની રાખવી. માનસિક ત્રાસ અનુભવાય. અગત્યના કાર્યમાં વિઘ્ન આવે. માનસિક સંયમ કેળવવા તેમજ લાગણી પર કાબુ રાખવો હિતાવહ. નાણાંકીય દ્રષ્ટિએ સાનુકૂળ સમય છે. હાથ ધરેલી કામગીરીમાં ઝડપથી સફળતા પ્રાપ્ત થાય. વિદ્યા-અભ્યાસને લગતા કાર્યમાં પણ સફળતા પ્રાપ્ત મળે. વ્યર્થ ક્રોધ ન થાય તેની તકેદારી રાખવી, નહિંતર અગત્યના સંબંધો તુટી જાય.

**વૃષભ**

આ સપ્તાહ દરમિયાન સ્થાન પરિવર્તનના યોગ છે. કૌટુંબિક મિલ્કતના પ્રશ્નોનો ઉકેલ આવે. અલબત્ત આરોગ્યની કાળજી રાખવી હિતાવહ છે. વ્યવહારિક બાબતોમાં જાગૃતિ કેળવવી જરૂરી છે. તેમજ અચાનક વ્યર્થ ખર્ચના ભોગ ન બની જવાય તે માટે સાવચેતી રાખવી. કોર્ટ-કચેરીને લગતા કાર્યમાં વિલંબ બાદ સફળતા પ્રાપ્ત કરી શકશો. તબિયત જાળવવી નહિંતર તકલીફમાં પડી જવાય.

**મિથુન**

આ સપ્તાહ દરમિયાન કોઈપણ નાની-મોટી ચિંતા કે જવાબદારી હશે તો તેમાંથી મૂક્તિ મેળવી શકશો. મનની બેચેની દૂર થાય. ભાગીદારી વર્ગ સાથે મતભેદ હોય તો તે દૂર કરી શકશો. આ ઉપરાંત નાણાંકીય બાબતો માટે આ સપ્તાહ મિશ્રફળદાયી ગણાવી શકાય. રોકાયેલા નાણાં પરત લેવા જતા પૂરે પૂરી સફળતા ન મળે. નોકરીયાત વર્ગને આ સપ્તાહ પ્રગતિકારક અને આશાકારક નીવડે, સ્વાસ્થય સારૂં રહે.

**કર્ક**

આ સપ્તાહ દરમિયાન જૂના મતભેદો નિવારી શકશો. અલબત કાર્યબોજમાં વધારો થાય પરંતુ તેનું પૂરે પૂરૂં વળતર પણ પ્રાપ્ત કરી શકશો. અગત્યના કામકાજોમાં સફળતા મળે. સંતાનો સાથે મતભેદની શક્યતા નકારી શકાતી નથી. કંઈક નવું આયોજન વિચાર્યું હોય તો તે પણ સફળતાપૂર્વક પાર પાડી શકશો. જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું.

**સિંહ**

આ સપ્તાહ દરમિયાન નવિન જવાબદારી અચાનક જ આવી પડે. આર્થિક બાબતને લગાત કાર્ય પૂર્ણ થાય. નવી આવકના યોગ છે. સમાજિક બાબતે કાર્યોમાં ગુંચવણ જોવા મળે. સ્વમાન ભંગ ન થાય તે માટે સાવધ રહેવું જરૂરી બને. પ્રવાસ-યાત્રા ટાળવો હિતાવહ. જો કે, આનંદ-પ્રમોદમાં વિશેષ પ્રવૃત રહેવાય અને નવિન ખરીદીઓ પણ થાય. નવા સંબંધો વિકસાવવામાં સાવધાની રાખવી જરૂરી બને. તબિયત સંભાળવી નહિંતર વાતાવરણને કારણે તકલીફ ઊભી થાય.

**કન્યા**

આ સપ્તાહ દરમિયાન જૂના મિત્રો, સગા-સંબંધીઓની મુલાકાત થાય. જે લાભદાયી રહે. વ્યર્થ ચિંતાને કારણે અકારણ ગુસ્સો રહ્યા કરે. જીવનસાથી કે સંતાનના આરોગ્ય અંગે સંભાળ રાખવી જરૂરી બને. આર્થિક સમસ્યા દૂર થાય. અણધાર્યો ધન લાભ થાય. અટકી પડેલા કાર્યો આ સપ્તાહમાં પૂર્ણ કરી શકશો. વાદ-વિવાદમાં ન ઉતરતા વાણી સંયમ જાળવવો હિતાવહ.

**તુલા**

આ સપ્તાહ દરમિયાન માનસિક તાણનો અનુભવ થાય. વ્યર્થ ઉત્પાત કરતા ધીરજ ધરી કાર્યો કરવા. કોઈપણ નિર્ણય ઉતાવળે ન લેવા. નાણાંકીય મુંઝવણનો ઉકેલ મળે. આવકવૃધ્ધિના તમારા પ્રયત્નોમાં જરૂરી સફળતા મળે. તેમ છતાં કૌટુંબિક ક્ષેત્રે ખર્ચનું પ્રમાણ વિશેષ રહે. પ્રતિકૂળતામાંથી માર્ગ કાઢી શકશો. આ સપ્તાહમાં કોઈ મોટી લે-વેંચ હોય તો તે સ્થગિત રાખવી.

**વૃશ્ચિક**

આ સપ્તાહ દરમિયાન એક નવિન અનુભવ અને ચંચળતા આપનાર નીવડે. ધાર્મિક કાર્યમાં પ્રવૃત્ત રહેવું. નવિન મિલન-મુલાકાત કે મુસાફરીથી હૃદય અત્યંત પ્રસન્નતાનો અનુભવ કરે. પારિવારીક સમસ્યાઓને વાટાઘાટો દ્વારા હલ લાવી શકાય. નાણાંનો દૂરવ્યય થતો અટકે. સાસરાપક્ષ કે મોશાળપક્ષ તરફથી નાનોએવો લાભ મળે. જીવનસાથી સાથે વાદ-વિવાદમાં ન ઉતરવો હિતાવહ. કોઈ ગેરસમજ ન સર્જાય તેની ખાસ સાવચેતી રાખવી. તબિયત સંભાળવી હિતાવહ.

**ધન**

આ સપ્તાહમાં તમારા મનના મનોરથ ધીરે-ધીરે સફળ થતા જણાય. આ ઉપરાંત પ્રિયજનથી વિશેષ લગાવ રહે. તેના સાથે મનદુઃખ હોય તો દૂર થશે. અણધાર્યો લાભ મેળવી શકશો. કોર્ટ-કચેરી અને જમીનને લગતા કાર્યોમાં લાભ પરંતુ આરોગ્ય બાબતે સાવચેતી રાખવી જરૂરી બને. મનમાં ચિંતા હશે તે પણ દૂર થાય તેવું બને. વ્યવસાયના કાર્યમાં મહેનત વધારવી જરૂરી બને. શેર-સટ્ટા જેવા કાર્યથી દૂર રહેવું. તબિયત એકંદરે સારી રહે.

**મકર**

આ સપ્તાહ દરમિયાન કાર્યબોજ વિશેષ રહે જેથી વ્યસ્ત રહેવાય. નાણાંકીય આયોજનોને સફળતાથી પાર પાડી શકશો. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. અણધાર્યો પ્રવાસ કે મુસાફરી થાય. લાભની આશા ઠગારી નીવડે. અકારણ ક્રોધના ભોગ બનો. ગુપ્ત શત્રુવર્ગની પ્રબળતા છતાં પણ હિમ્મતથી વર્તાવથી નુકશાનીમાંથી બચી જવાય. મુંઝવણભર્યા પ્રશ્નોમાંથી માર્ગ મળે. રચનાત્મક પ્રવૃત્તિઓ વેગવંતી બને. મહત્વના નિર્ણયો કરી શકશો. તબિયત સંભાળવી.

**કુંભ**

આ સપ્તાહ દરમિયાન જમીન, મકાન, વાહન, વ્યવસાયને લગતા કાર્યો માટે સમય સાનુકૂળ રહે. એકંદરે આ સપ્તાહ દરમિયાન રોકાયેલા નાણાં છૂટા થાય. મુંઝવણમાંથી માર્ગ કાઢી શકશો. જૂના સ્નેહિવર્ગ દ્વારા પણ લાભ પ્રાપ્ત કરી શકશો પરંતુ વાણીસંયમ જાળવવો અનિવાર્ય બની જાય. જીવનસાથીને મનદુઃખ રહે. સંતાન વર્ગ દ્વારા શુભ સમાચાર મળે. મહત્વની વ્યક્તિ માટે મિલન-મુલાકાતમાં સફળતા મળે. વેપાર-ધંધામાં પ્રગતિ થાય.

**મીન**

આ સપ્તાહ દરમિયાન નવિન યોજનાઓ કે અગત્યના કાર્યમાં મંદગતિએ સફળતા મેળવી શકશો. શત્રુ પક્ષથી ખાસ સાવચેતી રાખવી. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં નાણાંનો વ્યય થાય તેવા સંજોગો છે. પરોપકારીના કાર્યમાં પણ સાવધાની જરૂરી છે. પારિવારીક જીવનનું વાતાવરણ ઉત્સાહપૂર્વક રહે. જીવનસાથી સાથે મનદુઃખ કે મતભેદ હોય તો નિવારણ થાય. મોજ-શોખ તરફ આ સપ્તાહ દરમિયાન વિશેષ લગાવ રહે. ગેર સમજના ભોગ ન બનો તેની સાવચેતી રાખવી જરૂરી બને. એકંદરે આ સપ્તાહ મધ્યમફળ આપનારું રહે.

- કનકચંદ્ર સી. વ્યાસ

# અન્યાયનો પ્રતિકાર

**મનદર્પણ**
-મંજુ પ્રજાપતિ

જુઓ બા તમે અશ્વિનને શાંતિથી પુછો અકડાશો તો એ સાચો જવાબ કયારેય નહીં આપે. તમારી અને બાપુજીની હાજરીથી પણ એ ડરે છે તો સામે જવાબ આપવાની તો વાત જ કયાં રહી ? અને વળી એમાં તમે આટલાં ગુસ્સે થઈને કહો એટલે એ તો મોંઢામાંથી મગનું નામ મરી નહીં પાડે..

કેમ તું મારા છોકરાને બાયલો કહેવા માંગે છે ?

બા મેં એવું કયારે કહ્યું ?

તો મારા દિકરા કે મારી સાથે બોલતો કરીને તારે શું પુરવાર કરવું છે?

બા તમારા દિકરાના જવાબ પર મારી જીંદગીનો આધાર છે. મારા ચારિત્ર પરનો ડાઘ એના જવાબ પર નિર્ભર છે. તારા ચારિત્ર્યને તારા કુકર્મે જ ડાઘ લાગ્યો છે. બાપના ઘેર સખણી રહી નથી અને મારા દિકરાનો ભવ બગાડયો.

બા, પ્લીઝ એવું તમે ના બોલો, અશ્વિન તમે બાને રોકો, તમે સાચી હકીકત જાણો છો પછી મુંગા કેમ ઉભા છો ? બોલોને અશ્વિન ?

રાધી તું એની સાથે નહીં મારી સાથે વાત કર.. હવે માત્ર હું નિર્ણય આપીશ અને એમ જ થશે..

તમારો નિર્ણય હું જાણું છું બા..!

તો પછી પકડ હાથમાં તારા બાપનો આપેલો ગવારો.. અને નીકળ અહીંથી..

બા વગર વાંકે મને ગુનેગારની કસ્ટડીમાં ઉભી રાખી સજા ફટકારી દીધી. તમે સ્ત્રી થઈને મારી વેદનાને સમજવા તૈયાર નથી. હું કયાં જઈશ ? મારી જગ્યાએ તમારી દીકરી હોય તો ?તમે શું કરશો ?

ખબરદાર જો મારી દિકરીનું નામ લીધું છે તો ? તારા જેવી કુલક્ષણી મારી દિકરી ન હોય સમજી ?

ગાળો અપશબ્દોનો વરસાદ વરસાવી સાસુમા એમના રૂમમાં ચાલ્યા ગયા. સધી અશ્વિનસામે જોઈ રહી છે આંખોમાંથી ધડધડ આંસુડાની ધારાઓ વહી રહી છે. પણ સધીની નજરનો સામનો કરવાની હિંમત અશ્વિનમાં નથી. નીચું મોં રાખીને લાચારી દર્શાવતો પોતાના રૂમમાં ચાલ્યો ગયો. રાધી રસોડામાં જઈ નિત્યક્રમમાં લાગી જાય છે. અંકિતના જન્મ પછી ઘરની કાયાપલટ થઈ ગઈ હતી. જ્યાં એનો પડયો બોલ ઝીલાતો હતો પાણી માંગે તો દુધ હાજર થતું હતું એ ઘરમાં આજે અપમાનજનક શબ્દો ગાળો સાંભળવા મળે છે.. ઘરનાં બધાં કામો એનાં માથે નાખી દીધા છે. પોતાના બાળકને પેટ ભરીને સ્તનપાન કરાવવાનો પણ તેને ટાઈમ નથી મળતો. બિચારો પારણામાં રડતો રડતો થાકીને સુઈ જાય છે. કોઈ પારણાની દોરી પકડી હાલરડું ગાઈ હીંચકો પણ નથી નાખતું. થોડા મહીના પહેલાં ઘરમાં દિકરી અવતરે એની બધાં કાગડોળે રાહ જોતા હતા. દિકરો અવતર્યો પણ ખરો , છતં આજે એ દિકરાને છાનો રાખવાની પણ કોઈ દરકારલેતું નથી. શું થઈ ગયુ? સધી વિચાર કરે છે.

કોની ભુલ ? મારા સપનાંનો મહેલ આજે ભડકે બળે છે એમાં મારી કેટલી ભુલ ? જે કાર્યમાં અમે બંને સહભાગી હોઈએ તો સજાને માંચડે હું એકલી જ શા માટે ? સાત સાત જનમો સુધી સંગે જીવવા મરવાની કસમો ખાનાર અશ્વિન આજે એક ભવમાં જ સત્યના પંથ પર પણ મને સાથ નથી આપતા ? કેમ કેવો પ્રેમ છે એમનો ? આવો પતિ હોય તો ય શું ને ના હોય તો શું ? એક મર્દ તરીકે પોતાની પત્નીને બચાવી નથી શકતો. જબરજસ્તી આ ઘરમાં રહીને હું શું મેળવી લઈશ ? જ્યાં મારૂં કોઈ નથી ત્યાં રહીને હું શું કરીશ ? એમની મરજી વિરૂદ્ધ અહીં રહીને હું શું પુરવાર કરી લઈશ ? મને આ કલંકમાંથી ઉગારના અશ્વિન જો મોંઢું નહીં ખોલે તો રોજ રોજની આ માથાકુટ, અપમા મારા મગજને ગાંડુ બનાવી દેશે. હુંમારા બાળકને કાંઈ નહી આપી શકું , એનો વિકાસ રૂંધાઈ જશે. બસ બહુ થયું નથી રહેવું હવે મારે અહીં..?

એણે એક ડગલું ભર્યું ત્યાં એના આભામાંથી અવાજ આવ્યો. પણ હુંઅહીંથી હવે કયાં જઈશ ? જીવન સરળ નથી. માથા પર બદચારિત્રનું કલંક છે. જે આજે ઘરની ચાર દિવાલની અંદર છે. કાલે આખી દુનિયા જાણશે શું કરીશ ? મમ્મીના ઘરે જઈશ પણ ત્યાં જઈને શું જવાબ આપીશ ? શું મમ્મીને કહી શકીશ કે પાકટ વયની તારી નાદાનીયતે મારા જીવનમાં તોફાન ખડું કરી દીધું છે .હું અબુધ હતી પણ તું તો સમાજથી ઘડાયેલી હતી. હુ સ્વતંત્ર સ્વભાવની હતી પણ સ્વચ્છંદી કયારેય નહોતી પછી મારાથી શું થઈ ગયું ? સાચા ખલટાનું મને ભાન ન રહે એટલી મારી ઉંમર નાની નહોતી. કાંઈ નહીં ઈશ્વરને જે મંજુર હશે તે પણ હવે અહીં તો નથી જ રહેવુ. આજે હાથ ઉપાડતાં વિચાર નથી કર્યો.. કાલે નહીં નહીં.. મારા દિકરાનું શું ?

સધી વિચારતંદ્રામાંથી બહારી આવી. રસોડાના કામને અધુરાં મુકી રૂમમાં ચાલી ગઈ. હાથમાં બેગ લીધી કપડાં ભર્યા.. અશ્વિન પલંગમાં સુતો છે. આંખો બંધ છેપણ ગાઢ નિંદ્રામાં નથી એ જાણે છે કે સધી બેગ ભરે છે મારી પાસેથી કાયમ માટે જઈ રહી છે. પણ એક શબ્દ બોલતો નથી. બેગ હાથમાં લીધી ને વિચાર આવ્યો.. જાઉં છું પણ મારા દિકરાના અધિકારનું શું ? એના ભવિષ્યનું શું ? સુખી કુટુંબમાં જન્મ લઈ દર દરની ઠોકરો એ શું કામ ખાય ? એનો અધિકાર તો એને મળવો જ જોઈએ.. બસ મનોમન નિર્ણય કરી લીધો. મક્કમતાથી તિજોરી ખોલી અને અંદરથી જવેલરી બોકસ બહાર કાઢયું. સધીનો બેડરૂમ ઘરની બરાબર મધ્યમાં હતો. બીજા બધાં રૂમ કરતાં વધારે સુરક્ષીત હતો એટલે સાસુજીની જવેલરી પણ એના રૂમના કબાટમાં રહેતી. સધીએ પોતાના દાગીનાની સાથે સાસુના દાગીના પણ બેગમાં ભર્યા અને કબાટને બંધ કર્યું. બેગ લઈ દરવાજા તરફ ગઈ. તેને પગ ભારે થઈ ગયા. તેણેપાછું વળીને જોયું તો અશ્વિન તેની સામે જોઈ રહ્યો હતો. એની આંખોમાં, મુખ પર અપરાધ ભાવ હતો. પસ્તાવો અને લાચારી સાફ દેખાતી હતી. સધીની આંખો ઉભરાઈ ગઈ. તેણે જતાં જતાં કહ્યું..

અશ્વિન મારી પાસે માફીની આશા હવે નહીં રાખતા. આ જનમમાં તો શું આવતા સાવ જનમમાં પણ હું તનેકયારેય માફ નહીં કરૂં અને કલંકિત જીવન હું જીવી નહીં શકું.. તારી સાથેનોનાતો આજે તોડીને જઈ રહી છું પણ મારા દિકરાનો આ ઘર સાથેનો મજબુત નાતો જોડતી જાઉં છુ.લડવાની તૈયારી રાખજે, આપણે હવે કોર્ટમાં જ મળીશું. તારા જ ઘરના રૂપિયાથી લડીશ અને ન્યાય મેળવીને જ રહીશ..તે ન કબુલ્યું એ કાલે દુનિયા સામે પોકારી પોકારીને કહીશ. દાગીના લઈને જાઉં છું ચોરી નથી કરી. ચોરી નથી કરી હક મેળવવા હક્કથી લઈને જાઉં છું.

બસ.. રાધી ગઈ એના પિયરમાં.. મમ્મી પપ્પાને વાત કરી. પપ્પાને આઘાત લાગ્યો.. કારણ કે આ બાબતે તેઓ સાવ અજાણ હતાં. મમ્મીને ઘણો ઠપકો આપ્યો. પણ હવે શું ? બીજા દિવસે શહેરના સારામાં સારા કાબેલ વકીલને બોલાવવામાં આવ્યા. અને શરૂ થયો રાધીના જીવનનો એક નવો વળાંક..!

વકીલ સાહેબ.. મારી કહાની માત્ર ચાર જ વાકયોમાં શરૂથઈ છે અંત તમારે અપાવવાનો છે. મારા લગ્નને દોઢેક મહીનાની વાર હતી અને અશ્વિન મને દસ દિવસ આબુ ફરવા લઈ જવા માટે આવ્યા. મારી મમ્મી થોડીક મોર્ડન યુગને અનુરૂપ ફ્રી માઈન્ડની છે. એટલે એણે મને કુંવારા દસ દિવસ અશ્વિન સાથે જવાની અનુમતી આપી દીધી. એને અશ્વિન પર વિશ્વાસ મુકયો કે સમજદાર ભણેલો છોકરો છે. અણસમજુ પગલું નહીં ભરે મારા સાસરીયામાં કોઈને પણ જાણ નહીં કરવાની એવું મમ્મીને અશ્વિને સ્પષ્ટ જણાવી દીધું કારણ કે મારા સાસુ સસરા આ બાબતે કયારેય મંજુરી નહીં આપે અને એમની અનુમતી માંગવાની અશ્વિનમાં હિંમત પણ ન હતી. અમે આબુ ગયા, મહીના પછી મારા લગ્ન થયા. ત્યારે મારા પેટમાં એક માસનો ગર્ભ રહી ચુકયો હતો. મેં અશ્વિનને જણાવ્યું પણ એણે ઘરમાં જણાવવાની મને સાફ ના પાડી દીધી. કોઈને કંઈ ખબર ના પડી પરંતુ જ્યારે આઠમા મહીને મારા અંકીતનો જન્મ થયો ત્યારે રહસ્યનું પાંદડું હટી ગયું. લગ્નને આઠ મહીના જ થયા હતા. અધુરા મહીને બાળકનો જન્મ થતાં બધા ખુબ ટેન્શનમાં હતા. પણ ડૉકટરે કહ્યું કે કોઈ ટેન્શન ના લો બાળક તંદુરસ્ત છે પુરા મહીને જન્મેલ છે, પુરા નવ માસનું બાળક છે. ત્યારે બધા ખુબ હેબતાઈ ગયેલા. લગ્નને આઠ મહીના અને બાળક નવ મહીનાનું કેમ ? બસ એ પ્રશ્ને મને આજે તમારી સામે ઉભી કરી દીધી. વકીલ સાહેબ હું અન્યાય સામે લડવા માગું છું.

નિરાધાર, નિઃસહાય કે બિચારી નહીં પણ સ્વમાની બનવા માગું છું. હું મારા અપમાનનો બદલો લેવા માંગું છું. વકીલ રાધીના સામે જોઈ રહ્યો. એની હિંમત જોઈ રાધી પર મને ગર્વ થયો. વકીલાતનુ ભણતાં ભણતાં રાધી પોતાનો કેસ જાતે જ હેન્ડલ કરવા લાગી. મુંબઈની મોટામાં મોટી હોસ્પિટલમાં અંકિતનો ડીએનએ ટેસ્ટ કરાવ્યો. પછી ખુબ પસ્તાયા... માફી માંગી પણ રાધી ડગી નહીં તે કમજોર ન હતી. એકવાર જયાં હડહડતું અપમાન થયું ત્યાં ફરી પગ મુકવા તૈયાર ન હતી. છેવટે પોતાના દિકરાના હકની મિલકત લીધી અને અશ્વિન સાથેના સંબંધના છેડા ફાડી નાખ્યા, થોડોક રંજ થયો દુખ થયું,અસહ્ય પીડા થઈ પણ દીકરાની સામે જોઈ મન મનાવ્યું.. નિશ્ચય કર્યો મારા દિકરાને નપાલો, બાયલો નહીં પણ સત્ય સામે ઝઝુમનાર શક્તિશાળી બનાવીશ..

મમ્મીના ઘેરથી હવે એણે નીકળવાનું હતું. પોતાની અલગ દુનિયા બનાવવાની હતી. બહારની દુનિયા સામે એકલા હાથે લડવાની તૈયારી સાથે મન મક્કમ કરી તે પોતાનો સામાન લઈ બહાર નીકળી માતા પિતાએ એને રોકવાનોપ્રયત્ન કર્યો પણ તે સ્વતંત્ર રહેવા માગતી હતી. કોઈના પર આધારીતી બોજારૂપ નહીં તે ઘરના પગથીયે આવી ત્યાં આંગણામાં એક ગાડી આવી ઉભી રહી. ગાડીમાંથી વકીલના પોશાકમાં એક સજ્જન વ્યક્તિ બહાર આવી અને હાથ લાંબો કરી બોલી, એડવોકેટ મીસ રાધીહું એડવો-કેટ મિ. અનિરૂદ્ધ શાહ, તમારા દિકરાને મારૂં નામ આપવા માગું છું.. શું આપ મને જીવનસાથી તરીકે અપનાવવા તૈયાર છો ? મોટા મોટા વચનો તો નથી આપતો પણ હા એટલું જરૂર કે આ અનિરૂદ્ધ તમને જીવનની રાહમાં કયારેય એકલો નહીં મુકે. રાધી પોતાના વકીલની સામે જોઈ રહી. કેસની શરૂઆતથી અંત સુધી સાથ આપનાર પોતાને વકીલાતની ડીગ્રી અપાવનાર, સાચા માર્ગદર્શક બની રહેનાર એ દેવદુતને જોઈ એની આંખો આંસુથી છલકાઈ ગઈ. તેણે મમ્મી પપ્પાની સામે જોયું પછી પોતાના દિકરાની સામે જોયું.. કાંઈપણ જવાબ આપ્યા વિના નીચું મોં કરી તે રડવા લાગી. અનિરૂદ્ધ એના જવાબને પામી ગયો, દીકરાને તેડી લીધો અને રાધીનો હાથ પકડી ગાડીમાં બેસાડી મમ્મી પપ્પાના આશીર્વાદ લઈ તેણે ગાડીને મંદિર તરફ મારી મુકી.

- મંજુ પ્રજાપતિ

## સેવાનું ફળ

એકવાર ભગવાન શ્રી કૃષ્ણ બેઠા બેઠા શેરડી ખાતા હતા. ત્યારે તેમની ઉપાસે તેમની અષ્ટ પટરાણીઓ પણ બિરાજી રહી હતી તે ઉપરાંત દ્રૌપદીજી પણ ત્યાં હાજર હતા. સૌ વાતોમાં મગ્ન હતા અને આનંદનું વાતાવરણ સર્જાયું હતું.

તેમાં અચાનક જ ભગવાન શ્રી કૃષ્ણના હાથમાં શેરડી છોલતા ચીરો પડી ગયો અને આંગળીમાંથી લોહી નિકળવા લાગ્યું. એકાએક બનાવ બનતા અષ્ટ પટરાણીઓ ગભરાયા અને ભગવાન શ્રી કૃષ્ણના હાથમાં પાટો બાંધવા માટે લીરો શોધવા દોડા દોડી કરવા લાગ્યા.

ત્યાં બેઠેલા દ્રૌપદીજીએ પણ ભગવાનના હાથમાંથી લોહી વહેતા જોયું તેથી તેમને પણ પારાવાર દુઃખ થયું પછી એક પળની પણ ચિંતા કર્યા વગર તેમણે પોતાની નવી નકોરી સાડીના છેડેથી એક લીરો ફાડી અને તેનો પાટો બનાવી અને ભગવાન શ્રી કૃષ્ણને તુરંત જ બાંધી દીધો.

જ્યારે પટરાણીઓ પાટા લઈને આવી ત્યારે ભગવાન શ્રી કૃષ્ણના હાથમાં પાટો બંધાયેલો જોઈ અને તેઓ આશ્ચર્યમાં પડી ગઈ. પછી સર્વે વિગત જાણી અને સૌને થયું કે, અમે અમારા પત્ની વ્રત ધર્મ બજાવવામાં નિષ્ફળ રહ્યા.

હવે ભગવાન શ્રી કૃષ્ણની દ્રૌપદીજીએ કરેલી આ સેવાનો બદલો ભગવાને સતત તેનું રક્ષણ કરી અને વાળ્યો. ભગવાન શ્રી કૃષ્ણે દ્રૌપદીના ચીર હરણ થયા ત્યારે તેની લાજ રાખી એટલું જ નહીં. જ્યારે દુર્વાસામુનીને કૌરવોએ કપટથી પાંડવોને ત્યાં ભોજન માટે મોકલ્યા ત્યારે પણ ભગવાને દ્રૌપદીજીની લાજ રાખી. જ્યારે જ્યારે વિપત્તિ પડી ત્યારે આખરે દ્રૌપદીજીએ ભગવાન શ્રી કૃષ્ણને ખરા અંતઃકરણ પૂર્વક યાદ કરતા અને ભગવાન શ્રી કૃષ્ણ પણ તુરંત જ હાજર થઈ જતા અને પોતાની લીલા વડે પળવારમાં તેઓ પાંડવોના દુઃખને દૂર કરી દેતાં.

ભગવાન શ્રી કૃષ્ણની સેવાનું ઉત્તમ ફળ દ્રૌપદીજી પ્રાપ્ત કર્યું. ભગવાન ખરેખર ભાવનાના ભૂખ્યા છે તે આ પ્રસંગ પરથી જગતને બતાવ્યું છે એટલું જ નહીં નાની એવી પાટો બાંધવાની સેવાથી પ્રસન્ન થયેલા પ્રભુ દ્રૌપદીજીની સેવાને ક્યારે ભૂલ્યા નથી.

ભગવાન શ્રી કૃષ્ણએ. જે ફરજો બજાવી છે તેને આજે પણ ભૂલી શકાય તેમ નથી. તેઓ વિદ્યાર્થીકાળમાં પોતાને ગુરૂને ત્યાં ભણતા હતા. સાંદિપની ઋષિ ભગવાન શ્રી કૃષ્ણને ભણાવતા. ખૂબ જ સંતોષી એવા આ ઋષિને ત્યાં ભણતર પુરૂ કર્યા પછી ભગવાન શ્રી કૃષ્ણ ગુરૂદેવને કહે છે, ''ગુરૂદક્ષિણા આપ્યા વિના વિદ્યા ફળે નહીં માટે હે ગુરૂદેવ, તમે કહો તે ગુરૂદક્ષિણામાં આપવા તૈયાર છું.'' પરંતુ ગુરૂદેવ કંઈ લેવા તૈયાર નથી. ખૂબ રકઝક થઈ પણ અંતે સાંદિપની ઋષિએ કશું જ ન લેવા કહ્યું. ત્યારે શ્રી કૃષ્ણ ગુરૂપત્ની પાસે જઈ કહે છે, ''હે ગુરૂમાતા, ગુરૂજી તો ગુરૂદક્ષિણામાં કશું જ લેવા તૈયાર નથી. પરંતુ તમે કંઈક માંગો તમે જે દક્ષિણામાં માંગશો તે આપવા હું તૈયાર છું.''

ત્યારે ગુરૂમાતા કહે છે, ''બેટા, અમે તો સંતોષથી જીવનારા બ્રાહ્મણ છીએ. આમ છતાં પણ તમે કંઈક આપવા જ માંગતા હોવ અને આપી શકવાને શક્તિમાન હો તો હું કુટુંબ સહિત તિર્થક્ષેત્ર સેવા પ્રભાસમા ગઈ હતી. ત્યાં સાગરમાં મારો પુત્ર ડૂબી ગયો છે તે જો પાછો લાવી આપો તો મારા અંતઃકરણને સંતોષ થશે.''

તયારે ગુરૂદક્ષિણા ચૂકવવા મક્કમ બનેલા ભગવાન શ્રી કૃષ્ણ ગુરૂમાતાએ કહેલી સેવાનું ફળ આપવા યમરાજ પાસે જઈ અને તેમના પુત્રને લઈ અને પાછા આવી પોતાના ગુરૂ અને ગુરૂમાતાને તેમનો પુત્ર સોંપી અને ગુરૂદક્ષિણા ચૂકવે છે.

આમ, ભગવાન શ્રી કૃષ્ણ પોતાની સેવાનું ફળ આપવા હંમેશા તત્પર રહ્યાં છે. જગતને આનંદ આપનારા ભગવાન શ્રી કૃષ્ણની સેવા કરવા મળે તે પણ આપણા માટે સૌભાગ્યની વાત ગણાય.

આજનું ભજન

વારી વારી શ્રી ગીરધરલાલ તમારા લટકાને
હું વારી સુંદર શ્યામ તમારા લટકાને.
લટકે ગીરી ગોવર્ધન તોલ્યો લટકે પર્વત વારી રે,
લટકું જઈ જમુનામાં કીધું, વ્હાલે લટકે નાથ્યોકાલી.
લટકે વનમાં ધેનું ચરાવી, લટકે વાર્યો વાસ રે,
લટકે દાવાનળને પીધો વ્હાલે લટકે માર્યો કંસ.
લટકે નરસિંહ રૂપ ધરીને, સ્થંભમાં લીધો વાસ રે,
હાથે હરિએ હિરણ્યાકંશ્યને માર્યો, ઉગાર્યો પ્રહલાદ.
લટકે વામન રૂપ ધરીને, ગયા છે બલીને દ્વાર રે,
ત્રણ ડગલામાં પ્રથ્વી લીધી, બલીને ચાંપ્યો પાતાલ.
લટકે રઘુવીર રૂપ ધરીને, તાતની આજ્ઞા પાળી રે,
લટકે રાવણ રણમાં રોપ્યો, વ્હાલે લટકે સીતા વારી.
કનકચંદ્ર સી.વ્યાસ

સંકલન-શ્રીમતી રમણતારા કે.વ્યાસ

## દાંતા ગામમાં ગંદકીના ઢગલાથી પ્રજા ત્રસ્ત



પ્રતિનિધિ દાંતા

દાંતા ગામ પંચાયતનો વહીવટ છેલ્લા ઘણા સમયથી કથળી રહ્યો તેમ જોવા મળી રહયૂ છે. દાંતા ગામમાં હડાદ રોડ પર આવેલ શાળા નંબર બે આગળ અને આંગણવાડી કેન્દ્ર આગળ ગંદકીના ઢગલા જોવા મળી રહ્યા છે અને દાંતા ગામમાં ઠેર ઠેર પણ ગંદકીથી લોકો ત્રસ્ત થઈ રહ્યા છે આ બાબતે દાંતા પંચાયત સભ્યો દ્વારા વારંવાર દાંતા ગ્રામ પંચાયતમાં અને તાલુકા પંચાયતમાં આ ગંદકીનો નીકાલ લાવવા રજૂઆત કરવા મા આવેલ છે પરંતુ આ બાબતે તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહયા છે તેવુ લાગી રહ્યું છે. આ ગંદકીથી મચ્છરોના ત્રાસથી આજૂ બાજુના લોકો વસવાટ કરે છે તે અસહ્ય ગરમીમાં પણ ઘરની બહાર નીકળી બેસી શકતા પણ નથી કે રાત્રીના સુમારે બહાર સૂઈ પણ શકતા નથી તો દાંતા ગામની પ્રજાની ઊગ્ર માંગ છે કે તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી આ ગંદકી દૂર કરવામાં આવે નહી તો આ ગંદકીથી ગંભીર રોગો પણ ઉત્પન્ન થાય તેવી શક્યતા છે આ અંગે દાંતા ગ્રામ પંચાયત સંરપચ અને તાલુકા વિકાસ અધિકારીશ્રી આંખ પરથી ચશ્મા ઊતારી જનતા સામે દેખે તેવી દાંતા ગામની પ્રજાની ઊગ્ર માંગ છે.

## તા.પં.ના પૂર્વ ડેલિગેટનું દુઃખદ અવસાન



વડગામ તાલુકા ભાજપના અગ્રણી અને પૂર્વ તાલુકા પંચાયત ડેલિગેટ મહેન્દ્ર કુમાર ચુનીલાલ રાવલનું ગતરોજ રવિવારે દુઃખદ અવસાન થતાં ટીબાં ચુડી ગામ અને વડગામ તાલુકામાં ઘેરો શોક છવાયો છે સ્વર્ગસ્થ મહેન્દ્રકુમાર રાવલે તાલુકા ભાજપના સંગઠન કાર્યમાં નિષ્ઠાથી કાર્ય કર્યુ હતું, ભાજપના તાલુકા ડેલિગેટ તરી-કે તેઓએ ટીંબાચુડી, માલોસણા, નરાસળ, શેરપુરા (મ), મગરવાડા વગેરે વિસ્તારના વિકાસ કાર્યોમાં અગ્રેસર ભૂમિકા અદા કરી હતી. સ્વર્ગસ્થની અંતિમ યાત્રામાં ટીંબાચુડી ગ્રામજનો તાલુકાના અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

# કાંકરેજ તાલુકાના સમણવાથી બુકોલી તેમજ ઉચરપી - બુકોલી ડામર રોડ બનાવવા ઉગ્રમાંગ


(વિજય શીલ્વા)

(પ્રતિ.) શિહોરી

કાંકરેજ તાલુકાના બુકોલી જવામાટે ખીમણાં કાચો માર્ગ હોઈ તેમજ ઉચારપી થી બુકોલી જવામાટે કાચો માર્ગ હોઈ આ રસ્તો પાકો બનાવવા બુકોલી ગ્રામજનો ની માગ ઉઠવા પામી છે. આશરે વિસ વર્ષ પહેલા સમણવા થી બુકોલી પાકા રોડનું સર્વે થઈ ગયું છે પણ આ રોડ આજ દિવસ સુધી પાકો થયો નથી અને કોઈ પણ જાતનું માટી કામ કે રોડ બનાવવા ની કોઈ કાર્ય વહી વિસ વિસ વર્ષે વીતવા આવ્યા સતા થયું નથી અને અચંબામાં પડે તેવી ચોં-કાવનારી વિગત એવી છે કે, આ રસ્તાને સર્વે કર્યા પછી ખેડૂતોની જમીન પણ કપાઈ ગઈ છે એટલે કે પાકા રોડ માટે ખેડૂતોની જમીનનું સંપાદન થઈ ગયું છે પણ રોડ બન્યો નથી, તો આ રોડ કોણ ખાઈ ગયું તપાસ થાય તો સમણવા બુકોલીના ગામ લોકોની માંગણી છે કે આ કાચા રસ્તા પાર પાકો રોડ બનાવે.

બુકોલીના આગ્રણી અને કોંગ્રેસ સમિતિ કાંકરેજ તાલુકાના પ્રમુખ દિનેશભાઇ ઠક્કરે જણાવ્યું કે બુકોલીથી સમણવા જવા આવવા માટે આ શોર્ટ રસ્તો છે અને લોકોનો ઘસારો પણ વધુ રહેશે. શિહોરી દીઓદર જવા માટે સીધું પડે છે અને વીશ વર્ષ અગાઉ આ રસ્તાનું સર્વે થઈ ગયું છે અને ખેડૂતોની જમીન પણ પાકા રોડ માટે સંપાદન થઈ ગઈ છે પરંતુ પાકો રોડ બન્યો નથી તો સરકાર તપાસ કરી આ રોડ જલ્દી બનાવે તેવી લોકોની ઉગ્રમાંગ છે.

# ગઢ ખાતે નાગણેશ્વરી માતાજીનો પાટોત્સવ ઉજવાયો

(પ્રતિ.) ગઢ

પાલનપુર તાલુકાના ગઢ ખાતે બિરાજમાન રાઠોડ પરિવારનાં કુળદેવી નાગણેશ્વરી માતાજીના મંદિરના તૃત્રીય વાર્ષિક પાટોત્સવની શનિવારે ધામધૂમપૂર્વક ઉજવણી કરાઈ હતી.આ પ્રસંગે માતાજીના મંદિરે યજ્ઞ તેમજ ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે ભાવિકોએ મોટી સંખ્યામાં દર્શન તેમજ ભોજનપ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.ગઢથી ચડોતર જતા હાઈવે ઉપર ગઢના રાઠોડ પરિવારે ત્રણ વર્ષ પહેલાં રાજસ્થાનથી જલતી જ્યોત લાવી સુંદર મંદિરનું નિર્માણ કરી માતાજીની સ્થાપના કર્યા બાદ દર મહિનાની સાતમે મોટી સંખ્યામાં લોકો આ મંદિરે દર્શન કરવાં આવે છે.આ મંદિરના પાટોત્સવ નિમિત્તે પાલનપુરના ધારાસભ્ય મહેશભાઈ પટેલ,જિલ્લા યુવા ભાજપના ઉપપ્રમુખ રમેશભાઈ પટેલ, જિલ્લા પંચાયતના સદસ્ય રવિભાઈ ગઢવી,ગઢ ગામના સરપંચ વસંતભાઈ રાઠોડ સહિત અગ્રણીઓ ઉપસ્થિતિ રહ્યા હતા.આ પ્રસંગે ધારાસભ્ય મહેશભાઈ પટેલે મંદિરમાં પેવર બ્લોક માટે ત્રણ લાખની ગ્રાંટ આપવાની જાહેરાત કરી હતી. આ પ્રસંગે યોજાયેલી શોભાયાત્રાએ ભારે આકર્ષણ જમાવ્યું હતું.

# વાવ તાલુકાના મોરીખા નજીક એલસીબીએ વિદેશી દારૂ ઝડપ્યો


(વિષ્ણુ પરમાર)

(તા.પ્રતિ.) વાવ

જિલ્લા પોલીસ અધિક્ષક નીરજકુમાર બડગુજરે જિલ્લામાં દારૂ જુગારની પ્રવુતિ નેસ્ત નાબૂદ થાય તે અંગે કડક અમલવારી કરવા સૂચના કરતા જે એચ સિંધવ, પોલીસ ઈન્સ્પેકટર, એલ.સી.બી તથા પ્રો.પો.સ.ઈ. એમ.આર. મોહનિયા તથા ટીમના ભરતભાઈ પ્રકાશચંદ્ર, ધેગાજીની ટીમે વાવ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન બાતમી હકીકત આધારે મોરીખા ગામની સીમ રોડની નજીક ગૌચરમાં વાવ ભડવેલ રોડની બાજુમાં બાવળોની જાડીમાં અલ્ટો ગાડી નં.જી.જે.૦૨. AP.૭૩૬૧ મુકી ગાડીનો ચાલક નાશી જઈ ગાડી માં વિદેશી દારૂ પેટી નંગ-૧૩ બોટલ નંગ-૧૫૬ કિંમત રૂા. ૪૬,૮૦૦ નો તથા અલ્ટો ગાડી કિ. રૂા.૧,૦૦,૦૦૦ એમ કુલ મુદ્દામાલ કિ.રૂ.૧,૪૬,૮૦૦ મળી આવેલ હોઈ વાવ પો.સ્ટે. પ્રોહિબિશન એકટ હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે.

# ગુંદરી પોલીસ ચેકપોસ્ટ ઉપર પીકઅપ ડાલામાંથી રૂા.૪,૮૯,૬૦૦નો વિદેશી દારૂ ઝડપાયો



દિનેશ ત્રિવેદી

(પ્રતિ.) પાંથાવાડા

બનાસકાંઠા જીલ્લા પોલીસ અધિક્ષક નીરજકુમાર બડગુજર તથા ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક પી.એચ..ચૌધરી થરાદ વિભાગ થરાદ તથા સર્કલ પો.ઈન્સ. વાય.એમ. મિશ્રા થરાદનાઓએ દારૂના વેચાણ અને હેરાફેરીને સંપૂર્ણ રીતે નેસ્તનાબુદ કરવા સુચના આપેલ હોય અને પાડોશી રાજયમાંથી ધણા મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ગુજરાતમાં ધુસાડવામાં આવતો હોય તે સબંધે સઘન વાહન ચેકિંગ તેમજ નાકાબંધી કરવા સુચના આપેલ હોય જે સુચના અને માર્ગદર્શન મુજબ આજ રોજ તા.૨૦/૦૫/૨૦૧૮ રોજ પોલીસ સબ.ઈન્સ. એલ.પી. રાણા પાંથાવાડા પો.સ્ટે. નાઓને મળેલ બાતમી હકીકત આધારે પાંથાવાડા પો.સ્ટે.ના સેકન્ડ પો.સ.ઇ. જે.ટી. મહેશ્વરી તથા પો.સ્ટાફના અ.હેડ કો. ફૈજમહંમદ ઈનાયતખાન તથા અ.હેડકો. રામજીભાઇ મેઘરાજભાઇ તેમજ ગુંદરી પોલીસ ચેક પોસ્ટ ફરજ ઉપરના. એ.એસ.આઇ. સિકંન્દરખાન મોતીમીયાં તથા આ.પો.કો. દશરથભાઇ કલ્યાણભાઇ તથા અ.પો.કો. સુરેશભાઇ રામજીભાઇનાઓ પંચોના માણસો સાથે અનુસંધાન પાના નં.૬

# થરાદ શહેરમાં પાણીની જર્જરીત પાઈપલાઈનો બદલવાની તાતી જરૂરિયાત


(વિષ્ણુ દવે)

(પ્રતિ.) થરાદ

થરાદ નગરના ટેલિફોન એક્સચેંજ, વિષ્ણુ મંદિર, સર્વોદય સોસાયટી, ઉંચી ટાંકી જેવા વિવિધ વિસ્તારોમાં પીવાના પાણીની પાઈપલાઈન માંથી લિકેજ થતું મળી રહ્યુ છે. જેના કારણે પુષ્કળ પ્રમાણમાં પીવાના પાણીનો બગાડ થઇ રહ્યો છે. જોકે કેટલીક વખત નગરપાલિકાના ઓપરેટરોની બેદરકારીના કારણે પણ પાણી વેડફાતું હોવાનું જોવા મળી રહ્યું છે તો બીજી બાજુ નગર પાલિકાની નગરમાં બિછા વવામાં આવેલી પાઈપલાઈનો જૂની થવાના કારણે તેની આયુષ્ય મર્યાદા પૂર્ણ થવાના કારણે પાણીનું વહન સહન નહી કરી શકતા તેમાં ઠેર-ઠેર ભંગાણ જોવા મળી રહ્યું હોવાનું પણ ચર્ચાસ્પદ બન્યુ છે.

પરંતુ પાણીના અભાવે નષ્ટ થઇ શકતા માનવજીવનના

**સમસ્યા અને જળસંકટના એંધાણ વચ્ચે ઠેરઠેર પાણી લિકેજ થઈ રહ્યું છે**

અસ્તિત્વ માટે સૌથી મહત્વપુર્ણ બાબત એ છે પાણીનો બગાડ અટકાવવો જરૂરી છે. વૈજ્ઞાનિકો દ્વારા પૃથ્વી પર ભવિષ્યમાં જળસંકટના તોળાનારા ખતરાને લઈને પાણીનો વિવેકપૂર્વક ઉપયોગ કરવા માટેની સમયની માંગ ઉઠવા પામી છે.તો થરાદ નગરના ઉંચાણવાળા ભાગોમાં પીવાના પાણીની સમસ્યાના કારણે નગરજનોને પાણીના અભાવે હાલાકી ભોગવવી પડી રહી છે. આમ એક બાજુ નગરજનો પીવાના પાણી માટે વલખાં મારી રહ્યા છે બીજીબાજુ પાણીનો બગાડ થઈ રહ્યો છે. આથી હવે નગરપાલિકાની નવી બોડી દ્વારા આ બાબતે પ્રાથમિકતા આપવામાં આવે તેવી પ્રજાજનોની માંગ ઉઠવા પામી છે.

# પ્રદેશ યુવા ભાજપ પ્રમુખની ઉપસ્થિતીમાં થરા ખાતે બાઈક રેલી યોજાઈ


કિશોર પ્રજાપતિ

(પ્રતિ.) થરા

જળસંચય પાણી બચાવો અભિયાનના ભાગરૂપે યુવા મોરચા દ્વારા થરા ખાતે ભવ્ય બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રદેશ યુવા ભાજપ પ્રમુખ ડો.ઋત્વિક પટેલ, જિલ્લા યુવા ભાજપ પ્રમુખ હરેશ ચૌધરી, હિતેશભાઈ ચૌધરી આગેવાનીમાં એક હજાર જેટલા બાઈકો સાથે પાણી બચાવો સંદેશો આપવા ભવ્યરેલીનું આયોજન કરવામાં આવેલ કાંકરેજ ધારાસભ્ય કિર્તીસિંહ વાઘેલા, અણદાભાઈ પટેલ તેમજ જિલ્લા ભાજપ મહામંત્રી ભારતસિંહ ભટેસરીયાની આગેવાની હેઠળ થરા રત્નાકર શોપીંગથી શરૂ કરી સમગ્ર થરા શહેરમાં બાઈક રેલી ફેરવવામાં આવી હતી.

દિવસે દિવસે પાણીના તળ ઉંડા જઈ રહ્યા છે. ત્યારે પાણીનું મૂલ્ય સમજાવવાના ભાગ રૂપે કાંકરેજ તાલુકા યુવા ટીમ તેમજ થરા શહેર યુવા ટીમ દ્વારા ભવ્ય બાઈક રેલી યોજાઈ ગઈ આ કાર્યક્રમમાં ડીજેના તાલે સફેદ ટોપી, ટીશર્ટમાં ભવ્ય રેલીએ આકર્ષણ જમાવ્યું હતું.

આ પ્રસંગે યુવા મોરચાના પ્રમુખ ઝેણુભા વાઘેલા, મહામંત્રી રમેશભાઈ દવે થરા શહેર યુવા મોરચાના પ્રમુખ શક્તિસિંહ ઝાલા, હર્ષદભાઈ ઠક્કર દ્વારા ભવ્ય આયોજન કરવામાં આવેલ આ કાર્યક્રમમાં ભાજપ પ્રમુખ ડાયાભાઈ પીલીયાતર અચરતભાઈ ઠક્કર મહામંત્રી કિશોર પ્રજાપતિ ઈસુભા વાઘેલા, રાયમલ પટેલ ધર્મેન્દ્રસિંહ વાઘેલા, નિરંજનભાઈ ઠક્કર, ખાનુભા વાઘેલા, ફકુભાઈ સાંચોર જીગરભાઈ દેસાઈ, કપુરસિંહ દરબાર, ભરતસિંહ વાઘેલા, રામસિંહ રાજપુત, સાગર જાની, અર્જુનસિંહ વાઘેલા, તેજાજી ઠાકોર (થરા) અલ્કેશભાઈ જોષી, રમેશભાઈ પટેલ, સુરેશસિંહ વાઘેલા, જશુભાઈ રાવળ સહિત મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

# મીઠી - પાલડી ખાતે રામદેવ પ્રાયમરી સ્કૂલનું ઉદ્દ્ઘાટન કરાયું


નવીન દોશી

પ્રતિનિધિ મીઠી પાલડી

ગઈકાલ તા. ૨૦-૫-૨૦૧૮ ના રોજ મીઠી પાલડીમાં વિકાસ એજ્યુકેશન એન્ડ ચેરીટ-બલ ટ્રસ્ટ સંચાલિત શ્રી રામદેવ પ્રાયમરી સ્કુલનું ઉદ્દ્ઘાટન થવા પામ્યું. ઉપરોક્ત નવિન સ્કુલના ઉદ્દ્ઘાટન સમારોહમાં રાજકીય અગ્રણીઓ તેમજ સાધુ- સંતો તથા વાલીગણ તેમજ મોટી માત્રામાં ગામ લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ગુજરાત સરકારના પૂર્વ મંત્રી કેશાજી ચૌહાણ પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ પ્રાસંગિક પ્રવચન પણ આપ્યું હતું. તથા દિયોદર વિભાગના વર્તમાન ધારાસભ્ય શિવાભાઈ ભુરીયા, પ.પૂ.શ્રી રામચંદ્રજી મહારાજ ગાદીપતિ (ખેરાલુ), પ.પૂ.શ્રી દિન યાળજી મહારાજ (ગોસણ) વગેરે મહાનુ ભાવોના વરદ હસ્તે આ નવિન સ્કુલનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું હતું. સ્કુલ સંચાલન તરફથી વાઘેલા દિલીપસિંહ, તથા મોદી રમેશભાઈ શામળાજી તેમજ ઠાકોર ભવાન ભાઈએ પધારેલ મહાનુભાવોનું તેમજ રાજકીય અગ્રણીઓનું સાલ ઓઢાડી સ્વાગત સન્માન કર્યું હતું. તદ્ઉપરાંત આ પ્રસંગે મીઠી-પાલડી સરપંચ વતી રમેશભાઈ મોદી, પૂર્વ તાલુકા પ્રમુખ ઉત્તમસિંહ વાઘેલા જી.કે. વાઘેલા, પંચાયત (મામલતદાર) દિયોદર, તેમજ મોટી માત્રામાં મહેમાનો સહિત રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# કાંકરેજ મામલતદાર કચેરી દ્વારા સૂકા ઘાસનું ૧૧ ગૌશાળાને વિતરણ


(વિજય શીલ્વા)

(પ્રતિ.) શિહોરી

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકામાં આવેલ અગિયાર જેટલી ગૌશાળાને સરકાર દ્વારા અપાયેલા સૂકા ઘાસની ૧૪૮૪ ગાંસડીઓનું વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કાંકરેજ મામલ તદાર સજ્જનસિંહ ચૌહાણની રેખદેખ હેઠળ રેવન્યુ તલાટીઓ એસ.ટી.દવે, અનુપસિંહ સોલંકી અને બીજા અગિયાર જેટલા તલાટીઓ દ્વારા ગાંસડીઓ ભરેલ ગાડીઓ ગૌશાળાના સંચાલકોને પશુઓ માટે ઘાસચારાની જોગવાઇ સરકારએ કરતાં પશુઓને રાહત થવા પામી છે. જોકે ગૌશાળાના સંચાલકોના આંદોલનને લઈ સરકાર દ્વારા ખૂબ સારો નિર્ણય લેતા ધર્મ પ્રેમીઓમાં ખુશીના સમાચાર જોવા મળ્યા હતા. આમ કાંકરેજ તાલુકાના અગિયાર ગૌશાળામાં ચૌદસો ચોર્યાસી ગાંસડીઓનું સૂકા ઘાસનું વિતરણ કરાયું હતું.

# રાષ્ટ્રપતિ મેડલ મેળવનાર હોમગાર્ડના હેડ આર્મરની સબ ઈન્સપેક્ટર તરીકે બઢતી સાથે બદલી


(યશપાલસિંહ ટી.સોલંકી)

તા.પ્રતિ. થરા

રાજ્ય હોમગાર્ડની મુખ્ય કચેરી ખાતે હેડ આર્મરર તરીકે ફરજ બજાવતા મોઢેરાના વતની ઉદયસિંહ એસ. સોલંકીને ગૃહ વિભાગ દ્વારા તેમની ઉત્કૃષ્ઠ કામગીરીને ધ્યાને લઈ સબ ઈન્સપેક્ટર ઈન્સ્ટ્રક્ટર તરીકે બઢતી આપી રાજકોટ જિલ્લા હોમગાર્ડ સબ ઈન્સપેક્ટર તરી-કે બદલી કરવામાં આવી છે. જેમાં મોરબી જિલ્લાનો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. રાજ્ય હોમગાર્ડઝ મુખ્ય કચેરી લાલ દરવાજા ખાતે નાયબ કમાડન્ટ જનરલ વિરેન્દ્રસિંહ રાણાના હસ્તે સબ ઈન્સપેક્ટરની રેક ધારણ કરાવેલ. આ પ્રસંગે સિનીયર સ્ટાફ ઓફિસર એચ.જી. કાલરીયા, જે.એસ.ઓ. (તાલીમ) એમ.એમ. પ્રજા પતિ, જે.એસ.ઓ (વહીવટ) આર.એન. જાડેજા, જે.એસ. ઓ એસ.એસ.પટેલ તથા સબ ઈન્સપેક્ટર જે.કે.દેસાઈ, એચ.એન. પરમાર ઉપસ્થિત અનુસંધાન પાના નં.૬

# સેંટ ઝેવિયર્સ સ્કૂલ ડીસા NSSના વિદ્યાર્થીઓ દ્વારા નગરપાલિકાના ઉપક્રમે પાણી બચાવો કાર્યક્રમ યોજાયો





ડીસા

સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, ડીસાના એન.એસ.એસ. યુનિટ અને ડીસા નગરપાલિકા,પુસ્તક પરબના ઉપક્રમે સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત પાણી બચાવો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં લાલચાલી,અંબિકા ચોક, ઉમિયા નગર,સત્યમ અને અન્ય સોસાયટીમાં સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલના આચાર્ય ફા.જોન પીટરની પ્રેરણા અને પ્રોગ્રામ ઑફિસર ભાર્ગવ એમ.ભટ્ટના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ સ્વયંસેવકો દ્વારા પાણીનું મૂલ્ય સમજાવતું અસરકારક શેરીનાટક રજૂ કરવામાં આવ્યું હતું.

તેમજ 'પાની બચાને કી પહલ, બદલ દેગા આનેવાલા કલ', પાની તો હે બહતા સોના, માનવ ઈસે મત ખોના', બૂંદ બૂંદ જો નહિ બચાઓગે, તો બૂંદ બૂંદ કો તરસોગે', 'પાણીનું મહત્વ જો જાણવું હોય તો, માત્ર એક દિવસ પાણી વગર જીવી બતાવો' જેવાં વિવિધ સૂત્રો લખેલી પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. નળ વગરના પાણીના જોડાણોને પરિણામે વેડફાતા પાણીનો નગરપાલિકા દ્વારા સર્વે કરાવી નળ નાખી વ્યય થતાં હજારો લિટર પાણી બચાવવાનું પરિણામલક્ષી કાર્ય કરી, નગરપાલિકાના કર્મચારી ગોપાલભાઈ ઠકકર અને હર્ષદભાઈ વ્યાસ દ્વારા પાણી બચાવવા અસરકારક વકતવ્ય આપવામાં આવ્યું હતું. રાષ્ટ્રહિતના આ સામાજિક કાર્યને લોકોએ બિરદાવી પ્રસંશા કરી હતી.કાર્યક્રમને સફળ બનાવવામાં ભરતભાઈ ખાડેલીયા, કલ્પેશભાઈ, મહેશભાઈ રાઠોડ, વિનોદભાઈ, પ્રકાશભાઈ, ભગવાનભાઈ, ઉત્તમભાઈનો બહૂમૂલ્ય ફાળો રહ્યો હતો.

# ધાનેરામાં પ્રજાપતિ સમાજના યુવકોએ સમાજમાં વ્યસન નાબૂદ કરવાનો સંકલ્પ કર્યો


એન.કે.મોદી

(તા.પ્રતિ.) ધાનેરા

ધાનેરામાં પ્રજાપતિ સમાજના યુવકો દ્વારા સમાજમાં પ્રસરેલા વિવિધ કુરિવાજો નાબૂદ કરવા માટે સંગઠિત થઈ સમાજના વિકાસ માટેના કર્યો કરવામાં આવી રહ્યા છે જેમાં સમાજના ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને ભણવાની અને રહેવાની સગવડ મળી રહે તે માટે હોસ્ટેલની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે ત્યારે આજે ધાનેરામાં આવેલી સમાજની હોસ્ટેલમાં આજે સમાજના યુવકો સાથે વડીલોની બેઠક યોજાઇ હતી જેમાં સમાજમાં જોવા મળતા સામાજિક પ્રસંગોમાં વપરાતા વિવિધ વ્યસનો ને નાબૂદ કરવા વિવિષ ચર્ચા કરવામાં આવી હતી. જેમાં ડો.લાખાભાઈ પ્રજાપતિ, ગોવિંદભાઈ પ્રજાપતિ સહિત સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા અને સર્વ સંમતિથી નિર્ણય લેવાયો હતો કે સમાજમાં સામાજિક કોઈપણ પ્રસંગમાં અફીણ, બીડી, ગુટકા જેવા વ્યસનના પદાર્થનો ઉપયોગ ના થાય તેવો નિર્ણય લેવાયો હતો જેથી સમજને આર્થિક તેમજ શારીરિક રીતે પાયમાલ થતો બચાવી શકાય.

# ડીસા તાલુકાના શેરપુરા નજીક કેનાલમાં ફરી ગાબડું પડ્યું

ડીસા

એક તરફ સમગ્ર ગુજરાતમાં પાણીની તંગી વર્તાઈ રહી છે. તો બીજી તરફ બનાસકાંઠા જીલ્લાના વહીવટી તંત્રની લાપરવાહીના લીધે હજ્જારો લીટર પાણીની વ્યર્થ બગાડ થઈ રહ્યો છે.. એક જ અઠવાડિયામાં બીજીવાર ડીસા તાલુકાના શેરપુરા નજીકથી પસાર થતી સીપુ જળાશયની કેનાલમાં ભંગાણ સર્જાયું છે..

આ દ્રશ્યો છે પાણીની ખેંચ સહન કરતા ગુજરાત રાજ્યના ગુજરાતને અત્યારે મહારાષ્ટ્ર પાસેથી પાણી ઉછીનું લેવાની નોબત આવી છે.. ત્યારે ગુજરાતમાં જ પાણીની વ્યર્થ બગાડ થઈ રહ્યો છે. પાણીની આટલી તંગી હોવા છતાં બનાસકાંઠા જીલ્લાનું વહીવટી તંત્ર હજુ પણ પાણીની કિંમતને સમજતું નથી તે તૂટતી કેનાલો પરથી સ્પષ્ટ જોવા મળી રહ્યું છે.

અનુસંધાન પાના નં.૬

**ઠાકોર સમાજના વિદ્યાર્થી જોગ**
(તેમજ બક્ષીપંચના વિદ્યાર્થી માટે) ટે.નં.૦૨૭૪૨ - ૨૫૫૩૧૩
**શ્રી બ.કાં. ઠાકોર સમાજ સંસ્કાર મંડળ, પાલનપુર સંચાલિત**
★ શ્રી સરસ્વતી કુમાર છાત્રાલય (બક્ષીપંચ) વિરમપુર, તા.અમીરગઢ ધો.૦૫ થી ૧૨ ના વિદ્યાર્થી માટે
★ શ્રી વિવેકાનંદકુમાર છાત્રાલય, (બક્ષીપંચ) પાલનપુર : ધો.૦૮ થી ૧૨ ની વિદ્યાર્થીની માટે
★ શ્રી સરસ્વતી કન્યા છાત્રાલય, (બક્ષીપંચ) પાલનપુર : ધો.૦૮ થી ૧૨ ની વિદ્યાર્થીની માટે
ઉપરોકત છાત્રાલયોમાં ઠાકોર સમાજ તેમજ બક્ષીપંચના વિદ્યાર્થીઓને વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે. તો પ્રવેશ મેળવવા વિનંતી.
જિલ્લાના મુખ્ય મથક પાલનપુર મુકામે સ્વચ્છ, સુઘડ વિદ્યાર્થી છાત્રાલય સાથેની સગવડ તેમજ પાલનપુરની અન્ય શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને કિફાયતી ભાવે રહેવા/જમવાની સગવડ ઉપલબ્ધ છે.
**વાઘેલા કરશનભાઈ જે. (પ્રમુખ) : મો.૦૯૮૨૫૩૧૫૩૧૩**
**બ.કાં. ઠાકોર સમાજ સંસ્કાર મંડળ, જગાણા રોડ, પાલનપુર - ૩૮૫૦૦૧**

# તંત્રી સ્થાનેથી ...

**અભિમાન મનુષ્યને પોતાનાથી વધારે ચડિયાતા, વધારે પ્રગતિ કરનાર અને આગળ વધનાર મનુષ્ય જરાય ગમતા નથી...**

## પાક.રેન્જર્સની નાપાક હરકતોને ચલાવી લેવાય નહિં

પાકિસ્તાનની નાપાક હરકતોથી વિશ્વના તમામ રાષ્ટ્રો વાકેફ થઈ ચૂક્યા છે. પાક.ની અવળચંડાઈ તેની હદ વટાવી રહી છે. રમઝાન જેવા પવિત્ર માસમાં પાકિસ્તાની રેન્જર્સે જમ્મુની સરહદી ચોકી પર ભારે તોપમારો કરતાં બી.એસ.એફ.નો એક જવાન શહીદ થયો છે અને રહેણાંક વિસ્તારમાં તોપમારાથી ચાર નાગરિકોના પણ રમઝાન માસમાં મોત થતાં કાશ્મીરીઓમાં ભારે આક્રોશ વ્યાપી ઉઠ્યો છે. આવા સમયે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગત શનિવારે જમ્મુ કાશ્મીરની સત્તાવાર મુલાકાત લીધી હતી ત્યારે ત્યાંના નાગરિકોએ પાક.ની નાપાક હરકતનો જવાબ આપવા વડાપ્રધાનને વાકેફ કર્યા હોવાનું પણ કહેવાય છે. પાકિસ્તાની રેન્જર્સે જમ્મુના આર.એસ.પુરા, વિશ્નાહ અને અર્નિયા સેક્ટરમાં ગત ગુરૂવારે મધરાત્રે એક વાગ્યાથી તોપમારો શરૂ કરેલ ત્યારે બીએસએફના જવાનોએ વળતા પ્રત્યુત્તરમાં ગોળીબાર કરેલ.

પાક. તરફથી ગત મહિને પણ ગોળીબાર ચાલુ રહેતા પુંચ અને રાજોરી વિસ્તારમાં જનજીવન પર ઘેરી અસર પડી હતી. પાક. તો પમારામાં શહીદ થયેલ કોન્સ્ટેબલ સીતારામ ઉપાધ્યાય ૧૯૨ બટાલિયનનો જવાન હતો તે ઝારખંડની ગિરિદરનો વતની હતો, ૨૦૧૧ માં તે ભારતીય સેનામાં જોડાયો હતો. બી.એસ.એફના અન્ય એક જવાનને પણ ગોળી વાગી છે. જે હાલમાં સારવાર હેઠળ છે. વડાપ્રધાન મોદીએ આ વિસ્તારની મુલાકાત લીધી સરહદ પર પુનઃ કડક નીતિ હાથ ધરવામાં આવે તે જરૂરી છે. રમઝાન માસમાં પાકિસ્તાની સૈનિકોએ કરેલા ગોળીબારની ચારેકોર ટીકા થઈ રહી છે. જે લોકોમાં માનવતાનું નામો નિશાન નથી તેવા લોકો પાક. સેનામાં ભરતી થયેલા છે. જમ્મુના વિશ્નાહ અને અર્નિયા સેક્ટરમાં મધરાત્રે થયેલા પાક.ના તોપમારાથી ત્યાંના રહેણાંક વિસ્તારના લોકોને રહેવું મુશ્કેલ બન્યું છે. રાજ્ય સરકારે તકેદારીના ભાગરૂપે આવા વિસ્તારમાં વધારાના સૈન્ય દળને ફરજ પર મુકવા જોઈએ. જમ્મુના જે સેક્ટરમાં સ્થિતિ ગંભીર છે ત્યાંથી નાગરિકોને અન્યત્ર ખસેડવામાં આવે તો પરિસ્થિતિ થાળે પડી શકે. વર્ષોથી રહેતા લોકો પરિવાર સાથે જાય પણ ક્યાં? વર્તમાન સંજોગોમાં કેન્દ્ર સરકાર દ્વારા રમઝાન માસમાં ગોળીબાર ન કરવા આદેશ કરાયો છે. પરંતુ પાકિસ્તાન દ્વારા થતા તોપમારાનો ભારતીય જવાનોએ જવાબ આપવો જોઈએ. જેથી આવા અટકચાળા કરવાનું બંધ કરે!જો કે હવે કાશ્મીરમાં અસરકારક તેજાબી પગલાં લીધા સિવાય સરકારને છુટકો નથી? પાક.સેના કાશ્મીરમાં લોકોના ઘરમાં ઘુસીને નાગરિકોને ઠાર કરશે. તે સમય પણ હવે દૂર નથી. વિશ્વાસઘાતી પાક. સેના ભરોસાપાત્ર નથી.

સરહદ પર સૈન્ય અને કાશ્મીર ખીણમાં તૈનાત સૈન્યના જવાનોનો જુસ્સો ઢીલો ન પડે તે જોવાનું કામ સરકારનું છે. જો કે ભારતીય સૈનિકોની બહાદુરીને ભૂલી શકાય તેમ નથી. આ તબક્કે હવે પાક.ને કડક જવાબ આપવા માટેની વ્યુહરચના ઘડી નાંખવી જ પડશે. કાશ્મીરના ઘણા ખરા વિસ્તારોમાં કરફ્યુ જેવો માહોલ હોય છે, નાગરિકોની સહનશીલતા પણ ગજબની કહી શકાય. પાકિસ્તાને અનેકવાર શસ્ત્ર વિરામનો ભંગ કર્યો છે. કાશ્મીરમાં શાંતિ અને એખલાસપૂર્ણ વાતાવરણ સર્જાય તે માટે કેન્દ્ર દ્વારા વર્ષોથી પ્રયત્નો જારી રાખવામાં આવ્યા છે. પરંતુ ત્રાસવાદી સંગઠનો અને પાક. સૈનિકોની નાપાક હરકતોની વિશ્વના રાષ્ટ્રોને થઈ જતાં પાક.ની બદનામીમાં ઉત્તરોત્તર વધારો થઈ રહેલ છે.

## મૈજિકબ્રિક્સના બિડ ઈન પાર્ટનર અભિયાન દરમિયાન માત્ર ૬ કલાકમાં ૭૧ પ્રોપર્ટીઝની બુકિંગ થઈ

નોઈડા, ચંદિગઢ અને ગિફ્ટ સિટી ગુજરાતમાં વર્લ્ડ ટ્રેડ સેન્ટર્સે ભારતની નંબર ૧ પ્રોપર્ટી સાઈટ અને પોતાના ડિજિટલ તથા ટેકનોલોજિકલ પાર્ટનર મૈજિકબ્રિક્સના સહયોગથી ઉદ્યોગ જગતથી પહેલા બિડ ઈન પાર્ટનર અભિયાન સાથે વર્લ્ડ ટ્રેડ સેન્ટર એસોસિએશન (ઉઝછ)ની ૫૦મી એનિવર્સરીનું જશ્ન મનાવ્યું. આ અભિયાન દરમિયાન માત્ર ૬ કલાકમાં ૭૧ પ્રોપર્ટીઝ બુક કરવામાં આવી છે.

ડબલ્યૂટીસી ગિફ્ટ સિટી ભારતનું એકમાત્ર આઈએફએસસી તથા મોડલ સ્માર્ટ સિટીમાં આવેલ છે (ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી) જેમાં અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે ૯૮૬ એકર ક્ષેત્રફળ સમાવિષ્ટ છે. ''અભિયાનને મળેલ સફળતાંથી અમને ખૂબ જ ખુશી છે. દુનિયાભરના ગ્રાહકોએ આ બિડીંગમાં ભાગ લઈને આને સફળ બનાવ્યું છે.'' ત્રણેય ડબલ્યૂટીસી પ્રોપર્ટીઝમાં કોમર્શિયલ સ્પેસ ઓનલાઈન બિડિંગ માટે wtc.magicbricks.com પર ઉપલબ્ધ હતાં, ૫ મે, ૨૦૧૮ના રોજ આના માટે બિડ ઈન પાર્ટનર અભિયાનનું આયોજન કરવામાં આવ્યું. ૩૦૦૦થી વધુ લોકોએ આમાં રૂચિ દર્શાવી અને ૨૦૦ પેમેન્ટયુક્ત રજિસ્ટ્રેશન કરવામાં આવ્યાં. બિડિંગના દિવસે ૧૦૦થી વધુ સફળ બિડિંગ પ્રાપ્ત થઈ અને ૬ કલાકની અંદર ૭૧ પ્રોપર્ટીઝ બુક કરવામાં આવી. આવામાં આ રિયલ એસ્ટેટ જગતના સૌથી સફળ અભિયાનોમાંથી એક છે.

## ડીએચએફએલનો એનસીડી ઈશ્યૂ ૨૨ મેનાં રોજ ખુલશે



મહેસાણા

નેશનલ હાઉસિંગ બેંક (''એનએચબી'')માં રજિસ્ટર્ડ ભારતમાં ખાનગી ક્ષેત્રની અગ્રણી કંપનીઓમાંની એક હાઉસિંગ ફાઈનાન્સ કંપની દિવાન હાઉસિંગ ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ (''ડીએચએફએલ'' કે ''કંપની'')એ ૨૨ મે, ૨૦૧૮નાં રોજ ડિબેન્ચરદીઠ રૂ. ૧,૦૦૦ની ફેસ વેલ્યુ ધરાવતો સીક્યોર્ડ રીડિમેબલ નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સ (''એનસીડી'') લાવવાની દરખાસ્ત રજૂ કરી છે. આ ઈશ્યૂની બેઝ સાઈઝ રૂ. ૩,૦૦૦ કરોડ (''બેઝ ઈશ્યૂ સાઈઝ'') છે, જે રૂ. ૯,૦૦૦ કરોડ સુધી અને કુલ રૂ. ૧૨,૦૦૦ કરોડ સુધી (''ટ્રેન્ચ ૧ ઈશ્યૂ લિમિટ'') (''ટ્રેન્ચ ૧ ઈશ્યૂ'')નું ઓવરસબસ્ક્રિપ્શન જાળવવાનો વિકલ્પ ધરાવે છે, જે ૧૪ મે, ૨૦૧૮ના રોજ ટ્રેન્ચ ૧ પ્રોસ્પેક્ટ્સ દ્વારા ઓફર થયો છે, જે બીજી બાબતોની સાથે સાથે ટ્રેન્ચ ૧ ઈશ્યૂની શરતો અને નિયમો ધરાવે છે (''ટ્રેન્ચ ૧ પ્રોસ્પેક્ટસ''). તેનો અભ્યાસ સંયુક્તપણે ૧૪ મે, ૨૦૧૮નાં રોજ શેલ્ફ પ્રોસ્પેક્ટસ (''શેલ્ફ પ્રોસ્પેક્ટસ'') સાથે કરવો જોઈએ. તેનું ફાઈલિંગ રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ, મહારાષ્ટ્ર, મુંબઈ (''આરઓસી''), સ્ટોક એક્સચેન્જ અને સીક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (''સેબી'')માં થયું છે. શેલ્ફ પ્રોસ્પેક્ટસ અને આ ટ્રેન્ચ ૧ પ્રોસ્પેક્ટ્સ પ્રોસ્પેક્ટ્સ (''પ્રોસ્પેક્ટસ'')ધરાવે છે. ''ભારતમાં નાણાકીય અને ધિરાણ ક્ષેત્રમાં સ્પર્ધાત્મક વાતાવરણમાં સતત વધારો થયો છે, જેમાં છેલ્લાં થોડાં વર્ષો દરમિયાન ડીએચએફએલએ ઊંચી વૃદ્ધિ કરી છે. આ ગાળામાં સમગ્ર ભારતમાં નાણાકીય સર્વસમાવેશકતાની કામગીરીને વેગ મળ્યો છે, જેનાં પ્રત્યે પ્રતિબદ્ધતા દાખવતાં ડીએચએફએલ માટે આ વર્ષો કામગીરીની દ્રષ્ટિએ પ્રગતિકારક રહ્યાં છે અને વર્ષ ૨૦૨૨ સુધીમાં તમામ નાગરિકોને ઘર આપવાનાં સરકારનાં અભિયાનને સારો વેગ મળ્યો છે. વૃદ્ધિનાં આ મહત્ત્વપૂર્ણ તબક્કામાં ડીએચએફએલનો ત્રીજો પબ્લિક ઈશ્યૂ એનસીડી લોંચ થયો છે, જે કંપનીની વૃદ્ધિકારક યોજનાઓને વેગ આપશે, કારણ કે અમે ઊંચી વૃદ્ધિનાં આગામી તબક્કા તરફ અગ્રેસર છીએ. એનસીડી અમને અમારાં ધિરાણ પોર્ટફોલિયોને વિવિધતાસભર બનાવવાની સુવિધા પણ આપશે.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# સ્વામીનારાયણ સંસ્થા દ્વારા થતું પારાયણું આયોજન પરિવારમાં એકતા લાવવાની સુંદર પહેલ જરૂર કહેવાય

**સંવેદના**
**પ્રવીણ એમ. નાઈ**

વિશાળ મેદાન મોટું સ્ટેજ લાઈટની ઝગમગાટ એલઈડીના મોટા પડદા ઉપર બતાવવામાં આવતાં મનોહર ચિત્રો અને હજારો લોકો એક ચિત્તે સાંભળે તેવું આબેહુબ દ્દશ્ય હમણાં જ ડીસા સ્પોર્ટસ કલબ ખાતે યોજાયેલ પાંચ દિવસીય પારાયણમાં જોવા મળ્યું.

ડીસા બી.એ.પી.એસ સંસ્થા તથા પારાયણના દાતાઓના સહયોગથી તા. ૧૨/૫/૧૮ થી તા. ૧૬/૫/૧૮ સુધી રામચરિત માનસ આધારિત પારિવારિક એકતા'' વિષય ઉપર વકતા જનમંગલ સ્વામી (પુરાણી) ના સ્વમુખેથી આહલાદક શબ્દો કેટલાય પરિવારને સ્પર્શી ગયા. જ્ઞાનથી ભરપુર, વિદ્રત્તાવાન, નિખાલસ, નિરંઅભિમાની તથા ગમ્મત સાથે જ્ઞાન પિરસતા જનમંગલ સ્વામીના સ્વમુખે ભગવાનની વાતો સાંભળવી એ પણ લ્હાવો છે.

લાઈનબધ્ધ ગોઠવેલી હજારો ખુરશીઓની ઉપર દૂરથી જોતાં ફક્ત માથાં જ દેખાતાં હોય એટલી હકડાઠઠ મેદની જ્યારે સત્સંગની વાતો સાંભળવા એક જ જગ્યાએ એકઠી થાય ત્યારે ઘડીકપળ એવું લાગે કે, ના.. ના..હજુ લોકોમાં ધાર્મિકતા મરી પરવારી નથી.

કહેવાય છે કે, લોકોને સારૂ ગમે છે.. સારૂ જોવું પણ છે.. સારૂ સાંભળવું પણ છે.. હા..શરત બસ એટલી જ કે આ માટે શરૂઆત કોઈક કરે તો ડીસા તથા આજુબાજુ ગામમાંથી હજારો લોકો સ્વખર્ચ પારાયણમાં એકઠા થાય અને સત્સંગ સાંભળે તે કંઈ જેવું તેવું નથી જ.

પ્રચાર અને પ્રસાર વીશે નોધ લેવી હોય તો સ્વામીનારાયણ સંસ્થાને જરૂર આપી શકાય. જેમ બને તેમ વ્યક્તિગત રીતે આ પારાયણનું નિમંત્રણ આપવાની વ્યવસ્થા જે સ્વામી નારાયણ સંસ્થા કરી રહી છે તેનો યશ સ્વામીનારાયણ ભગવાન સાથે જોડાયેલ દરેક ભક્તોને જાય છે. ઘેર ઘેર જઈને પત્રિકા આપવી, વ્યક્તિગત ફોન કરવો, વોટશોપ કે ફેશબુકના માધ્યમથી જાણ કરવી અને ટીવી તથા વર્તમાન પત્રો દ્વારા મોટા પ્રમાણમાં લોકો સુધી પારાયણની વાત પહોંચાડવાની અજોડ શૈલી આ સંસથામાં જરૂર જોવા મળી. આપણે ઘરે ખીચડી બનાવીએ તો પણ કદાચ કંઈક તકલીફ જેવું ક્યારેક ક્યારેક થાાય. પણ સ્વામી નારાયણ ભગવાન સાથે સંકળાયેલ કોઈપણ કાર્યક્રમ હોય ત્યારે ખીચડીનું જે આયોજન થાય તે ખુબ જ આબેહુબ હોય છે આ બાબતે આયોજન કરવું તે પણ એટલું જ અગત્યનું હોય છે. અને ખીચડી પણ માત્ર બનાવવા પૂરતી બનાવાતી નથી. તેમાં કાજુ, દ્રાક્ષ સહીત જે કંઈ જોઈએ તે ખીચડીમાં નાખીને સ્વાદવાળી ખીચડી બનાવવામાં આવે છે. જાણે આપણે તો આંગળી જ ચાટતા રહી જઈએ તેવું થાય. પારાયણના છેલ્લા દિવસે 'ખીચડી મહોત્સવ' નું મનોહર દ્રશ્ય ઉડીને આંખે વળગ્યા વગર રહી ન શકે. હજારો સ્વયંસેવકોના સાથ સહકારથી થતું આયોજન કંઈ જેવું તેવું નથી અને ખીચડીનો પ્રસાદ લેવા જાહેર આમંત્રણ પણ આપવામાં આવે છે. આ ખીચડી મહોત્સવમાં સ્વામી નારાયણના ભકતોની સાથે અન્ય સંસ્થાઓની મદદ પણ જરૂર જોવા મળે છે. 'સાથી હાથ બઢાના' ના સૂત્રથી 'ખીચડી મહોત્સવ' સુંદર રીતે પુર્ણ થાય છે.

પારાયણ શરૂ થાય તે પહેલાં જ પ્રસાદી આપવી.. આ એક વ્યવસ્થાના ભાગરૂપે સુયોગ્ય છે અને પ્રસાદીમાં પણ 'મસ્તમજાની કુલ્ફી' લઈને ખુરશી પર બેસીને નયનરમ્ય વાતાવરણમાં ઠંડા હવામાનમાં કુલ્ફી ખાતાં ખાતાં પારાયણ સાંભળવી એનાથી બીજું રૂડું શું ?

સ્ટેજ ઉપર પારાયણ શરૂ થાય તે પહેલાં લોકોના સમુદાયમાંથી પ્રતિનિધિ તરીકે લોકોને બોલાવીને સ્ટેજ ઉપર વ્યાસપીઠની સામે બેસાડીને પૂજન આરતી કરાવવી તે પણ સારી વાત કહેવાય અને 'હારતોરા' દ્વારા સંતોને હાર પહેરાવીને આશીર્વાદ પણ લઈ શકાય તેવી સુંદર વ્યવસ્થા કદાચ સ્વામીનારાયણ સંપ્રદાયમાં જ જોવા મળતી હશે.

પારાયણ દરમિયાન પોતાના ધંધા રોજગાર ભુલીને પણ ભગવાનના કામ માટે જીવન સમર્પિત કરી દેનાર ભકતો પણ અહીં જોવા મળે છે.

માત્ર લસણ ડુંગળી ન ખાવું એટલા પુરતી જ ટેક રાખવી એવું નથી પણ પોતાનું સર્વસ્વ જીવન ભગવાનમય બનાવીને ઋષિ પરંપરાવાળું જીવન જીવવાવાળા સંતો ભકતો આ સંસ્થામાં જોવા મળે છે. પોતાના માનસ ઉપર કંઈક અસર થઈ હોય ત્યારે તો આ બીએપીએસ સંસ્થામાં જોડાયા હોય છે.

આ સંસ્થામાં એક એકથી ચડીયાતા સંતો છે. ડૉકટર, એન્જીનીયર, સીએ, ઉંચી ડીગ્રીને જાણે હડસેલીને સ્વામી નારાયણ સંતોના ભકતોનો હજારો રૂપિયાનો પગાર તણખલા સમાન છે.સમાજની વચ્ચે જવું, જીવન જીવવા લાયક કંઈક બોધ લોકોને આપવો, વ્યસન જેવી ખરાબ ટેવો છોડાવવી, ચારિત્ર્યવાન બનાવવા જેવા ઉમદા ધ્યેયો લઈને આ સંતો ભકતો સતત વિચરન કરતા રહે છે. જાણે ભગવાનનો આદેશ ન હોય.

વર્તમાન સમય ઘોર કલીયુગમાં ચાલી રહ્યો છે. એકેય કુટુંબ એવું નથી કે જ્યાં પારિવારીક પ્રશ્ન ન હોય પિતા-પુત્ર, પતિ-પત્ની, ભાઈ-બહેન, સાસુ વહુ, ભાઈ ભાઈ, પુત્ર પુત્રી વચ્ચે સંબંધ રહ્યો નથી. સહનશીલતા ઘટવા માંડી છે, થોડુંક અમથું કહેવામાં જ માઠું લગાડીને અકૃત્ય પગલાં ભરતાં પણ અચકાતા નથી.

એકબીજા વચ્ચેનો શંકાશીલ સ્વભાવ, અરસપરસની લાગણીનો અભાવ જોવા મળી રહ્યો છે. આવા અનેક પારિવારીક મુંઝવતા પ્રશ્નોને હલ કરવા માટે જો કોઈ શ્રેષ્ઠ ઉપાય હોય તો તે છે 'સત્સંગ.'

અને આ માટે સ્વામી નારાયણ જેવી સંસ્થા આગળ આવીને સમાજને સુધારવાનો પ્રયત્ન કરી રહી છે તે ધન્યવાદને પાત્ર છે. સંતોની પ્રેરણાથી પારિવારીક એકતા આવી છે અને તેની મીઠી મધુરી સુવાસ જીવનપર્યંત જળવાઈ રહે છે અને અંતમાં,

ઘરમાં વાસણ ભેગાં થાય એટલે ખખડયા વગર રહી ન શકે પણ આ વાસણ વધુ ન ખખડી જાય તેનું ધ્યાન રાખવાની જવાબદારી કુટુંબના દરેક સભ્યની છે. આ રીતે સામાન્ય ઝઘડો, કંકાશ થતો રહે પણ તેનું સ્વરૂપ ઉગ્ર બની ન જાય તે માટે આવી પારાયણ કે સત્સંગમાં જતું રહેવું.. મનને જરૂર શાંતી મળે.. ૯૪૨૭૯૦૩૨૬૨ નંબર ઉપર અભિપ્રાય આપી શકશો.

**પ્રવીણ એમ.નાઈ**
**રતનગઢ**
**(તા.કાંકરેજ)**

## સૌંદર્ય પ્રસાધનો વાપરતાં પહેલાં આટલું વિચારો

હે ! માનવો, આનંદ માણવાનો તમારો અબાધિત અધિકાર છે.

જીંદગીના રસ પ્યાલા પીવાનો, મઝા લુંટવાનો, તમારો જન્મસિદ્ધ હક્ક માની લઈએ.

ખુશીનો ખજાનો ભલે લુંટો, રસના ઘુંટડા ભલે પીઓ

આનંદ ભલે માણો.. પણ દયાનો અસ્ખલીત પ્રવાહ જેના હૃદયમાં અવિરત વહી રહ્યો છે એવા કરૂણાના સાગર હે મહાનુભાવો કરોડો પશુ પ્રાણીઓને રીબાવી રીબાવીને રહેંસી નાખો એમાંથી બનતા સૌંદર્ય પ્રસાધનોનો ઉપયોગ નહીં કરવાનો દ્રઢ સંકલ્પ કરો. શેમ્પુ આંખો પર શી અસર કરે છે તે જોવા માટે સસલાંનાં પોપચાં કાપી નાખે છે અથવા ટેપથી ચોંટાડી દે છે જેથી આંખો સતત ખુલેલી રહે.

પ્રાણીઓને પાવડર ખવડાવવામાં આવે છે જેને લીધે ૫૦ ટકા પ્રાણીઓ મૃત્યુ પામે છે અને સંશોધકો બાકીના ૫૦ ટકા પ્રાણીઓને મારી નાખે છે એ જોવા તપાસવા કે આ પ્રાણીઓ કયા કારણસર મર્યો નહીં.

સૌંદર્ય પ્રસાધનોની બનાવટ પાછળ સેંકડો જીવોને ભય, ત્રાસ અને ભયંકર પીડા અપાય છે.

પશુ પ્રાણીઓ લોહીલુહાણ થઈ જાય છે, આક્રંદ કરે છે, ચીસો પાડે છે આમ કંપારી છુટે એવા પ્રયોગો મુંગા પશુ પ્રાણીઓ ઉપર થઈ રહ્યા છે.સૌંદર્ય બક્ષતા પ્રસાધનોના લપેડા અને થપેડાં વખત જતાં ચામડીને પણ વિકૃત અને ગંદી બનાવે છે.

લીપસ્ટીક પેટમાં જવાથી પેટમાં દર્દો થાય છે. રસાયણોથી હોઠને, ચામડીનો રોગ થઈ શકે. તેમજ નાક, કાન, ગળાની અનેક બિમારીઓ તથા ચામડીની તકલીફોનું કારણ સૌંદર્ય પ્રસાધનો અને તેમાં રહેલા ઝેરી રસાયણો છે. નેઈલ પોલીશ માછલીના ભીંગડામાંથી બનતો રંગ હોય છે, શેવીંગ ક્રીમમાં ઈંડાની સફેદી હોય છે, શેમ્પુ ઈંડા ગ્લીસરીન, સિરામાઈડસ કેમીકલના મિશ્રણમાંથી બનતું હોઈ શકે.

સ્ત્રીઓ સુંદર દેખાવાની ઝંખનામાં ઈચ્છાને તૃપ્ત કરવા લલચામણી અને લોભામણી જાહેરખબરોથી સુંદરતા પામવા જતાં તેની આડઅસરો અને રીએકશનની બિમારીનો ભોગ બને છે. આંતરિક આરોગ્યથી ત્વચાની ક્રાંતિ (તેજ) ચહેરાની તાજગી અને ચમક ખીલી ઉઠે છે છતાંય ત્વચાને નિખારવા સૌંદર્ય ઝળકાવવા બહારના ઘટાટોપની જરૂર પડતી હોય તો તેમણે હળદર, દુધની મલાઈ, ચણાનો લોટ, ચંદન, મેંદી, લીંબુ, અરીઠા, ભૃંગરાજ, આંમળાં, ત્રિફળા જેવા નિર્દોષ પદાર્થોનો ઉપયોગ કરવામાં મહાદોષનું કારણ નથી બનતું પણ રાગનું પાપ છે.

જ્યારે શેમ્પુ વિ.સૌંદર્ય પ્રસાધનોમાં તો રાગ અને ક્રુરતાનો મહાદોષ સમાયો છે. આર્ય વ્યવસ્થા અહિંસા પ્રધાન છે.

સાપમાં મોતનાં દર્શન થાય છે એટલે આપણે સાપથી દુર રહીએ છીએ.પાપમાં જો દુર્ગતીનાં દર્શન થાય તો એનાથી આપણે સહજ રીતે દુર થઈ જઈએ.

નારકીના જીવો ધર્મ સાંભળી શકતા નથી,તિર્યંચો ધર્મ સમજી શકતો નથી, દેવતાઓ ધર્મ આચરી શકતા નથી જ્યારે મનુષ્ય ધર્મ સાંભળી શકે છે, સમજી શકે છે અને આચરી પણ શકે છે.

**-સેવંતી મ.સંઘવી (મુંબઈ)**

## દાદરનાં દર્દીઓ જાગો.. નિષ્ફળ એલોપેથી અને આયુર્વેદ.. માત્ર હોમિયોપેથીમાં છે સાચો ઈલાજ....

દાદરને ચામડીનો હઠીલો રોગ માનવામાં આવે છે. ટીબી, મેલેરીયા, પોલીયો જેવા રોગોને સરકાર અને તેના ડોકટરો તથા આરોગ્ય કર્મચારીઓએ લગભગ નાથી લીધા છે પણ દાદર માટે આજરોજ સુધી ઉપરોકત બે ચિકિત્સા પદ્ધતિઓમાં કોઈ ઈલાજ નથી.

દાદરનાં દર્દીઓની સંખ્યા ખુબ હોવાથી અને એલોપેથી અને આયુર્વેદમાં ટ્રીટમેટ વર્ષોના વર્ષ સુધી ચાલતી હોવાથી તેના ડોકટરો માટે ખુબ નફાનો ધંધો બની ગયો છે. પરીણામે મોટા ભાગના ડોકટરોએ તેમની હાટડીઓ ઉપરના પાટીયામાં દાદર અને ચામડીના રોગોના નિષ્ણાંતથી શરૂઆત કરી પછી બીજા રોગોના નામ લખે છે.

ડોકટરોએ લખેલી ગોળીઓ શરીરમાં ભયંકર બેચેની પેદા કરે છે. વળી તેઓ ચાર ચાર મહીના સતત દવા લેવાનું સુચવે છે. જે તેમની આડઅસર જોતાં સતત કોઈ લઈ શકે તેમ નથી.

વળી આ ડોકટરો મોંઘી ચોપડવાની ટયુબો લખે છે જેમાં દશ ગ્રામના ૧૩૦ રૂા.જેવી મોંઘી ટયુબો પણ આવે છે. જે સાધારણ દર્દીને માત્ર એક જ દિવસ ચાલે છે. ખરેખર તો આવી ટયુબોથી રોગમાં કોઈ ફાયદો થતો નથી ઉલટાની તે એસીડીક હોઈ ચામડીને બાળે છે. તેના કરતાં તો આપણું થુંક, પેશાબ કે સાવ સસ્તુ વેસેલીન લગાવવુ સારૂં.. ડોકટરોની ટ્રીટમેંટમાં એક લાખ રૂપિયા ખર્ચે પણ દાદર ન મટવાના દાખલા છે.

બીજી તરફ હોમિયોપેથીક ટ્રીટમેન્ટ ઓછી દવાથી, ઓછા ખર્ચે એક માસમાં દાદર મટાડે છે તેની દવાઓ એસીડીટી કે બીજી આડ અસર કરતી નથી.હાલમાં બનાસકાંઠા જિલ્લામાં દાદરનાં દર્દીઓની સંખ્યા એક લાખથી વધુ હોવા સંભવ છે. તેથી જિલ્લાનાં તબીબી અધિકારીઓ તથા જિલ્લા પંચાયત આરોગ્ય ખાતું તથા સમાજસેવી સંસ્થાઓ આ બાબતે દર્દીઓની સંખ્યાનું સર્વે કરાવે અને સાચી ટ્રીટમેન્ટ બાબતે પ્રજાને માર્ગદર્શન આપે તેની જરૂર છે.

ઈમાનદાર ડોકટરો-દાદરની દવા અહીં કરવામાં આવતી નથી તેવા પાટીયા પોતાનાં દવાખાનાં આગળ લગાવે તેની જરૂર છે. મુંબઈ અને દક્ષિણ ગુજરાતમાં જ્યાં નાગરિકો પોતાની ગ્રાહક સુરક્ષા પ્રત્યે જાગૃત છે તેવા અનેક સ્થળોએ સારા ડોકટરોએ આવા પાટીયા પોતાના દવાખાનાથી આગળ લગાવેલ છે.

આ પત્ર લખનાર પોતે વરીષ્ટ નાગરીક છે. પોતે અઢાર માસ દાદરથી હેરાન થઈને અનુભવો કર્યા બાદ અને ઘણાં દર્દીઓનું સર્વે કરીને જાહેર હીતમાં આ સમાચાર આપેલ છે.

**-ભંવરલાલ કે.જાંગીડ (પાલનપુર)**
**મો.૭૬૦૦૧૪૪૭૦૧**

<u>પિતા-પુત્ર વચ્ચે અતૂટ વાત્સલ્ય બંધન</u>

## હદય રોગના હુમલામાં ચાર દિવસમાં પિતા અને પુત્ર બંન્નેના મોતથી શોકની કાલિમા

**છોટાઉદેપુર જિલ્લાના તાંદલજાના રામ કબીર પરિવાર પર આભ તૂટી પડ્યાનો અહેસાસ : કોણ કોને આશ્વાસન આપે ?**







**સંવેદનાના ફૂલ**
**- મનીષ જોષી**

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી નજીકના ઓરસંગ તટે વસેલા તાંદલજા ગામના ધનશ્યામ ભાઈ પટેલને કબીર પ્રત્યે ભારે આસ્થા. પોતાની વાડીમાં કામ કરતા કરતા રામ કબીરના જપ કરતા હોય. ગામમાં એમના ખોરડાની પ્રતિષ્ઠા. કોઈ નિર્ણય લેવાનો હોય તો ધનશ્યામભાઈ ને હાજર રાખવાના જ.

ધનશ્યામભાઈને વસ્તારમાં ત્રણ દીકરા ..બાબર ,લક્ષ્મણ અને શામળ..પિતાના પગલે ત્રણેય દીકરા ભક્તિભાવવાળા.

સમય જતા બાબરભાઈને પીડબલ્યુડીમાં નોકરી મળી. લગ્ન થયા. એમણે વડોદરામા વસવાટ કર્યો. પાછળ લક્ષ્મણે પણ વટપ્રદનગરી વડોદરામાં એકાઉન્ટ લખવાનું શરૂ કર્યુ. રહ્યા શામળ ભાઈ..એને નજીકના ગામમાં શિક્ષકની નોકરી મળી. આમ હરીભરી ખેતી અને ગામની શુધ્ધ હવામાં જીવન વ્યતિત કરવા માટે ધનશ્યામભાઈ જ રહ્યા.

વાર તહેવારે તાંદલજામાં બધા ભેગા થતા. એમાં બાબર ભાઈના ત્રણ સંતાનો સુનીલ , સંદીપ અને સંજય , લક્ષ્મણ ભાઈનો રોનક અને શામળ ભાઈના રોશનની ધમાચકડી - કિલ્લોલથી ઘર ગુંજી ઉઠતું.

બાબર ભાઈને નાનકડા સંજય પ્રત્યે વધારે લગાવ. સંજય પણ પિતાનો પડ્યો બોલ ઝીલવા હમેંશા તત્પર..

બાબર ભાઈ પોતાના સંતાનોની કારકિર્દી જોઈ પોરસાતા. તેમાં પણ સંજયે નાનકડી ફેક્ટરી શરુ કરી ત્યારે તેમના હરખનું શબ્દાતિત વર્ણન અશક્ય છે.

તેઓ ભાઈ લક્ષ્મણને હમેંશા કહેતા " ઉપરવાળાની મોટી મહેર છે..આપણા પરિવાર પર ..નાની મોટી મુશ્કેલી તો દરેકના જીવનમા આવવાની...પણ આપણો સંપીલો પરિવાર તેને હસતા હસતા પાર પાડી દે છે. "

બાબર ભાઈ નિવૃત્ત થયા પછી પણ સમાજના નાના મોટા કામો કરવા ખુશીથી દોડતા..તેમની મદદ માં હાથ વાટકાની જેમ વહાલો પુત્ર સંજય હાજર જ હોય.

પિતા - પુત્ર ઉપર નીચે રહેતા હોય રાતે પાસે બેસતા સંજયને બાબરભાઈ વાત વાત મા કહેતા પણ ખરા કે : " ભાઈ હવે ૭૨ થયા ભગવાન લઈ લે તો પણ કોઈ રંજ નથી..."

સાંભળી ૪૨ વર્ષીય સંજય કંઈ ન બોલી શક્તા મૌન રહેતો. આજ રીતે ગત એપ્રિલ માસ માં બાપ - દીકરા વાતો કરી ઉંઘી ગયા. પણ બાબર ભાઈને રાતે જરા અસુખ જેવુ લાગ્યુ. પણ થાકેલા દીકરાને ક્યાં હેરાન કરવો તેમ વિચારતા થોડી વાર પથારીમા બેઠા. પણ પછી સહન ન થતા મોબાઈલ કરી દીકરાને બોલાવ્યો..

તરત જ ૧૦૮ અને સગા - સંબંધી આવી ગયા. અને ખાનગી હોસ્પિટલમાં હાર્ટ એટેકની સારવાર શરુ થઈ. પણ કુદરતને કંઈ ઓર જ મંજુર હતુ.. તે બાબરભાઈને સારવાર દરમિયાન પેરેલિસિસ નો એટેક આવ્યો. અને સંજય બેબાકળો બની ગયો. બાબર ભાઈને પક્ષઘાતની સારવાર માટે જાણીતી બાલાશિનોરની હોસ્પિટલમાં લઈ જવાયા. રાત - દિવસ ત્રણેય દીકરા ખડેપગે સેવા કરતા પણ પિતાની સ્થિતિમાં કોઈ જ સુધારો ન જોવા મળતા બધાના સામુહિક નિર્ણયથી બાબર ભાઈને ઘરે લાવવામાં આવ્યા. તે રાતે સંજય ખુબ જ તનાવમાં હતો. અને ટેન્સનની અસર તળે સંજયને પણ હદય રોગનો હુમલો થતા પરિવારજનો વધુ ચિંતાગ્રસ્ત બન્યા..સંજયની સારવાર શરુ થઈ પણ ઉપરવાળાને તે મંજૂર ક્યાં હતુ ? એટલે જ તા. ૨૬ એપ્રિલના રોજ સંજયે આ દુનિયાને અલવિદા કરી. અને તેની પાલખી યાત્રારુપે નીકળે તે પહેલા બાબર ભાઈની આંખો સામે રાખવામા આવી. પણ.. તેમની સ્થિતિ જ સ્થિત પ્રજ્ઞસ્ય લક્ષણામી જેવી હતી. સંજયનો દેહ પંચમહાભૂતમા મળ્યા પછી બાકીની વિધિ માટેની ચર્ચા ચાલતી તેની વચ્ચે તા. ૩૦ ના રોજ બાબર ભાઈએ પણ આ સંસારને અસાર ગણી વિદાય લેતા રામ કબીર પરિવારનો માળો વિંખાય ગયો.ની વાત કરતા કરતા જ લક્ષ્મણભાઈના

ગળે ડૂમો બાઝી જતા માત્ર " રામ કબીર " બોલી શક્યા હતા.

કુદરતની કપરી કસોટી અને પિતા - પુત્રના અતૂટ વાત્સલ્ય બંધનની આ કથા વિષે આપના અભિપ્રાય મને ' મેઘ - વર્ષા '૧૪,સપ્તગિરિ સોસાયટી નં ૩,સાઈ મંદિર અને બગીચા પાછળ, વિશ્વામિત્રી ક્રોસિંગ, માંજલપુર, વડોદરા. ૩૯૦ ૦૧૧ અથવા.મો.૯૯૨૫૬ ૨૮૪૯૮ પર જણાવશો તો ગમશે.

**સંવેદના :**

**ન જાણ્યુ જાનકી નાથે કાલ સવારે શું થવાનું છે ?**

**મનિષ જોષી,'મૌન'**
**વડોદરા**

## વડોદરામાં શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞમાં બાળ કૃષ્ણ લીલા


મનીષ જોશી

વડોદરાના ઈસ્કોન મંદિરના પ્રાંગણમાં પવિત્ર પુરષોત્તમ માસ નિમિતે શ્રીમદ ભાગવત સપ્તાહ ચાલી રહી છે. કથાનો મર્મ ભાગવત ભૂષણ પુ.શ્રી બાલ વ્યાસ ગોપાલજી મિશ્ર સમજાવી રહ્યા છે. કથાના પાંચમા દિવસે બાળકો દ્વારા કૃષ્ણ બાળ લીલાની રજૂઆત થઈ હતી. અને જળ એ જ જીવન મંત્રને આત્મસાત કરાવવા શહેરના મેયર ભરત ડાંગરે કૃષ્ણ પ્રેમીઓને શપથ લેવડાવ્યા હતા.






# તરબૂચ ખાઈને કરો વજન ઓછું જાણો

તરબૂચમાં એવા ઘણા તત્વ હોય છે જે અમારી બૉડીને હેલ્દી રાખવામાં ઘણા હેલ્પફુલ હોય છે. તરબૂચને રેગ્યુલર ખાવાથી અમે ઘણા હેલ્થ પ્રોબ્લેમથી બચી શકો છો. જાણો તરબૂચના આઠ ફાયદા વિશે....

તરબૂચમાં પાણી સાથે સાથે ફાઈબર ઘણી માત્રામાં હોય છે .ગર્મીમાં એને રેગ્યુલર ખાવાથી વજન ઓછું કરી શકાય છે. તરબૂચમાં ફોલિક એસિડ હોય છે . એને દરરોજ ખાવાથી વાળને મજબૂતી મળે છે અને હેયર ફૉલ ઓછું થાય છે.

**આંખો માટે લાભકારી** તરબૂચમાં બીટા કેરોટીન હોય છે જે બોદીમાં જઈને વિટામિન છ માં બદલી જાય છે એને ખાવાથી આંખની રોશની વધે છે.

**સ્કિન બનાવે હેલ્દી** તરબૂચમાં લાઈકોપિન નામનો તત્વ હોય છે જે સ્કિનને હેલ્દી બનાવામાં બ્લેક હેડસ હટાવામાં મદદગાર હોય છે

એમાં વિટામિન એ સી બી-૬ અન એ મિનરલ્સ હોય છે જે બૉડીને ઈમ્યૂનિટી વધારે છે આથી આ ઘણા રોગોથી બચાવે છે.

**હાર્ટ હેલ્દી બનાવે છે**તરબૂચમાં સિટ્રુલીન નામનો એમિનો એસિડ હોય છે જે બ્લ્ડને કોલેસ્ટ્રોલ લેવલ ઓછું કરે છે. એને રેગ્યુલર ખાવાથી હાર્ટ પ્રોબ્લેમ્સ ઓછી થાય છે.

**કેંસરથી રાહત** તરબૂચમાં લાઈકોપિન બીટા કેરોટીન અને લ્યૂટીન જેવા તત્વો મળે છે જે ફ્રી રેડિક્લસથી બોડી પર થતા નેગેટિવ ઈફેક્ટસથી બચાવે છે . આથી કેંસરનો ખતરો ઓછું થઈ જાય છે.

**કિડની રાખે હેલ્દી** તરબૂચમાં પાણી અને મિનર્લ્સ શરીરના ખરાબ પદર્થને બહાર કાઢીને કિડનીને હેલ્દી રાખવામાં મદદ કરે છે.

# મેદસ્વીતા માટે ઘરમાં રહેલી ધૂળ જવાબદાર છે...!!?

**આરોગ્ય સંહીતા**

આપણે પોતાના ફીગર અથવા ફીઝીક એટલે કે બોડી માટે ખૂબ જ સતર્ક હોઈએ છીએ. અને તેને માટે કેટકેટલું કરીએ છીએ. જીમ જવું, એરોબિક્સ કરવું, એક્સર્સાઈઝ કરવી, ડાયટ ફોલો કરવું વગેરે વગેરે. પણ તેમ છતાં મેદસ્વીતા એવી વસ્તુ છે જે જલ્દી પીછો છોડતી નથી. આમ તો ઘણા બધાં કારણ હોય છે જાડા થવા પાછળ. વારસાગત, તમારુ બોડી સ્ટ્રક્ચર. પણ આ સિવાય પણ એક કારણ છે. અને એ છે તમારા ઘરમાં જામેલી ધૂળ-માટી-કચરો. એટલે જો લાખ પ્રયાસ કરવા છતાં તમારા શરીર પર ચરબી જામેલી રહે છે તો બીજા બધાને દોષ દેવાને સ્થાને ઘરમાં રહેલી ધૂળ પણ તેમાં દોષી હોઈ શકે. ઘરમાં જામતી ધૂળ મેદસ્વીતાનું કારણ, વાત નવાઈ લાગે તેવી જ છે. પણ ઘરમાં જામેલી ધૂળ-માટી કચરામાં વાતાવરણને પ્રદૂષિત કરતા તત્વોની હાજરી હોય છે. જે ચરબીના કોષોને વધારવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.અમેરિકન કેમિકલ સોસાયટીના વૈજ્ઞાનિકોએ રીસર્ચ કર્યા બાદ આ વાત જાહેર કરી છે. તેમણે શોધ કરી ત્યારે જાણ્યું કે ઘરમાં જામતી ધૂળમાં જે તત્વો હોય છે એ એવા કેમિકલ્સ છે જે ફેટ સેલ્સને પ્રોત્સાહન આપે છે. આ કેમિકલને ઈંડોક્રાઈન-ડિસરપ્ટિંગ કેમિકલ એટલે કે ઈઝ્રડ્ઢ તરીકે ઓળખવામાં આવે છે. અને આ કેમિકલથી શરીરમાં વધુને વધુ ફેટ સેલ્સ એટલે કે ચરબીના કોષો જામવા લાગે છે. અભ્યાસ દરમિયાન એ પણ સામે આવ્યુ કે ઘરમાં ધૂળને કારણે એક અન્ય પ્રકારની ફેટ શરીરમાં જમા થવા લાગે છે. સાયન્ટિફિકલી એ ફેટને ટ્રાઈગ્લિસરાઈડ્સ કહે છે.

ઈંડોક્રાઈન-ડિસરપ્ટિંગ કેમિકલ એટલે કે ઈઝ્રડ્ઢ સિન્થેટિક અથવા નેચરલ કંપાઉંડ્સ હોય છે. એટલે કે એવું કેમિકલ સંયોજન કે જેનાથી તમારા શરીરમાં રહેલા હોર્મોન્સ બેવડાવા લાગે છે. પ્રાણીઓ પર કરાયેલા પ્રયોગ પરથી અવલોકન કરવામાં આવ્યુ કે, જ્યારે નાના હોઈએ અને તે સમયે ઈઝ્રડ્ઢના વધુ પ્રમાણમાં સંપર્કમાં રહીએ તો તેના પ્રભાવે પછીના વર્ષોમાં વજન વધવાની સમસ્યા ઉભી થાય છે. ઈઝ્રડ્ઢ સામાન્ય રીતે મોટા ભાગે કોઈપણ સામાનમાં હોય છે. અને એટલે જ ઘરની અંદર આવતા તેને વાર નથી લાગતી. ઘરની અંદર આવીને એ ઘરમાં ડસ્ટ બનીને રહી જાય છે. અને પછી આપણે ઘરમાં જ્યારે શ્વાસ લઈએ ત્યારે ઈઝ્રડ્ઢને પણ શ્વાસ સાથે લઈએ છીએ. એટલે ઓક્સિજનની સાથે ઈઝ્રડ્ઢ આપણા લોહીમાં ભળે છે. ઉપરાંત આપણી ત્વચા પણ તેને ગ્રહણ કરી લે છે. અને ઈઝ્રડ્ઢ આપણા શરીરમાં પહોંચી જાય છે.

યુએસ ઈન્વાયરમેન્ટલ પ્રોટેક્શન એજંસી અનુસાર અમેરિકામાં દરરોજ ૫૦ મીલી ગ્રામ ઘરની ધૂળ બાળકોના શરીરની અંદર જાય . વૈજ્ઞાનિકોએ નોર્થ કૈરલાઈનના ૧૧ ઘરોમાંથી ડસ્ટના સેમ્પલ લઈને તેની ચકાસણી કરી તો ૧૧માંથી ૭ ઘરોમાંથી લીધેલી ડસ્ટમાં ચરબીના કોષને વિકસિત કરીને ટ્રાઈગ્લિસરાઈડ બનાવવાની ક્ષમતા હોવાનુ તારણ મળી આવ્યું. માત્ર એક જ ઘરની ડસ્ટમાં કોઈ કેમિકલ ઈફેક્ટ ન હતી. રિસર્ચ કરનારાઓએ પ્રયોગ બાદ એ તારણ પર આવ્યા કે જો ઘરમાં જામેલી ધૂળમાં રહેલા કેમિકલથી તમે પ્રભાવિત થાઓ તો તે તમારા શરીરના મેટાબોલિઝમને પ્રભાવિત કરે છે. અને ખાસ બાળકો સૌથી વધુ પ્રભાવિત થાય છે.જો કે આનાથી એવું ન સમજવું કે ધૂળમાં રમવાથી બાળકને નુકસાન થાય. કારણ કે, બાગબગીચાની ધૂળ હાનિકારક નથી પણ ઘરમા આવતી બહારની વસ્તુ ખાસ તો માલસામાનમાંથી નીકળતી અને તેના કેમિકલને કારણે પ્રદૂષણયુક્ત બનતી ધૂળ હાનિકારક છે. એટલે જો બાળક બહાર માટીમાં રમે તો તે આગળ જતાં મેદસ્વી બનશે કે તેને શારીરિક તકલીફ થશે એવું માનવુ નહીં. પણ હા, ઘરમાં રહે છે બાળક તો ઘરમાં સાફસફાઈ જરુર રાખવી. ઘરમાં ઈઝ્રડ્ઢયુક્ત ધૂળ હોઈ શકે. એટલે આ ઘરની ધૂળમાટી સાફ કરશો તો એક્સર્સાઈઝની એક્સર્સાઈઝ થશે અને સફાઈ સાથે સ્વાસ્થ્ય પણ મળશે. એમ જ થોડું કહેવાય છે કે સ્વચ્છતામાં વસે પ્રભુતા.

**(જી.એન.એસ)**

# નાના સાંધામાં થતો ગાંઠિયો.."વા"- વાતરક્ત

**આયુર્વેદનું અમૃત** — **વૈદ્ય મહેશ અખાણી**

જ્યાં જ્યાં દુ:ખાવો ત્યાં ત્યાં વાયુ છે તેમ સમજો. વાયુ સંપૂર્ણ શરીરમાં ફરતો રહેલો છે. પરંતુ જયારે તેને ફરવાની ગતિમાં અવરોધ આવે ત્યારે તે દુ:ખાવો કરે છે. વાયુની ફરવાની ગતિમાં સાંધાના સ્થાને આમદોષથી કે કોઈપણ દોષથી બગડેલા લોહીથી સોજો થઈ જાય ત્યારે ત્યાં વાયુની ગતિમાં અવરોધ આવેને ત્યાં દુ:ખાવો, લાલાશ, બળતરા, સોજો થઈ આવે તેને ગાંઠિયો વા કે વાતરક્ત અમે વૈદ્યો કહીએ છીએ જેને કેટલાક ગાઉટ કે યુરિક એસીડ નું પ્રમાણ વધવાથી થયેલો સોજો કહેછે અને ક્યાંક તો વિટામીન બિ.૧૨ની ખામીનો રોગ કહે છે પરંતુ તે નિદાન બરાબર બંધબેસતુ નથી તેથી અમને તો લોહી બગાડથી થયેલો વા નામનો રોગ જ લાગે છે. કારણકે નિદાનથી જ સાચી સારવાર શક્ય બને છે.

**અંગમર્દ અરુચિ તૃષ્ણા આલશ્યમ ગૌરવમ જવર:**
**અપાક: શુનતામ અંગાનામ આમવાતસ્ય લક્ષણમ્**

જયારે ખાધેલો ખોરાક પચે નહિને તેમાંથી બનતો કાચો રસ સાંધામાં જમા થાય ત્યારે સોજા થઈ આવે છે. જે મોટા સાંધામાં થાયછે જેને આમવાત કહીએ. પરંતુ તીખા, તળેલા, ખાટા કે ગરમ ખોરાકથી, ચિંતા, ક્રોધથી લોહી બગડે છે ત્યારે તેનાથી જે સોજા આવેછે તે નાના સાંધામાં આવે છે જેને ગાંઠિયો વા કહીએ. આ સોજામાં લોહી બગડતું હોય છે જે કદાચ લોહીના રીપોર્ટમાં યુરિક એસીડ વધારે આવતું હશે. પરંતુ ગરમ સ્પર્શને નાના સાંધાના સોજાથી એકદમ સ્પષ્ટ નિદાન થાય છે કે આ વાતરક્ત જ છે. આ વિશેષ તો અનુભવી વૈદ્ય જ કહી શકે. આખરે તો લેખના શબ્દો કે લેબોરેટરી કરતાં અનુભવ જ શ્રેષ્ઠ છે ને !!

લોહીને શુદ્ધ કરનારીને વાયુને સવળો કે શમન કરનારી સારવાર આપીશું એટલે રોગ તરતજ કાબુમાં આવશે કે મટી જશે આ ચોક્કસ છે. જરૂર પડ્યે રક્ત શુદ્ધિ ને માટે વિરેચન કર્મ અને વાયુના શમનને માટે અનુવાસનને નિરૂહ બસ્તિનો પંચકર્મ વૈદ્ય પાસે કોર્ષ કરાવ્યો હોય તો આ દર્દ મૂળમાંથી મટી શકેછે.

- **ગળો:** લીમડાના વૃક્ષ ઉપર ચડતી ગળોની વેલ એ લોહી ને શુદ્ધ કરીને વાયુના રોગો મટાડવા માટે ઉત્તમ કહી શકાય. કડવી પણ કલ્યાણ કરનારી ગળો એ અમૃતા છે. મૃત્યુને દૂર હટાવનાર છે. આજે કેન્સર કે હાર્ટ એટેક, હાર્ટ બ્લોકેજ, તમામ ચામડીના રોગો, હાઈ બી.પી., કીડની ફેઈલ્યોર, મધુમેહ જેવા રોગો હઠીલા ને મારક બન્યા છે ત્યારે લીમડાની ગળોનો ઉપયોગ કરીને તંદુરસ્તી મેળવીને રાષ્ટ્રને પ્રભુ કાર્ય માં ઉપયોગી બની શકાય છે.
- **ગોખરું :** ગળો કડવી છે જયારે ગોખરું સ્વાદમાં મીઠા છે.બળ માટે ને પેસાબના રોગોને ગાંઠિયા વાને માટે ગોખરું પણ એક સારું ઔષધ છે. પેસાબ છૂટથી લાવીને સોજા મટાડવા માટે તે ઉપયોગી છે.
- **ગોમૂત્ર :** લોહી શુદ્ધ કરીને સોજા મટાડનાર, પેટના રોગો મટાડે, આમદોષનું પાચન કરીને મળમાર્ગથી દૂર કરનાર, વજન ઘટાડનાર, ગોમૂત્ર વાતરક્ત માટેનું ઔષધ છે.
- ઉપરાંત માં સાટોડી ને સરગવોનો ઉપયોગ કરવો. તેનું શાક કે ભાજી કે શૂપ બનાવીને પીવો. હળદરને સુંઠને સરખા ભાગે લેવું, સૂકા ધાણાને સુંઠ થી ઉકાળેલું પાણી પીવું આવા પ્રયોગોને સારવાર વૈદ્યના માર્ગદર્શનથી કરવાથી આ રોગ મટાડી શકાય છે.

**વૈદ્ય મહેશ અખાણી**
**વૈદ્ય પરાશર મ. કીર્તિ ચેમ્બર્સ, (પાલનપુર)**
**મો.૯૪૨૬૩૯૯૧૨૫**

# માનસિક આઘાતમાંથી મુકત કરતી હિપ્નોથેરાપી

**હિપ્નોથેરાપી**

અનેકવાર અનેકોને 'આનામાં લાગણી નથી' સાવ પથ્થરદીલનો છે. એને કોઈની દરકાર નથી એવું બોલતાં આપણે બધાએ સાંભળ્યા છે. દરેક સંબંધોમાં આ કે આના જેવો, આવો જ કાંઈક અર્થ થતો હોય તેવા શબ્દો, વાકયો સાંભળવા મળે છે જેનો સીધો અર્થ સામી વ્યક્તિમાં લાગણી નથી તેમ જ થતો હોય છે. આ લાગણી (ફીલીંગ્સ) શું છે ? જેને માટે આપણે પરસ્પરનો પ્રેમ અથવા તો આત્મીયતા માટે વાપરીએ છીએ. લાગણીઓ પણ અનેક પ્રકારની છે. દા.ત. તમારા મનગમતા કામ થયાનો આનંદની લાગણી, તમારી પ્રિય વ્યક્તિ મળ્યાની ખુશીની લાગણી, કોઈ કામ ન થતાં પરિવાર કે મિત્રના અવસાનથી થતી દુ:ખની લાગણી, કાંઈક મેળવ્યું એચીવમેન્ટ, જીત્યા તે બદલ આત્મસંતોષની (સેલ્ફ સેટીશફીકેશન), લાગણી જાણતા અજાણતા કરેલા કે થઈ ગયેલા ખોટા કામ, ખોટા નિર્ણય માટે અફસોસની લાગણી (ગીલ્ટી ફીલીંગ) કોઈને મળવાની ઉત્કંઠાની લાગણી વિગેરે.. આમ આપણે બધા અલગ અલગ પ્રકારની લાગણીઓનો નિયમિત રીતે અનુભવ કરતા આવ્યા છીએ પણ આમાંની કે આ સિવાયની કોઈ લાગણી કયારેક મનને સતત ડંખ્યા કરે છે તે ડંખને લીધે જે દુ:ખ પેદા થાય છે ત્યારે તે માણસ તે બાબત અંગેના વિચારો કરી પોતાની જાતને જ તેનું મુખ્ય કારણ સમજે છે. પોતાને જ તે પરિસ્થિતિ માટે દોશી સમજવા લાગે ત્યારે અનેક પ્રકારની સમસ્યાઓ પોતે જ પેદા કરવા લાગે છે. શરૂઆતમાં આ સમસ્યા તેમને એકલાને જ હેરાન કરે છે પણ રોજ સમસ્યા થોડી થોડી વધતા સમસ્ત પરિવાર હેરાનગતિનો ભોગ બને છે.

પ્રેમ થઈ જવો એ આજ કાલના જનરેશનની સામાન્ય બાબત છે. મોટા એટલે કે મેચ્યોર્ડ થયા પછી કામ ધંધે લાગ્યા પછી પોતાની દરેક જવાબદારીઓ સમજણપુર્વક નિભાવ્યા પછી, પરિસ્થિતિને સમજયા પછી કોઈ પ્રેમમાં પડે તો તે સમજી શકાય, સ્વીકારી શકાય, આજકાલના યુવાની તરફ ડગ માંગતા યુવક યુવતીઓમાં પ્રેમ તો હવે હાઈસ્કૂલમાંથી જ પાંગરવા લાગ્યો છે.

નવમા ધોરણમાં ભણતી છોકરીને તેના જ મકાનમાં રહેતા એક બાવીસ વર્ષીય યુવાન સાથે પ્રેમ થઈ ગયો. બંને સાથે હરતા ફરતા. સમીર પ્રિયાને સ્કૂલે મુકવા જતો તો કયારેક લેવા. સમયસર પાછી ફરતી પ્રિયાનું ધ્યાન હરવા ફરવામાં રહેવા લાગ્યું. પ્રિયા તેની ફ્રેન્ડને ત્યાં ભણવા જવાના બહાને સમીર સાથે ફરવા મુવી જોવા જતી. સમીરની સારી સેલરીને લીધે પ્રિયા માટે સારી ગીફ્ટ લાવતો અને ખાવા પીવામાં સારો ખર્ચ કરતો. આમ વર્ષ વીતી ગયું. પ્રિયાનું નાઈન્થનું રીઝલ્ટ નબળું આવતાં તેના પેરેન્ટે કારણ પુછ્યું પણ સંતોષકારક જવાબ ન મળતાં તેના બહાર જવા આવવાનું બંધ કરી દીધું. હવે એસ.એસ.સી.માં હોવાને લીધે ટ્યુશન નક્કી કરતા પ્રિયાને સમીરને મળવાનો સમય ન રહેતો છતાં ટાઈમ એડજેસ્ટ કરી સમીરને મળતી. સમીરે તેને સમજાવી ભણવામાં ધ્યાન આપવા કહ્યું.

એક સાંજે પ્રિયાને સમીર સાથે પ્રિયાના પપ્પાએ જોઈ લીધી. રાત્રે ઘરે આવી વાત કરતાં ઉગ્ર રૂપ ધારણ થઈ ગયું.સમીરને મળવાની કે ફોન કરવાની મનાઈ કરી દીધી. સમીરના પેરેન્ટસને પણ આ વાત કરતાં પ્રિયા અને સમીરની મુલાકાતો બંધ થઈ ગઈ. પ્રિયા ૧૮ વર્ષ પુરા થાય તેની રાહ જોવા લાગી. જેથી સમીર સાથે લગ્ન કરી શકે.

પ્રિયાના ૧૮ વર્ષ પુરા થતાં બંનેએ લગ્નની તૈયારી કરી નિયત દિવસે લગ્ન કરી લીધા. લગ્ન કરીને સમીર-પ્રિયાને લઈને ઘેર પહોંચ્યો. સમીરના ફાધર-મધર વરઘોડીયાને જોઈ અવાક થઈ ગયા. સમીરના મધરે હા ના કરતાં પોખ્યા એટલી વારમાં તો આખા મકાનમાં સમીર પ્રિયાના લગ્નના સમાચાર પહોંચી ગયા એટલે પ્રિયાના ફાધર ધુંઆપુંઆ થતા આવ્યા અને વરઘોડીયા પર તુટી પડયા. ના કહેવાનું કહેવા લાગ્યા એટલે સમીરના ફાધરે તેમને સમજાવી કહ્યું કે બંને કાયદેસર લગ્ન કરી ચુકયા છે. ગુસ્સો થુંકી બંનેને આશીર્વાદ આપો. આશીર્વાદને બદલે પ્રિયાના પપ્પા જાણે શ્રાપ (બદદુઆ) આપવા લાગ્યા, તમે કયારેય સુખી નહીં થાવ,

**અનુસંધાન પાના નં.૬ ઉપ**

# પ્રસન્નતા એ સુખની ખાણ છે

**મન બિલોરી કાચ**

ઉનાળાની અસહ્ય ગરમી પછી વરસાદના મીઠાં પાણીની તૃપ્તિ થતાં જ ઝાડવાં લીલાંછમ બને છે, ફળ ફુલ ઉગે છે, ચારે તરફ લીલુંછમ ઘાસ ઉગી નીકળે છે, માનવી તેમજ પશુઓના મન પણ મોહક બની જાય છે. એવી જ રીતે પ્રસન્નતાની ગાઢ અસર આપણા દિલો દિમાગ તથા સમગ્ર ઈન્દ્રીયો પર પડે છે.

આ પ્રસન્નતા શું છે, આ પ્રસન્નતા એ બિમાર માણસ માટે દવાનું કામ કરે છે તે મનુષ્યના અંદરના અખંડ આનંદની સરવાણીનું આહલાદક ઝરણું છે. તે અમૃતકુંભ સમાન છે, પ્રસન્ન રહેવાથી આપણું તન અને મન બંને તંદુરસ્ત રહે છે, સ્વાસ્થ્ય સ્વસ્થ રહે છે આ પ્રસન્નતા હતાશા અને નિરાશાને આપણાથી દુર રાખે છે.

ઘણી વ્યક્તિઓને આદત હોય છે એ પોતાની દુ:ખદાયક પરિસ્થિતિના, પોતાની મુશ્કેલીઓના લોકો સમક્ષ રોદણાં રડે છે પરંતુ આપણી મુશ્કેલી કે પીડાને જ્યાં હોય ત્યાં ગાયા કરવાથી એ દુર થતી નથી. હા, હૃદય હળવું ચોક્કસ બને છે પરંતુ હૃદય હળવું ત્યાં જ કરાય કે જે વ્યક્તિ આપણી પોતાની હોય, અને આપણને સમજતી હોય એ વ્યક્તિના હૃદયમાં આપણા માટે સાચી લાગણી હોય. આપણને વિશ્વાસ હોય કે એ વ્યક્તિ મને ખોટી સલાહ તો નહીં જ આપે. ગમે તેવા સંજોગો હોય નિરાશ ના થશો, હિંમત ના હારશો, કારણ કે નિરાશા એક પ્રકારની કાયરતા છે એ માનવી માટે દુર્બળતાની નિશાની છે.

ઈશ્વરે આપણને ખુબ સરસ જીવન આપ્યું છે. આપણે ઈશ્વરની એ કૃપાનો આનંદ મનાવવો જોઈએ એણે આપેલ જીવનનો સદુપયોગ પ્રસન્ન રહીને જીવન જીવવામાં છે સદા પ્રસન્ન રહેવું એ જ મોટો આરોગ્ય દાયક નિયમ છે. પ્રસન્ન વ્યક્તિનું મુખ જોઈ આપણને પણ સ્ફુર્તી આવે છે.

આપણને સમાજમાં ઘણી વ્યક્તિઓ એવી જોવા મળે છે કે જેને ઘણી બધી મુશ્કેલીઓ હોવા છતાં સદાય પ્રસન્ન રહેતી હોય. જ્યારે જુઓ ત્યારે એનો ચહેરો હસતો અને ખીલેલા ગુલાબ જેવો મહેકતો હોય. એની હાજરી માત્ર સમગ્ર વાતાવરણને પ્રસન્નતાથી ભરી દે છે અને સાવ સાચી વાત છે કે ઉદાસ રહેવાથી, મુશ્કેલીનો ભાર ચોવીસે કલાક માથે લઈ ફરવાથી કોઈ સમસ્યાનો ઉકેલ આવી જતો નથી. મનોવિજ્ઞાનીઓ કહે છે કે, દિલ ખોલીને હસો, શરમ સંકોચ મુકીને મુકતપણે હસો, આપણી પ્રસન્નતા આપણા શરીરમાં એક પ્રકારની રાસાયણિક અસર વર્તાવે છે. પ્રસન્નતા એ વ્યક્તિને જલદી વૃદ્ધ થતી અટકાવે છે અને આયુષ્યમાં વધારો કરે છે.

# પ્લાસ્ટિકની સ્ટ્રોનો ઉપયોગ કરતાં પહેલા સાવધાન..!! થઈ શકે છે કેન્સર

જયારે આપણે બહાર ખાવા જઈએ છીએ, ત્યારે આપણે પોતાના માટે જીંકં ફ્રૈહિાજ ઓર્ડર કરીએ છીએ. પછી તે જયુસ હોય કે મોકેટેલ. જયારે પણ આપણે કોઇ જીંકં ફ્રૈહિાજ ને ખોરાક સાથે લઈએ છીએ. તો તેનો સ્વાદ અલગ લાગે છે.

હવે તમે ઓર્ડર આપો છો પરંતુ તેને પીવું કેવી રીતે? તેથી તમે સ્ટ્રો સાથે પીવો છો જે પ્લાસ્ટિકની હોય છે. શું આ પ્લાસ્ટિક સ્ટ્રો તમારા સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે કે નહી, તે વિચાર કર્યા વગર તમે જીંકં ફ્રૈહિાજ લઈ લો છો.

પ્લાસ્ટિકની સ્ટ્રો તમારા સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. તેમાં ઁ્ઇંઅીરઅર્ઙ્મીહી દ્બર્ઙ્મીંઙ્ઘિ્ઇં રહેલાં હોય છે. જે શરીર માટે નુકસાનકારક છે અને કેટલાક રોગો પેદા કરે છે.

જો તમે સ્ટ્રોનો ઉપયોગ કરવા માંગો છો, તો તમે લાકડાની સ્ટ્રો અથવા કાગળમાંથી બનેલી સ્ટ્રોનો ઉપયોગ કરી શકો છો. જયારે તમે પ્લાસ્ટિકની સ્ટ્રોનો ઉપયોગ કરો છો, ત્યારે તે તમારા મોંઢામાં Collagen તોડે છે, જેના કારણે તમારી ઉંમર પહેલા Rinkles and fine lines થવા લાગે છે.

પ્લાસ્ટિકમાં કેટલાક નુકસાનકારક પદાર્થો રહેલાં છે. ઘણી સ્ટ્રોમાં Polypropylene and bisphinol પણ મળી આવે છે. જેનાથી વજન વધે છે અને કેન્સરનું જોખમ રહી શકે છે.

# અહંકાર, આનંદ અને ઉત્સવ

**માનસ** — **ડૉ. પ્રવીણ પટેલ**

'અહંકારી જીવને ઠેકાણે લાવવા કોઈ વાર ભગવાન તેને શાપ અપાવે છે.. ભગવાન દ્વારા શવસંતમાં ખીલતાં સુંદર પુષ્પો, નવપલ્લવિત થતાં વૃક્ષો, ઝુમતી લહેરાતી લતા, વેલો, સુવાસ રેલાવતી રાતરાણી, મધુમાલતીઓ, પવન સાથે ડોલતા છોડવા, કલકલ નિનાદ સાથે વહેતાં ઝરણાં, ખળખળ વહેતી સાગર ભણી દોટ મુકતી સરીતાઓ, વર્ષાઋતુમાં આકાશમાં ઉમટતી દોડતી વાદળીઓ, વર્ષા પછી નભમાં રચાતું મેઘધનુષ્ય, વર્ષાની શીતળ જળધારાઓ, પ્રભાત ટાણે વાતો, સુવાસિત, અનિલ, ટહુકતી કોયલો, ગહેકતા મયુર, પક્ષીઓના કલરવ અને માનાવીઓનો કોલાહલ (?) સુંદર સંધ્યાના રંગોથી આચ્છાદિત નભ, શાંત સુખદાયી રાત્રીઓ, સાગરમાં ઉઠતાં મોજાં, ભરતીઓનો ઘુઘવાટ, પરમાત્માની આ બધી સ્વયંભુ ક્રીડાઓ, કૃષ્ણ ગોપીઓની રાસલીલા નથી તો શું છે ? અત્ર, તત્ર, સર્વત્ર પુરુષરૂપે રહેલો પરમાત્મા જ સમગ્ર સૃષ્ટીના સર્જનોમાં રહીને અહર્નિશ રાસલીલા, આનંદપુર્ણ આહલાદક નિર્દોષ ક્રીડા કરી રહ્યો છે.

અને એટલે જ શિવજીની કૃપાથી સદેહે કૃષ્ણની રાસલીલા નિહાળી ચુકેલા સદ્ભાગી ભકત કવિ નરસિંહ મહેતાએ પ્રકૃતિની આ ક્રિડા નીહાળીને જ ગાયું હશે.

'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ..

એક તું એક તું એમ કહેવું..'

આધુનિક વૈજ્ઞાનિકો માને છે કે દરેક પદાર્થ ઉર્જાનો બનેલો છે. પદાર્થ સુક્ષ્મતમ કણ પણ માત્ર કણ સ્વરૂપે રહેતો નથી. એ કણ પણ વારંવાર સતત કણમાંથી તરંગ અને તરંગમાંથી પુન: કણમાં રૂપાંતરીત થતો રહે છે ! ઉપરાંત આ કણોને પણ તેમના કદ પ્રમાણે 'માઈક્રોન, મિઝોન અને પાયોન તરીકે ઓળખવામાં આવે છે. આ બધા જ પ્રકારના કણ સતત ગતીશીલ અને પરીવર્તનશીલ રહે છે. કયારેક ઉર્જામાંથી માઈક્રોફોન, કદીક મીઝોન તો વળી કયારેક તેનાથી વિપરીત કણો, ઉર્જામાં રૂપાંતરીત થતા રહે છે. વળી આ ફેરફારો સતત

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# સૂતા પહેલા ખાવ ૨ લવિંગ, પછી જુઓ તેના ફાયદા

**આરોગ્ય**

આપણ કિચનમાં એવા અનેક મસાલા છે જેનો પ્રયોગ આપણે સ્વાસ્થ્ય પરેશાનીને ઠીક કરવા માટે કરીએ છીએ. હળદર તેનુ સૌથી મોટુ ઉદાહરણ છે. પોતાના ઍંટીસેપ્ટીક ગુણને કારણે આ ઘા ભરવા ઠીક કરવા સુંદરતા મેળવવા વગેરે માટે પ્રયોગમાં લાવવામાં આવે છે. પણ હળદર ઉપરાંત બીજા પણ અનેક મસાલા છે જેને ઔષધિના રૂપમાં ઉપયોગમાં લઈ શકાય છે. લવિંગ તેમાથી એક છે. લવિંગમાં યૂજેનોલ હોય છે જે સાઈનસ અને દાંતના દુખાવા જેવા સ્વાસ્થ્ય સંબંધી બીમારીઓએન ઠીક કરવામાં મદદ કર છે. લવિંગની તાસીર ગરમ હોય છે. તેથી શિયાળામાં તે ખૂબ લાભકારી છે. આજે અમે તમને લવિંગનો એક એવો પ્રયોગ બતાવીશુ જેને અપનાવાથી કુલ ૫ શારીરિક પરેશાનીઓનો અંત આવે છે. ૧. પ્રયોગ મુજબ રાત્રે સૂવાના ઠીક પહેલા તમે ૨ લવિંગ ગ્રહણ કરી લો. પણ લવિંગને ડાયરેક્ટ ખાવાની છે અથવા તેના તેલનો પ્રયોગ કરવાનો છે કે પછી કોઈ અન્ય એક્સપરિમેંટ આ રોગ મુજબ પ્રયોગ કરવાનો છે.

**૧. પેટનો દુખાવો** - જો કોઈને રોજ પેટ દુખતુ હોય, પાચન શક્તિ કમજોર છે તો રાત્રે સૂતા પહેલા કુણા પાણી સાથે તે બે લવિંગ ગળી લે કે પછી જમ્યા પછી એક લવિંગ ચાવી લે. થોડા દિવસ આવુ કરવાથી પેટના દુખાવામાં ઘણી રાહત મળશે.

**૨. માથાનો દુખાવો** - પેટના દુખાવા ઉપરાંત માથાનો દુખાવો ઠીક કરવામાં પણ લવિંગ સહાયક છે. આ માટે જ્યારે પણ માથાનો દુખાવો થાય તો પેન કિલરને બદલે એક બે લવિંગ કુણા પાણી સાથે લો.

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

## હિપ્નોથેરાપી

**અનુસંધાન ૫ નુ ચાલુ..**

તમારૂં લગ્નજીવન તુટી જશે, સમીરે તને અમારી પાસેથી છીનવી લીધી છે. કુદરત તેને તારી પાસેથી છીનવી લેશે. જોતજોતામાં લગ્ન જીવનના ત્રણ મહીના વીતી ગયા. પ્રિયાની તબીયતમાં આવેલા બદલાવથી સાસુમા સમજી ગયા કે તે દાદી બનવાના છે. સમય જતાં પ્રિયાએ દિકરીને જન્મ આપ્યો. પ્રિયાના ઘેરથી કોઈ ન આવતાં તેનું મન દુભાયું.

હવે તો ગુડી ત્રણ મહીનાની થઈ ગઈ તે દિવસે સમીર બપોરે જમવા આવ્યો છાતીમાં દુઃખે છે, ડોકટરને ફોન કર કહી પલંગ પર સુતો. પ્રિયાએ તરત જ ડોકટરને ફોન કર્યો..એટલી વારમાં તો ન બનવાનું બની ગયું. ગણત્રીની મીનીટોમાં આવેલ ડોકટર સાહેબે પ્રયત્નો કર્યા પણ બધું નકામું ગયું.

પ્રિયા પર તો જાણે આભ તુટી પડયું. સમીરના મધર ફાધર એકના એક જુવાન દિકરાના અવસાનથી અવાક થઈ ગયા. માત્ર મીનીટોમાં મકાનના તથા ગલીના લોકોમાં સંબંધીઓમાં તેમજ મિત્ર વર્ગમાં સમાચાર ફરી વળ્યા. કલ્પના ન કરી શકાય તેવા સમાચારે સૌને હચમચાવી નાખ્યા.. પ્રિયાના પેરેન્ટસ પણ દોડી આવ્યા, જમાઈને તેમની જ બદદુઆ લાગી અને જુવાનજોધ દિકરી માત્ર સવા વર્ષમાં વિધવા થઈ. ત્રણ મહીનાની દિકરી જેને કોઈ સંબંધોની ખબર પણ નથી તે સમજણી થાય તે પહેલાં જ તેણે પિતાની છત્રછાયા ગુમાવી દીધી. આ બધા માટે પ્રિયાના પપ્પા મનુભાઈ પોતાને દોષી માનવા લાગ્યા. મનુભાઈના દુઃખનો પાર ન હતો. આ આઘાતથી ચક્કર ખાઈ પડી ગયા. મોંઢા પર પાણી છાંટી કાંધે સુંઘાડી તેમને જેમ તેમ ઉભા કર્યા અને બીજી રૂમમાં લઈ ગયા. ઘરની વિધિ પતાવી સમીરના નશ્વર દેહને લઈ ગયા. સાસુ સસરાએ હિંમત રાખી પ્રિયાને સંભાળી અને તેના પેરન્ટસને જુનું બધું ભુલી જવા કહ્યું. પ્રિયાએ ઘેર બેઠા કામ શરૂ કરી ઘરની જવાબદારી સંભાળી લીધી.

પ્રિયાના પપ્પામનુભાઈ માનસિક આઘાતમાં ઘસડાતા ગયા. હવે તે શરીર અને મનથી તુટી ગયા. પોતાની જાત માટે તિરસ્કાર વધતો ગયો આખો દિવસ રડતા, તેમની દિકરી અને નાનકડી પૌત્રીના ગુનેગાર છે તેમ કહેતા રહેતા. રોજ તેમની માનસિક સ્થિતી બગડતી જતી હતી. હવે ખાવાપીવામાં પણ રસ ન રહેતા. તેમના ફેમીલી ડોકટરની સલાહ લીધી. થોડા દીવસો દવા લીધી તે દરમ્યાન મનુભાઈના પુત્ર વિમલને તેના મિત્રે તેના પપ્પાને લઈને અમને મળવા સુચવ્યું એટલે વિમલભાઈએ ફોન કરી અમારી એપોઈન્ટમેન્ટ લીધી.એપોઈન્ટમેન્ટ પ્રમાણે વિમલભાઈ તેમના ફાધર મધર સાથે અમારે ત્યાં આવ્યા. બધાનો પરિચય કરાવ્યો અને ઉપરોકત સાથે વાતો વિગતવાર જણાવી. સહજ સમજી શકાય એવી વાત હતી કે ગુસ્સામાં તેમના બોલેલા શબ્દો પ્રમાણેની પરીસ્થિતી સર્જાઈ ત્યારે તેમને વાસ્તવિકતાનો ખ્યાલ આવ્યો પણ હવે ઘણું મોડું અને માઠું થઈ ગયું હતું તેનું તેમને દુઃખ હતું.

હીપ્નોથેરાપી અને માઈન્ડ પ્રોગ્રામીંગથી મનુભાઈની કાલની પરીસ્થિતિમાંથી બહાર લાવી શકાય અને ફરી પાછા સામાન્ય જીવન તરફ વાળી શકાય આ વાત જાણતા તેમના ચહેરા પર કેટલાય દિવસો પછી આનંદની લાગણી ઝળકતી હોય તેમ લાગ્યું.

બીજા દીવસથી મનુભાઈની સારવાર અમારા સેન્ટરમાં શરૂ થઈ. જેમ જેમ સારવાર આગળ વધતી તેમ તેમ મનુભાઈમાં સુધારો દેખાવા લાગ્યો. પાંચ દિવસમાં હકારાત્મક અભિગમ આવી ગયો ત્યારબાદ તેમના સામાન્ય જીવનમાં પાછા ફરવા લાગ્યા. હવે રડવાને બદલે અફસોસ કરવાને બદલે દિકરી, પૌત્રી અને તેના પરિવાર માટે કાંઈક કરી છુટવાની ભાવના જાગી. ખાવા પીવામાં પણ નિયમિત થઈ ગયા. કોઈપણ કારણસર આવેલ મુસીબતનો હિંમતપૂર્વક સામનો કરવા લાગ્યા. જે કાંઈ પણ થયું તેને કુદરતની કરૂણતા તરીકે સ્વીકારી. ફકત બાર દિવસની સારવારમાં મનુભાઈ અને તેમનો સ્વભાવ જાણે સાવ જ બદલાઈ જતા મનુભાઈના પરિવારમાં જાણે શાંતિ સ્થપાઈ ગઈ. એટલે જ હીપ્નોથેરાપી અને માઈન્ડ પ્રોગ્રામીંગના પ્રત્યક્ષ અનુભવ પછી આ મનોવિજ્ઞાનનો અને અમારો આભાર માનતા, ગુણગાન ગાતા અમારી સંસ્થાના સેવા કાર્યોમાં જોડાઈ ગયા.

હીપ્નોટીઝમ અંગેની માહિતી, સારવાર સંબંધી, સેલ્ફ હીપ્નોટીઝમ શીખવા પ્રેકટીલ ટ્રેનીંગ સાથે કે હીપ્નોટીઝમના મનોરંજક કાર્યક્રમોના આયોજન માટે સંપર્ક કરો.

**-બી.કુમાર-ડૉ.કૌશલ બી.શાહ**
**હીપ્નોથેરાપીસ્ટ અને માઈન્ડ પ્રોગ્રામર**
**૪-૫૨, શાંતિ ભુવન, ૪૭ જુની હનુમાનગલી, કાલબાદેવી**
**મુંબઈ-૨ મો.૯૮૨૧૨૩૮૮૩૫, ૯૮૧૯૬૪૬૩૨૭**
**Email:-drbkumar @ gmail. com**
**web site: www. bkumar. in**

# આ આયુર્વૈદિક ચા સૌથી જલ્દી જાડાપણું ઘટાડશે

જો તમે વ્યાયામ યોગાસન વગેરે કર્યા કે વધુ મુશ્કેલ ડાયેટિંગ કર્યા વગર જાડાપણું ઘટાડવા માંગે છે કે પોતાના શરીરને સારા આકાર (shape)માં મુકવા માંગે છે તો તમારે માટે અહી સરળ સીધો અને કારગર આયુર્વેદિક ઉપાય, જેને તમે ઘરેલુ નુસ્ખા પણ કહી શકો છો.

વજન કમ કરવામાં આયુર્વેદના ઉપાય ખૂબ સહાયક અને અસરદાર છે. આયુર્વેદિક વિશેષજ્ઞોની સલાહ છે કે જો આપણે રોજ કંઈક ખાસ પ્રકારના મસાલાનો પ્રયોગ નિયમિત સમય પર કરીએ તો આપણુ વજન ઘણુ ઓછુ થઈ શકે છે. આ મસાલામાં જીરુ, લીલા ધાણા, કાળા મરી, વરિયાળી અને તજ વગેરેનો સમાવેશ છે. આ મસાલા પાચન ક્રિયાને દુર કરવા ઉપરાંત શરીરમાંથી દૂષિત પદાર્થ પણ બહાર કાઢવામાં સહાયક હોય છે. તેનાથી બનેલી ચા નિયમિત રૂપે પીવાથી તમારી ત્વચા પણ સાફ અને સ્વસ્થ થઈ જશે.

આવો જાણો આ મસાલાની ચા કેવી રીતે બનાવશો, જે તમારું જાડાપણું (ફેટ) ઓછુ કરશે.

સામગ્રી - ૧ ચમચી જીરુ, ૧ ચમચી આખા ધાણા, ૧ ચમચી વરિયાળી, ૨ ઝીણી સ્લાઈસ આદુ, ૧ ચમચી કાળા મરીના દાણા, ૫-૭ લવિંગ, ૨ ઈંચ તજનો ટુકડો ને ૧ લીટર પાણી.

વિધિ - સૌથી પહેલા પાણીને બધી સામગ્રીઓની સાથે ઉકાળી લો. જ્યારે પાણી સારી રીતે ઉકળીને અડધુ રહી જાય ત્યારે તેને ૫ થી ૧૦ મિનિટ સુધી ઢાંકીને મુકી દો. ત્યારબાદ તેને ગાળશો તો ૪ થી ૬ કપ ચા બનશે. જેને જરૂર મુજબ ૪ થી ૬ લોકો પણ પી શકે છે કે પછી તમે દિવસમાં ૩ વાર બે દિવસ સુધી પણ પીવી શકો છો.

## આરોગ્ય

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

થોડી જ વારમાં આરામ મળશે. સૌથી સારી વાત એ છે કે આ લવિંગ અન્ય પેન કિલરની જેમ કોઈ સાઈટ ઈફેક્ટ નથી કરતી.

૩. ગળામાં ખરાશ - ઋતુ બદલતા જ કે પછી બહાર કંઈક ખોટુ ખાવાથી જો ગળામાં ખરાશ થાય છે તો લવિંગ ચાવી લો. કે પછી તેને જીભ પર મુકીને ચૂસતા રહો. તેનાથી ગળાની ખરાશ અને દુખાવામાં ખૂબ આરામ મળે છે.

૪. શરદી - શરદી થઈ જાય તો મધ સાથે લવિંગ લો. આ પ્રયોગ ૩-૪ દિવસ રોજ કરશો તો શરદી છૂમંતર થઈ જશે.

૫. ખીલ - લવિંગના પ્રયોગથી ખીલ, બ્લેકહેડ્સ કે વ્હાઈટહેડ્સથી પણ છુટકારો મેળવી શકાય છે. આ માટે તમારી સ્કિન મુજબ તમે જે પણ ફેસપૈકનો ઉપયોગ કરો છો તેમ થોડુ લવિંગનુ તેલ મિક્સ કરી લો અને તેને અઠવાડિયામાં બે વાર ચહેરા પર લગાવો. થોડા જ દિવસમાં ચેહરા પરથી ખીલ ગાયબ થઈ જશે અને ચમકદાર થઈ જશે.

# ઉનાળામાં આરોગ્ય માટે ફાયદાકારી છે કાચી કેરીનો પના

ઉનાળામાં મૌસમમાં આવતા જ કેરીની આવક પણ શરૂ થઈ જાય છે અને તેના સ્વાદિષ્ટ પકવાનના સમય પણ. ચટણી સિવાયના સૌથી સ્વાદિષ્ટ વ્યંજનમાં શામેળ છે કેરીના પના. સ્વાદમાં તો આ મજેદાર જ છે, ગરમીથી બચવા માટે અને આરોગ્યના બીજા લાભ મેળવવા માટે પણ આ સરસ છે.

૧. કેરીના પના ગરમીના દુષ્પ્રભાવથી બચવામાં ખૂબ ફાયદાકારી છે. આ તમને લૂથી બચાવશે અને શરીરમાં તરળતા બનાવી રાખવામાં મદદગાર થશે.

૨. ગર્મીના દિવસોમાં તેનો દરરોજ ઉપયોગથી પેટની સમસ્યાઓથી દૂર રાખશે અને પાચનક્રિયાને દુરૂસ્ત રાખવામાં પણ સહાયક થશે. આ એક સરસ પાકક પેય છે.

૩. પેટની ગરમીને ખત્મ કરવાની સાથે આ પાચક રસના નિર્માણમાં પણ મદદ કરે છે.

૪. ટીબી, એનિમિયા, હૈજા જેવા રોગો માટે આ ટાનિકની રીતે કામ કરે છે. સાથે જ પરસેવમાં શરીરથી નિકળનારી સોડિયમ અને જિંકનો સ્તર પણ બનાવી રાખે છે.

૫. વિટામિન સી થી ભરપૂર હોવાના કારણે આ તમારી પ્રતિરોધક ક્ષમતામાં વધારો કરે છે અને ઘણી સ્વાસ્થય સમસ્યાઓથી તમારી રક્ષા કરે છે.

## માનસ..

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

ચાલ્યા કરે છે વળી એમની માત્રા અને સ્વરૂપોમાં પણ ફેરફારો થયા કરે છે.

આવાં સુક્ષ્મ ગતિશીલ પરિવર્તનશીલ વિવિધ સ્વરૂપો અને ઉર્જામાં ફેરફાર પામતા કણોની આ પ્રક્રિયાને આપણે કૃષ્ણ અને ગોપીઓની રાસલીલા નહીં તો બીજું શું કહીશુ? સદીઓથી એક કહેવત પ્રચલિત છે, કણ-કણમાં ભગવાન..! અને જ્યાં પરમાત્મા હોય ત્યાં આનંદની રાસલીલા ન હોય એવું કલ્પી જ કેમ શકાય ? આવા આનંદ સ્વરૂપ અવિરત રાસલીલા ખેલતા પરમાત્મા, બ્રહ્મનો ત્યાગ મા બાપ કોણ કાઢી શકે ? સાગરનાં નીરનાં કેટલાં ટીપાં છે ? આકાશમાં કેટલા તારા, ગ્રહો, ઉપગ્રહો નિહારીકાઓ ધુમકેતુઓ છે ? કોઈ જવાબ નથી ? તે અનંત, અગમ્ય, સીમાતીત, સર્વશક્તિમાન સદાકાળ છે.

**ડૉ. પ્રવિણ પટેલ**

# કૅંસર અને ડાયબિટીજ માટે ફાયદાકારી કેળા

આમ તો દરેક ફળ આરોગ્ય માટે જ હોય છે . આ જ રીતે કેળાના ફળ ફાયદાકારી છે માત્ર કેળાના ફળ જ નહી પણ ફૂલ અને તના પણ શરીરના માટે લાભકારી છે . પાન પર ભોજન કરવાથી આરોગ્ય પર ખૂબ અસર હોય છે. આ રીતે કેળાના ફૂલમાં પૌષ્ટીક તત્વની મોટી માત્રા હોય છે. એમાં ખૂબ ફાઈબર પ્રોટીન પોટેશિયમ કેલ્શિયમ કૉપર ફાસ્ફોરસ આયરન મેગ્નીશિયમ અને વિટામિન "ઈ" હોય છે.

આજે અમે તમને કેળાના ફૂલ અને ફળ ખાવાથી કયાં કયાં લાભ હોય છે

★ કેળાના ફૂલ મધુમેહ અને ડાયબિટીજના દર્દીઓ માટે લાભકારી છે.

કેળાના ફૂલ મધુમેહ અને ડાયબિટીજના દર્દીઓ માટે લાભકારી છે.

★ કેળાના ફૂલ ડિપ્રેશનના રોગને રોકવા માટે લાભકારી છે. આ સ્ટ્રેસને ઓછું કરે છે.

★ ફ્રી રેડિકલ્સ હેલ્દી સેલ્સ અપર અટેક કરીને એને નબળું બનાવે છે. કેળાના ફૂલ કેંસર અને દિલના રોગને રોકવા માટે લાભકારી છે.

★ એક કપ કેળાના ફૂલને પાકું દહીંના સાથે ખાવો. આથી પીરિયડસ નિયમિત રહે છે.

★ કેળાના ફૂલ ખાવાથી એનીમિયાના રોગથી બચી શકાય છે. આ રોગજન્ય જીવાણુથી શરીરના બચાવ કરે છે.

★ કેળાના ફૂ મહિલાઓમાં દૂધની માત્રાને વધારે છે. આથી આ સ્તનપાન કરતી મહિલાઓ માટે લાભકારી છે.

**રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....**

**‘જન્મદિન મુબારક’ માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★‘રખેવાળ’ માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

**નામ :**........................ **પતિ/પિતા :**........................
**માતા :** ........................**જ.તા.** ................**ઉ.વ.**
**પરિચયઃ** ..........................................................
**સરનામુ :** ......................................................
**મોકલનારની સહી :** ................................................

## ડીસા હવાઈ ...

**પાના નં.૧ ચાલુ**

જાતે ઉદ્ઘાટન કરતા શહેર ભરમાં આ મામલો ચર્ચાસ્પદ બન્યો હતો. કરોડો રૂપિયાની ગ્રાન્ટમાંથી લોકો માટે જ નિર્માણ થયેલા આ બગીચાનું રાજકીય વિવાદના કારણે વિધિપુર્વક લોકાર્પણ ના થતાં લોકોએ જાતે જ લોકાર્પણ કર્યું હતું અને જે ને ખરેખર આવા સુંદર બગીચાના લોકાર્પણનો જશ લેવો જોઈએ તે ભાજપ સરકાર વંચીત રહી જવા પામી હતી. આ સમયે ડીસા શહેર,તાલુકા તેમજ જિલ્લામાંથી મહિલાઓ તથા બાળકો સહીત ચાર થી પાંચ હજાર લોકો ઉમટી પડ્યા હતા.

## ડીસામાં ...

**પાના નં.૧ ચાલુ**

સવારે મકાન માલિકો જાગ્યા ત્યારે પોતાના ઘરમાં ચોરી થઈ હોવાનું માલૂમ પડતા ચકચાર મચી ગઈ હતી. મોટી સંખ્યામાં લોકો સોસાયટીમાં ભેગા થયા હતા. બન્ને મકાનોમાંથી કુલ રૂા. ૭ લાખથી વધુના મુદ્દામાલની ચોરીની ઘટના બનતા શહેરમાં ભયનો માહોલ ઉભો થયો છે અને પોલીસ રાત્રે પેટ્રોલીંગ કરે છે? કે સુઈ રહે છે? તેવા સવાલો ખડા થયા છે. બન્ને મકાનમાલિકોએ ભાભર પોલીસને જાણ કરી છે.

## કાંકરેજમાં ...

**પાના નં.૧ ચાલુ**

પાણી ખેચવા મોટરો - પાઈપો નાખીને પાણી ખેચી રહ્યા તે હકીકતથી નર્મદા નહેરના અધિકારીઓ ત્રાટક્યા હતા. ને કાંકરેજ તાલુકાના ચાંગાથી દિયોદર તાલુકાના લુદરા સુધી આવી પાણી ખેચતી મોટરો - પાઈપો ને કબજે કરી કડક કાર્યવાહી કરવામાં આવશે તેવું જણાવતા હતા. કાંકરેજ દિયોદર પંથકમાં નર્મદા નહેરથી મોટા પાયે કૃષિ પાક - ઘાસચારો પાકી રહ્યા છે ત્યારે અચાનક નર્મદા નહેરના અધિકારીઓ કર્મચારીઓ કાફલા સાથે ત્રાટકી પાણી ખેચતાં સાધનો લઈ જતાં રોષની સ્થિતિ જોવા મળી હતી.

## ડીસામાં ...

**પાના નં.૧ ચાલુ**

અને પંખાની કૃત્રિમ ઠંડી હવાની અસર કાતિલ ગરમીને ખાળી રહ્યા છે. તો ગરમીના પગલે છાસ, દહી, લસ્સી જેવી ડેરી પેદાશોની વસ્તુઓની માંગમાં પણ વધારો થયો છે ત્યારે ઉનાળામાં પડી રહેલી કાતિલ ગરમીમાં ઠંડી વસ્તુઓની છેલ્લા કેટલાક દિવસોથી માંગમાં વધારો થયો છે સવારે ૯ વાગ્યાથી ગરમી પડવાનું શરૂ થતા મોડી રાત સુધી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે જે માંય બપોર ૩ થી ૭ વાગ્યા સુધી ગરમીમાં ભારે ઉકળાટ હોવાથી લોકો પરસેવે રેબઝેબ થઈ ઉઠે છે ત્યારે રવિવારના ડીસાનુ તાપમાન ૪૩ ડીગ્રી મહતમ જ્યારે ૨૮.૩ ડીગ્રી લઘુતમ નોંધાયુ હતુ.

## ચિત્રાસણી...

**પાના નં.૧ ચાલુ**

જેમાં અજાણ્યા વાહન ચાલકે કારને ધડાકાભેર ટક્કર મારી હતી. જેથી કારના ફુરચે ફુરચા ઉડી ગયા હતા. આ અકસ્માતમાં કારમાં સવાર રાજસ્થાનના ૪૫ વર્ષીય પિંડવાડાન દક્ષતભાઇ ભરતભાઇ પ્રજાપતિ અને અન્ય એક વ્યક્તિને ઈજાઓ થવા પામી હતી.જેમને પાલનપુર ૧૦૮ દ્વારા પાલનપુરની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. જ્યાં દક્ષતભાઈની હાલત નાજુક હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. દરમિયાન અકસ્માતની જાણ થતાં ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા એકઠા થઇ ગયા હતા.

## હોમગાર્ડના હેડ...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

રહ્યા હતા. ઉદયસિંહ સોલંકી મહેસાણા જિલ્લાના મોઢેરાના વતની ઉત્સાહી આર્મરર તરીકે સુરત વડોદરા- નવસારી- અમરેલી- આહવા- ડાંગ ખાતે ઉત્કૃષ્ઠ કામગીરી બદલ મુખ્યમંત્રી મેડલ, ડાયરેક્ટર જનરલ સિવીલ ડિફેન્સ નવી દિલ્હી- મેડલ, રાષ્ટ્રપતિ મેડલ મેળવી હોમગાર્ડની સુવાસ ફેલાવી રહ્યા છે. હાલમાં તેઓ રાજ્ય હોમગાર્ડ મુખ્ય કચેરી ઉપરાંત પાટણ જિલ્લા હોમગાર્ડ દળમાં આર્મરર તરીકે સેવા આપતા હતા. તેઓ અત્યારે સુંઢીયા - ગુજરાત ખાતે રાજયના સિનિયર એન.સી. ઓઝા તથા અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ૧૫૦ જેટલા તાલીમાર્થીઓને ઈન્સ્ટ્રક્ટર તરીકે તાલીમ આપી રહ્યા છે.

## ગુંદરી પોલીસ ચેકપોસ્ટ...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

બંધ બોડીના પીકઅપ ડાલા નંબર HR.37.C.4029 ની વોચમાં હતા. દરમ્યાન સદરી પીકઅપ ડાલુ આવતાં તેને કોર્ડન કરી રોકાવતાં તેમાં ચાલક સોમબીર અવાસીગ જાતે જાટ (ચૌધરી) રહે. ઈન્દાસર તા.રાજગઢ જી.ચોરૂ (રાજ.) વાળો બેઠેલ હોઇ અને ખાલી સાઇડમાં દિનેશકુમાર મહેન્દ્રસીગ જાતે જાટ (ચૌધ્રી) રહે. ઈન્દાસર તા.રાજગઢ જી.ચોરૂ (રાજ.)વાળો બેઠેલ હોઇ અને સદરે બંધ બોડીના પીકઅપ ડાલા પાછળ દરવાજાને મારેલ શીલ તોડી તેનો દરવાજો ખોલી અંદર ચેક કરતાં ગે.કા. વગર પાસ પરમીટે પર પ્રાંતિય વિદેશી દારૂ ની પેટી નંગ- ૧૦૨ તથા કુલ બોટલ નંગ- ૧૨૨૪ કુલ કિમત રૂપિયા ૪,૮૯,૬૦૦ નો તથા પીકઅપ ડાલુ કિમત રૂ.૩,૦૦,૦૦૦ તથા મોબાઇલ નંગ-૨ કિમત રૂ.૧૦૦૦ એમ મળી કુલ કિમત રૂપિયા ૭,૯૦,૬૦૦ ના મુદામાલ સાથે હેરા ફેરી કરી લઈ આવતાં આવતાં સદરી બંન્ને ઈસમો વિરૂધ્ધ કાયદેસર ની કાર્યવાહી કરેલ છે.

## ડીસા તાલુકાના...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

ડીસા તાલુકાના શેરપુરા ગામ નજીક ચાર દિવસ અગાઉ સીપુ જળાશયની કેનાલમાં ભંગાણ સર્જાયું હતું.. ત્યારે આ ઘટનાને હજુ માત્ર ચાર દિવસ જેટલો જ સમય વીત્યો છે ત્યારે આજે એકવાર ફરી આ જ ગામ ફરી એકવાર કેનાલમાં ૧૦નું ગાબડું પડ્યું છે. શેરપુરા નજીકથી પસાર થતી સીપુ જળાશયની પાણીની કેનાલમાં આજે વહેલી સવારના સમયે ગાબડું પડતા કેનાલનું પાણી આસપાસના ખેતરોમાં ઘુસી ગયું હતું અને ઉભા પાકને વ્યાપક નુકશાન પહોંચાડ્યું હતું.. એક જ અઠવાડિયામાં આ સતત બીજી વાર કેનાલ તૂટવાની ઘટના બની છે ત્યારે આ કેનાલોની ગુણવત્તા પર હવે સવાલો ઉભા થઇ ગયા છે.. અધિકારીઓએ આ કેનાલ બનતી વખતે કેવા પ્રકારનું મોનીટરીગ કર્યું હશે કે આટલી તકલાદી કેનાલો બની રહી છે.. ખૈર ગમે તે હોય પરંતુ એક હકીકત તો સ્પષ્ટ જોવા મળી રહી છે કે અધિકારીઓની બેદરકારીના લીધે આજે અમુલ્ય પાણીના જથ્થાનો બેફામ વેડફાટ થઇ રહ્યો છે.

## ભેંસાણા ગામ...

**પાના નં.૮ ચાલુ**

આગ ઓલવવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં ટ્રક આગમાં ભડથું થઈ ગઈ હતી. જેમાં મોટા પાયે નુકશાન થવા પામેલ. ઘટના બાદ તુરંત જ દીઓદર મામલતદાર પી.એસ. પંચાલ ઘટના સ્થળે દોડી આવ્યા હતા.દીઓદર પંથકમાં ફાઈટરની સુવિધા ન હોવાથી ખૂબ જ મુશ્કેલીઓ પડી રહી છે.તંત્ર દ્વારા દીઓદર પંથકમાં ફાઈટરની સુવિધા કરવામાં આવે તેવી લોકોની માંગ ઉઠવા પામી છે.આગ ઓલવવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં ટ્રક આગમાં ભડથું થઈ ગઈ હતી. જેમાં મોટા પાયે નુકશાન થવા પામેલ. ઘટના બાદ તુરંત જ દીઓદર મામલતદાર પી.એસ. પંચાલ ઘટના સ્થળે દોડી આવ્યા હતા.દીઓદર પંથકમાં ફાઈટરની સુવિધા ન હોવાથી ખૂબ જ મુશ્કેલીઓ પડી રહી છે.તંત્ર દ્વારા દીઓદર પંથકમાં ફાઈટરની સુવિધા કરવામાં આવે તેવી લોકોની માંગ ઉઠવા પામી છે.

## ભાભરમાંથી આઈપીએલ...

**પાના નં.૮ ચાલુ**

તથા મોબાઈલ નંગ-૮ કિ.રૂા.૮૦૦૦ તથા લેપટોપ કિં.રૂા.૨૦,૦૦૦ તેમજ અન્ય સાહિત્ય મળી કુલ રૂા.૪૦૭૦૦ નો મુદામાલ પોલીસે કબ્જે લઈ બન્ને શખ્સો સામે જુગાર ધારા મુજબ ગુનો નોંધી વધુ તપાસ ભાભર પોલીસે હાથ ધરી છે. ભાભરમાંથી દારૂ જુગાર અને ક્રિકેટ મેચના સટ્ટાઓ પકડાતા ફફડાટ ફેલાયો છે.

## ભાભર આઈ.સી.ડી.એસ.નાં ...

**પાના નં.૮ ચાલુ**

એટ્રોસીટીની ફરીયાદ ભાભર પોલીસ સ્ટેશનમાં કરેલ હતી. જેની સામે સુપર વાઈઝર લીલાબેન ચૌધરીએ નામદાર ગુજરાત હાઈકોર્ટનાં દ્વારા ખખડાવ્યા હતા. અને ફરીયાદ ખોટી હોવાનો ઘા નાખેલ જેને નામદાર હાઈકોર્ટે ગ્રાહ્ય રાખી પ્રથમ દૃષ્ટિ એ જ ફરીયાદ ખોટી હોવાનું લાગતા ફરીયાદ સામે સ્ટે આવ્યો હતો. જેના કારણે તપાસ કર્તા અધિકારીઓ અને ખોટી ફરીયાદનો ભોગ બનેલ મહિલાએ રાહત અનુભવી છે, જેથી આવી સાક્ષેપાત્મક ફરીયાદ નોંધાવી અધિકારીઓને ઘૂંટણીએ પાડવા મથતા તત્વોને નામદાર કોર્ટે લપડાક આપી છે.

## ડીસામાં ગાડી...

**પાના નં.૮ ચાલુ**

મહિન્દ્રા ફાઈનાન્સ કંપનીના હપ્તા ભરી દેવા જણાવ્યું હતું. આમ તારીખ ૧૬-૦૩-૨૦૧૮ ના રોજ ઈકો કાર વાચાણે આપી બાના પેટે રૂ. ૨૫ હજાર ચૂકવી બાકીની રકમ દસ દિવસમાં આપી દઈશું તેમ જણાવી ગાડી ખરીદી હતી પરંતુ વાયદા મુજબ પૈસાના ચુકવતા ઉઘરાણી કરતા ચેક આપ્યો હતો તે પણ બેલેન્સ ન હોવાથી પરત ફર્યો હતો. આમ ઉપરોક્ત ઈસમો વાયદા બતાવી પેમેન્ટ ના ચૂકવી ઉલટાની કલ્પેશભાઈને ધાક ધમકી આપતા તેઓએ બંને ઈસમો સામે કાયદેસર ની કાર્યવાહી કરવા જીલ્લા પોલીસવડાને લેખિત ફરિયાદ કરી છે.

## કાંકરેજ તાલુકાના...

**પાના નં.૮ ચાલુ**

ભેંસાણા નજીક સરકારી ઘાસ ભરેલી ટ્રકમાં આગ લાગ્યા બાદ બપોર બાદ વધુ એક સરકારી ઘાસ ભરીને જઈ રહેલી એક ટ્રકમાં કાંકરેજ તાલુકાના જામપુર ગામ પાસે આગ લાગી હોવાની ઘટના સામે આવી છે. પ્રાથમિક તપાસમાં ટ્રકમાં આ આગ શોટ સર્કીટથી લાગુ હોવાનું સ્થાનિક લોકો અનુમાન લગાવી રહ્યા છે.. ટ્રક પસાર થઇ રહી હતી ત્યારે ટ્રકની ઉપરથી પસાર થતા વીજ વાયરના સંપર્કમાં ટ્રક આવી જતા ટ્રકમાં આગ લાગી ગઈ હતી.. આ ઘટના બનતા લોકોએ આગ બુઝાવવા માટે ખુબ જ પ્રયાસ કર્યા હતા.. પરંતુ આગને બુઝાવવામાં સફળતા મળી નહોતી... અને જોત જોતામાં આખી ટ્રક આગમાં લપેટાઈ ગઈ હતી.. આ ઘટનામાં ટ્રકમાં ભરેલું સંપૂર્ણ સરકારી ઘાસ બળીને રાખ થઇ ગયું હતું. આજે સરકારી ઘાસ ભરેલી ટ્રકમાં આગ લાગવીની આ બીજી ઘટના છે.

# હવે હુમા કુરેશી સાથે ફરી કોઇ હોરર ફિલ્મ નહીં કરે

મુંબઈ

હુમા કુરેશી બોલિવુડમાં સફળ રીતે પગ જમાવી લીધા બાદ હવે તેનો ભાઈ સાકિબ સલીમ પણ આશાસ્પદ સ્ટાર તરીકે ઉભરી રહ્યો છે. તે પોતાની બહેન હુમા કુરેશી સાથે હોરર ફિલ્મમાં કામ કરી ચુક્યો છે. તે હવે હુમા સાથે નવી કોઈ હોરર ફિલ્મ કરનાર નથી. તેની પાસે પણ કેટલીક સારી ફિલ્મો હાથમાં આવી રહી છે. બોલિવુડમાં મુઝસે ફ્રેન્ડશીપ કરોગે નામની ફિલ્મ સાથે એક્ટિંગ કેરિયરની શરૂઆત કરનાર સાકિબ સલીમ ટુંક સમયમાં જ તાપ્સી પન્નુની સાથે દિલ જંગલીમાં નજરે પડનાર છે. હાલમાં જ સાકિબે પોતાની બોલિવુડ કેરિયર અંગે વાત કરી હતી. તેનુ કહેવુ છે કે તે કેટલીક જુદી જુદી ભૂમિકાવાળી ફિલ્મો કરી રહ્યો છે. તે હવે કોમર્શિયલ ફિલ્મો કરવા માટે ઈચ્છુક છે. તેનુ કહેવુ છે કે દિલ જંગલી ફિલ્મ બની ત્યારે શુટિંગ દરમિયાન ખુબ મજા પડી ગઈ હતી. આ ફિલ્મની ખાસિયત એ છે કે ફિલ્મમાં મોટા ભાગે યુવાન લોકો કામ કરી રહ્યા છે. સ્ટારકાસ્ટથી લઈને ડાયરેક્ટર અને પૂર્ણ પ્રોડક્શન ટીમ યંગ લોકો સાથે બનેલી છે. તે તાપ્સી સાથે પહેલા પણ એક મ્યુઝિક વિડિયોમાં કામ કરી ચુક્યા છે. આ વિડિયોને આલિયા સેને ડાયરેક્ટ કર્યા બાદ ફિલ્મ બનાવવા માટે તૈયારી કરવામાં આવી હતી. એ વખતે આલિયાએ તેને દિલ જંગલી અંગે વાત કરી હતી. ત્યારબાદથી આ દિશામાં આગળ વધવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

# બાળકોની કોલ્ડ કફની સમસ્યા દૂર કરો

આદુનો ઉપયોગ રસોઈની સાથે સાથે વર્ષોથી આયુર્વેદિક દવાઓઅમં પણ થઈ રહ્યો છે. કફ, ફેફ્સાનુ ઈંફેશન, છાતીમાં જમા કફ વગેરે આરોગ્ય સાથે જોડાયેલી અને બીજી અનેક પરેશાનીઓને દૂર કરવામાં આદુ ખૂબ લાભકારી છે. ઘરેલુ ઉપચારમાં આદુનો રસ કે પછી તેને ડ્રાઈ મતલબ સૂંઠના રૂપમાં કરવામાં આવે છે.

આયુર્વૈદિકનો ઉપયોગ રસોડાની સાથે સાથે વર્ષોથી આયુર્વૈદિક દવાઓમાં પણ થઈ રહ્યો છે. કફ, ફેફ્સાનું ઈંફેકશન છાતીમાં જમા કફ વગેરે આરોગ્ય સાથે જોડાયેલી બીજી અનેક પરેશાનીઓને દૂર કરવામાં આદુ ખૂબ લાભકારી છે. ઘરેલુ ઉપચારમાં આદુનો રસ કે પછી તેને ડ્રાય મતલબ સૂંઠના રૂપમાં કરવામાં આવે છે. આયુર્વૈદિક ઉપચારની વાત કરીએ તો આદુને સારુ દર્દ નિવારક પણ માનવામાં આવે છે અને તેને કૈપ્સુલના રૂપમાં ઉપયોગમાં લેવામાં આવે છે. આ ઉપરાંત ખાંસી કફ અને ફેફ્સામાં જમા ઘટ્ટ ચિકણો પદાર્થ મતલબ મ્યૂકસ( રેષ્ઠેજ)થી રાહત અપાવવા માટે [illegible] થૈરેપી ખૂબ જ કારગર છે.

આદુમાં રહેલ આયરન, કેલ્શિયમ, વિટામિન, ક્લોરિન અને પોષક તત્વો ઉપરાંત એંટીવાયરલ ગુણ

રોગ પ્રતિરોધક ક્ષમતાને મજબૂત બનાવે છે. જે લંગ ઈંફેકશનથી છુટકારો અપાવવામાં ખૂબ જ કારગર છે. જિંજર રૈપ્ડ થેરેપીમાં આદુનુ સેવન કરવાથી નહી પણ તેના પેસ્ટને છાતી પર લગાવીને ફાયદો મળે છે. જેનથી શરીરમાંથી ઝેરીલા પદાર્થ બહાર નીકળી જાય છે અને રોગોથી રાહત મળે છે.

આ રીતે કરો Wrapped ginger થેરેપીનો ઉપયોગ

આ માટે મધ, આદુનો પાવડર, ઓલિવ ઓઈલ, થોડો લોટ, નેપકિન અને ટેપની જરૂર છે. સૌ પહેલા મધ, આદુ પાવડર, ઓલિવ ઓઈયને મિક્સ કરી લો. આ પેસ્ટને નેપકીન પર નાખીને થોડો સુકો લોટ છાંટી દો અને આ તૈયાર આદુના પેસ્ટને છતી પર મુકીને ટેપ લગાવી દો. જેથી તે સહેલાઈથી ચોંટી રહે. આ થૈરેપીનો ઉપયોગ રાતના સમયે કરો અને ૩-૪ કલાક આ રીતે લગાવીને રહેવા દો. ત્યારબાદ તેને ઉતારી દો. આ કફ, ખાંસી અને ફેફસાના ઈંફેકશનથી રાહત મેળવવાની બેસ્ટ રીત છે. આ ઘરેલુ ઉપચાર બાળકો માટે પણ ઉત્તમ છે.

## રાધનપુરમાં કોંગ્રેસની આતશબાઝી




રાધનપુર

કર્ણાટકમાં ભાજપ બહુમતી સાબિત કરી ના શકતા કરૂણ રકાસ થતા રાધનપુરમાં નગરપાલિકા કચેરી આગળ કોંગ્રેસના કાર્યકરો દ્વારા આતશબાઝી કરીને ઉત્સવ મનાવવામાં આવ્યો હતો,અને ભાજપ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરીને વાતાવરણને ગજવી મૂક્યું હતું. આ પ્રસંગે પાલિકા પ્રમુખ કમુબેન ઠાકોર,તાલુકા કોંગ્રેસ પ્રમુખ નવીનભાઈ પટેલ,શહેર કોંગ્રેસ પ્રમુખ કાનજીભાઈ પરમાર,ગણેશભાઈ ઠાકોર,ઉસ્માનભાઈ વોરા સહીત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## રાધનપુરમાં ભારત વિકાસ પરિષદ દ્વારા પક્ષીઓને પાણી પીવા માટે કુંડાનું વિતરણ કરાયું



રાધનપુર

રાધનપુરમાં ભારત વિકાસ પરિષદ દ્વારા દાતા રામચંદ્ર નહેચલદાસ વનજાનીના સૌજન્યથી તેમના દીકરા રાજુભાઈ વનજાનીનાં હસ્તે પક્ષીઓને પીવાના પાણીના ૫૫૦ કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું,જયારે કલ્પેશભાઈ દેવચંદભાઈ ઠક્કરના સૌજન્યથી રાહદારીઓ માટે પીવાના ઠંડા પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી.આ પ્રસંગે ભારત વિકાસ પરિષદના પ્રમુખ ડો.પરેશભાઈ દરજી,મંત્રી દિલીપભાઈ પુજારા, ખજાનચી રાજેશભાઈ ઠક્કર,પ્રહલાદભાઈ તન્ના, કમલેશભાઈ તન્ના સહીત સંસ્થાના સદસ્યો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પાટણમાં સિધ્ધપુર ચાર રસ્તા પર ખાનગી વાહનો પાર્ક કરવામાં આવતા અકસ્માતનો ભય

પાટણ

પાટણ- સિધ્ધપુર ચાર રસ્તા પર આવેલી નવજીવન હોટલ સામે ખાનગી વાહનો વધુ પ્રમાણમાં પાર્ક થતાં ઊંઝા તરફથી આવતી બસોને વળાંકમાં બસ વાળવી હોય તો બસ ડ્રાયવરને પરેશાન થવુ પડે છે.આ વળાંકવાળા રસ્તેથી ટીબી ત્રણ રસ્તા પર જતી બસોને ટીબી સ્ટેન્ડ પાસે પણ લારી ગલ્લાના દબાણો અને રસ્તા પર રીક્ષા ચાલકોના અડ્ડાથી અકસ્માતનો ભય સેવાય છે. જાણવા મળતી વિગતો અનુસાર પાટણમાં પાટણ- સિધ્ધપુર ચાર રસ્તા પર આવેલ હોટલ નવજીવન અને સિધ્ધરાજ પેલેસ હોટલ આગળ ખાનગી વાહનો કલાકો સુધી પાર્ક કરવામાં આવતા ટ્રાફિકની સમસ્યા ગંભીર બની છે. ત્યારે ઊંઝા તરફથી આવતી બસના ચાલકોને ચાર રસ્તેથી વળાંક લેવો મુશ્કેલ પડે છે ટ્રાફિક સત્તાવાળાઓ દ્વારા નવજીવન હોટલ સામે પાર્ક કરવામાં આવતા વાહન ચાલકો વિરૂધ્ધ કડક દંડકીય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

## ચાણસ્મા તાલુકા પંચાયત પ્રમુખની ખુરશી હાંસિલ કરવા રાજનીતિના કાવાદાવા શરૂ

ચાણસ્મા

ચાણસ્મા તાલુકા પંચાયતમાં નવીન કારોબારીની મીંટીગ કારોબારીના અધ્યક્ષ શ્રીમતી કલાવતીબેન ગોપાળજી ઠાકોરના અધ્યક્ષ સ્થાને આજે ચાણસ્મા ખાતે મળી હતી. કોંગ્રેસ શાસિત કારોબારી સમિતિમાં છ સભ્યો હાજર રહ્યા હતા. જ્યારે અન્ય ત્રણ સભ્યો ગેરહાજર રહ્યા હતા. સભાનું કોરમ થવાથી એજન્ડામાં બતાવેલા તમામ કામોને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી હતી. જેમાં વર્તમાન ન્યાય સમિતિના ચેરમેનની ઓફીસમાં એ.સી.લગાવવાના કામનો પણ સમાવેશ થાય છે, બહુ ચર્ચિત કોંગ્રેસ શાસિત તાલુકા પંચાયતમાં વર્તમાન મહિલા પ્રમુખ અને કારોબારી અધ્યક્ષ સામે અનેક રાજકીય સંકટ આવ્યું હતું. જેમાં મહિલા પ્રમુખ કોકીલાબેન કે.પટેલ વિશ્વાસનો મત જીતી ગયા હતા. જ્યારે કારોબારી અધ્યક્ષ ભાથીજી વેલાજી ઝાલા વિશ્વાસનો મત હારી જતાં મુદત પુરી થાય તે પહેલાં અધવચ્ચે રાજીનામું આપવાની નોબત આવી હતી. હવે આગામી ૨૨ મી જુનના રોજ વર્તમાન પ્રમુખ/અધ્યક્ષની મુદત પુરી થઈ રહી છે. ત્યારે તાલુકાને આગામી દિવસોમાં બન્ને નવા શુકાનીઓ મળશે રોટેસન મુજબ નવા પ્રમુખની સીટ સામાન્ય પુરૂષ માટે જાહેર થતાં કોંગ્રેસ પક્ષમાંથી જ આગામી દિવસોમાં પ્રુમખની ખુરશી હાંસલ કરવા અત્યારથી જ હલકા પ્રકારની રાજનીતી શરૂ થઈ ગઈ છે. નજીકના દિવસોમાં આ રાજકીય રમત કોંગ્રેસના નાવને ડુબાડશે કે તારેશે. તે કહેવું મુશ્કેલ છે. અત્રે એ યાદ રહે કે તાલુકા પંચાયતની ૧૭ બેઠકો પૈકી કોંગ્રેસના ૧૫, ભાજપના ૧ અને અપક્ષના ૨ સભ્યો ચુટાયેલા હોવા છતાં કોંગ્રેસના અંદરના ખટરાગને કારણે તાલુકા પંચાયતના અઢીવર્ષના સમયગાળા દરમ્યાન રાજકીય દાવપેચ ખેલાયા તેનાથી તાલુકાના મતદારો પરિચીત છે. હવે કોંગ્રેસના કેટલાક પ્રમુખ પદના દાવેદારો ખુરશી હાંસલ કરવા આ વિસ્તારના ભાજપના ધારાસભ્ય અને કેબીનેટ મંત્રીના શરણે જઈ આશીર્વાદ લઈ આવ્યા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

## પાટણ કલેકટરના અધ્યક્ષસ્થાને પાણી સમિતિની બેઠક યોજાઈ



પાટણ

પાટણ જિલ્લા કલેકટર કચેરી ખાતે જિલ્લા કલેકટરશ્રી આનંદ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા પાણી સમિતિની બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં જિલ્લા પાણી પુરવઠા અધિકારી દ્વારા સમી તાલુકાના બાદરગંજ ખાતે નવીન બોર, બાસ્પા ખાતે નવીન મશીનરી, ઝેસાડા ખાતે નવીન બોરતેમજ પાડલા ખાતે નવીન પંપીગ કામોની મંજુરી માટે રજુઆત કરવામાં આવી હતી. નર્મદા મુખ્ય નહેર તથા કચ્છ શાખા નહેરમાં પાણી જથ્થો નહિવત હોવાથી ઝઝામ અને કલ્યાણપુરા પાસેથી પાણી મેળવતા ગામોને ખાનગી બોર ભાડે રાખી તેમજ ટેન્કર વડે પાણીનો જથ્થો પુરો પાડવામાં આવશે. પાણી પુરવઠા વિભાગ દ્વારા નવીન સાર કામ કરેલ ટયુબવેલ ને ઝડપથી વીજ કનેકશન આપવા માટે રજુઆત કરવામાં આવી હતી. ઉનાળાની પરિસ્થિતિને ધ્યાને લઈ પાણી પુરવઠા વિભાગની પેટા વિભાગીય કચેરી દ્વારા સાંતલપુર તાલુકાના ૧૫ ગામોનો ટેન્કર પુરવઠા પ્રગતિ અહેવાલ રજુ કર્યો હતો. ઉનાળાની પરિસ્થિતિને ધ્યાને લઈ ૧૯ ગામોને ભાડે લીધેલ ટયુબવેલ દ્વારા પાણી પુરવઠો પુરો પાડવાનું આયોજન હાથ ધરેલ છે.

આ બેઠકમાં જિલ્લા કલેકટર આનંદ પટેલે જણાવ્યું હતું કે, પાટણ જિલ્લાના શરહદી વિસ્તારના દરેક ગામે પાણીનો જથ્થો નિયમિત અને પુરેપુરો ઉપલબ્ધ બને અને ટેન્કર મંગાવવાની કામગીરી ઝડપથી હાથ ધરવા જણાવ્યું હતું. અને યુ.જી.વી.સી.એલ. દ્વારા ઝડપથી વીજ કનેકશનની કામગીરી કરવા અધિકારીએ જણાવ્યું હતું. અને બોરની મશીનરી ઝડપથી ફળવાય તે માટે ઝડપથી કાર્યવાહી હાથ ધરવા જણાવ્યું હતું.

આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર બી.જી.પ્રજાપતિ, નાયબ ડી.ડી.ઓ. એમ.એમ. ચૌહાણ, પાણી પુરવઠા અધિકારી તથા અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## હારીજ તાલુકાના બુડા ખાતે તળાવ ઊંડા કરવાના કામનું ખાતમૂર્હૂત કાર્યક્રમ યોજાયો



પાટણ

સમગ્ર રાજયમાં ગુજરાત સ્થાકપના દિન-૧લી મે ના રોજ સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત પાટણ વઢિયાર પંથકહારીજ તાલુકાના બુડા ખાતે રાજયના શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોરના અધ્ય ક્ષ સ્થાને તળાવ ઊંડા કરવાના કામનું ખાતમુર્હુત કાર્યક્રમ યોજાયો.

શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોરે જણાવ્યું કે પાણીના પ્રત્યોક ટીપાના મહત્વને આપણે સૌ સમજીએ જળ પૃથ્વી પરના તમામ સજીવો માટેની જીવનરેખા છે. પાટણ જિલ્લોના સરહદી વિસ્તારોમાં પીવાના પાણીની મુશ્કેલી ન પડે એ પ્રકારનું રાજય સરકાર દ્વારા સુદ્રઢ આયોજન કર્યું છે. ભાવી પેઢીના જતન માટે સૌ ભેગા મળી ગામનું પણી ગામમાં રહે તે પ્રકારનું આયોજન હાથ ધરવા ગ્રામજનોને જણાવ્યું હતું. ભાવી પેઢી ને વારસામાં જળ સંચયનો વારસો આપવા સૌ પ્રજાજનોને અભિયાનમાં જોડાવવા આહવાન કર્યું હતું મંત્રીએ બુડા ગામે તળાવો ઊંડા કરવા માટેનો શુભારંભ કરાવ્યોય હતો અને વધુમાં વરસાદી પાણીનો સંગ્રહ થાય તેનો ઉપયોગ ખેતી માટે થઇ શકશે તેમ જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં સંગઠનના સભ્યો, ગ્રામજનો ઉપસ્થિમત રહ્યા હતા.

## જિલ્લા સંકલન અને ફરીયાદ સમિતિની બેઠક યોજાઈ



હિંમતનગર

સાબરકાંઠા જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક કલેકટર શ્રી પ્રવિણા ડી.કેની અધ્યક્ષતામાં મળી હતી. સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકમાં સાસંદ શ્રી દિપસિંહ રાઠોડે જિલ્લામાં ઘરથાળીના પ્લોટ ફાળવવામાં થતા વિલંબ તથા હાઈવેના હોટલના સમય અને તેના પરમિશન અંગેના પ્રશ્નો રજૂ કર્યા હતા. જયારે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી રાજેન્દ્રસિંહ કુંપાવતના ઈડર શહેરમાં સૂચિત બાયપાસની કામગીરી ક્યાં તબક્કામાં છે તથા ટ્રાફિક સમસ્યા અંગેના પ્રશ્નની ચર્ચા કરવામાં આવી હતી જેના નિરાકરણ માટે કલેકટર દ્વારા સબંધિત અમીકરણ અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. તેમજ બાકી પેશન કેસો, કર્મચારીઓના ખાનગી અહેવાલ, કચેરીઓનું નિરીક્ષણ ઓનલાઈન ફરિયાદો નો નિકાલ કરી ડેટા એન્ટ્રી સમયસર કરવા તથા ખાનગી એજન્સી દ્વારા આઉટસોર્સથી રખાતા કર્મચારીઓના ઈ.પી.એફ નાંણા જમા થાય છે કે કેમ તથા તેનો નંબરની વિગત મેળવી લેવા જણાવ્યું હતું. બેઠકમાં પ્રાંતિજના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, જિલ્લા વિકાસ અધિકારી સ્તુતિ ચારણ, અધિક કલેકટર વી. એલ.પટેલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રી ડામોર સહિત પ્રાંત અધિકારીઓ અન્ય અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

## પાટણ પોસ્ટલ ડીવિઝનમાં ફરજ બજાવતા ૩૦૦ કર્મચારીઓ માંગ પુરી ન થતાં હડતાલ પર જશે

ચાણસ્મા

પાટણ પોસ્ટલ ડીવિઝનમાં જીડીએસ-બીપીએમ તરીકે ફરજ બજાવતા આશરે ૩૦૦ જેટલા કર્મચારીઓ કમલેશચંદ્ર કમિટિના રિપોર્ટની ભલામણના અમલીકરણ કરાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા ઘટતું કરવામાં નહીં આવતાં આગામી તા.૨૨/૫/૨૦૧૮ થી અચોક્કસ મુદત માટે હડતાળ પર જનાર હોઈ જિલ્લાની ગ્રામ્ય ટપાલસેવાને માઠી અસર થશે તેમ જણાય છે.

પાટણ ડીવિઝનમાં આવેલા ગામડાની ટપાલ કચેરીઓમાં ફરજ બજાવતા કર્મચારીઓની સાતમા પગાર પંચની ભલામણો તેમજ પગાર, કાયમી કર્મચારી અને અન્ય લાભો મળે તે માટે કમલેશચંદ્ર કમિટિની રચના કરવામાં આવી હતી અને તે કમિટિએ તેનો આખરી અહેવાલ કેન્દ્ર સરકારને સોંપી દીધો છે. પરંતુ આ ભલામણોનો સરકાર દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો નથી. ટપાલ વિભાગના ત્રણ માન્ય યુનિમનો દ્વારા છેલ્લા ૩૦ મહિનાથી ભૂખ હડતાળ, આમરણાંત ઉપવાસ જેવા કાર્યક્રમો આપી ભારત સરકાર સમક્ષ રજૂઆત કરવા છતાં ભલામણોનો સ્વીકાર કરવામાં આવ્યો નથી. નેશનલ યુનિયન ઓફ ગ્રામીણ ડાકસેવક તેમજ અન્ય યુનિયનો દ્વારા લેખિત આદેશ આપી તા.૨૨/૫/૨૦૧૮ થી સામુહિક રીતે હડતાળ પર જવાનો આદેશ કરવામાં આવ્યો છે. જેને પગલે પાટણ ડિવિઝનમાં ફરજ બજાવતા આશરે ૩૦૦ જેટલા કર્મચારીઓ હડતાળ પર જનાર કોઈ ગ્રામ્ય વિસ્તારની તમામ ટપાલ સેવાને માઠી અસર પહોંચી શકે તેમ છે.

**ઈડી કર્મચારીઓની અગાઉની સવલતો છિનવાઈ**

**પાટણ જિલ્લામાં હંગામી કર્મચારીઓ તરીકે ફરજ બજાવતા પોસ્ટના કર્મચારીઓને અગાઉ છત્રી, બુટ ચંપલ, સાયકલ એડવાન્સ જેવી સગવડો આપવામાં આવતી હતી. જે ઘણા વર્ષોથી બંધ કરી દેવામાં આવતા કર્મચારીઓમાં રોષ ફેલાયો છે.**

## પાટણ બસસ્ટેન્ડ હાઈવે પર ખસેડાતાં મુસાફરોને પરેશાની વધી

પાટણ

પાટણ શહેરમાં બસમોર્ટ બનાવવાની કામગીરી શરૂ થઈ છે જો કે આ કામગીરીની સાથે મુસાફરોને મળતી સેવા હાલ પુરતી બંધ થઈ ગઈ છે.

અત્યારે ચાણસ્મા તરફથી આવતી બસો મુસાફરોને લેવા મુકવા માટે ડેપોની જગ્યાએ અંદર જવાના વચ્ચેના રોડ પરથી જ મુસાફરોને પીકઅપ કરાવતા ૪૪ ડીગ્રી ગરમીમાં મુસાફરોને રોડ સાઈડમાં ઉભા રહીને શેકાવું પડે છે. જુના બસ ડેપોને જમીન દોસ્ત કરી કરોડોના ખર્ચે અદ્યતન બસ પોર્ટનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. અને કામ ચલાઉ બસ સ્ટેન્ડ હાઈવે ચાર રસ્તા નજીક સિધ્ધપુર હાઈ-વે પર ખસેડવામાં આવેલ છે. જો કે શરૂઆતમાં શહેરના હાઈ-વે વિસ્તારમાં નવા બસસ્ટેન્ડે આવવા-જવામાં ખૂબ જ તકલીફ પડતી હોવાથી જુના બસડેપોની જગ્યાએ મુસાફરોને લાવવા લઈ જવા બસ શહેરમાં આવે તેવી લોકમાંગને પગલે ફરીથી આ સેવા શરૂ કરાઈ છે.

જો કે હાલમાં જુના બસ ડેપોની જગ્યાએ બેસવાની કે પાણીની કોઈ સગવડ ન હોવાથી ઉનાળાની ગરમીમાં મુસાફરો ત્રાસી ઉઠ્યા છે.

## કાયણ પાટીયા પાસે ટ્રક- રિક્ષાને અથડાતાં યુવકનું મોત

પાટણ

સિધ્ધપુર પાટણ હાઈવે પર કાયણ ગામના પાટીયા પાસે રીક્ષા અને ટ્રક વચ્ચેના અકસ્માતમાં એકને ગંભીર ઈજા થતાં સારવાર દરમ્યાન તેનું મોત થયું હતું. જે અંગે પોલીસે તપાસ ચલાવેલ છે.

કમલેશકુમાર જેસંગલાલ પરમાર (રહે. વરવાડા, તા. ઊંઝા) ની ફરિયાદ અનુસાર તેઓ તથા ઉમેશકુમાર પ્રહલાદભાઈ રાઠોડ તથા ચૌહાણ હાર્દિક રમેશભાઈ તથા પરમાર અલ્પેશકુમાર મણીલાલ વગેરે પાટણ સમુહલગ્નમાં જઈ રિક્ષામાં પરત આવતા હતા. ત્યારે પુનાસણથી કાયણ ગામના પાટીયા પાસે સિધ્ધપુર તરફથી આવી રહેલ ટ્રક ચાલકે રિક્ષાને ટક્કર મારતાં ચૌહાણ હાર્દિકને ગંભીર ઈજાઓ થતાં ધારપુર સિવીલમાં ખસેડવામાં આવેલ પરંતુ સારવાર દરમ્યાન મોત થયું હતું. અન્ય બે યુવાનોને સામાન્ય ઈજાઓ થઈ હતી.

## અપહરણના ગુનામાં બે વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

હિંમતનગર

ઈડર પોલીસ સ્ટેશનમાં બે વર્ષ અગાઉ અપહરણના એક કેસમાં પોલીસને છેતરી નાસતા ફરતા સાંબલવાડાના એક શખ્સને એલસીબીએ ઈડર બસસ્ટેન્ડમાંથી હોવાની મળતાં ઝડપી લીધો હતો.

વર્ષ ૨૦૧૬ માં ઈડર પોલીસ મથકમાં અપહરણના ગુનામાં સંડોવાયેલા મનાતા ભવાન મનુભાઈ ઠાકોર (રહે. સાંબલવાડા) બે વર્ષથી નાસતો ફરતો હતો. દરમ્યાન એલસીબીને ભવાન ઠાકોર ઈડર બસસ્ટેન્ડમાં હોવાની બાતમી મળતાં બસસ્ટેન્ડમાં વોચ ગોઠવી ઝડપી લીધો હતો.

## રાધનપુર તાલુકાના કામલપુરમાં સુજલામ-સુફલામ કામગીરીનું નિરીક્ષણ કરતા હજ કમિટીના ચેરમેન



રાધનપુર

ગુજરાત રાજ્ય હજ કમિટીના ચેરમેન મહમદઅલી કાદરીએ રવિવારે રાધનપુર તાલુકાના કામલપુર ગામે સુજલામ-સુફલામ યોજના અંતર્ગત તળાવ ઊંડું કરવાની ચાલતી કામગીરીની મુલાકાત લઈને જાતમાહિતી મેળવી હતી. પાટણ જિલ્લાના જળસંચય યોજનાના પ્રભારી હોવાથી જિલ્લાના કામોની જાતમાહિતી મેળવીને તેઓ સરકારમાં તેનો રિપોર્ટ આપે છે. આ પ્રસંગે જિલ્લા ભાજપ મહામંત્રી પ્રવીણભાઈ મહાલક્ષ્મી, જિલ્લા ભાજપ લઘુમતી સેલના ચેરમેન ઈશુભા મલેક, તાલુકા ભાજપ પ્રમુખ ભોજા ભાઈ આહીર, માર્કેટ યાર્ડના ચેરમેન અમથાભાઈ ચૌધરી સહીત અગ્રણીઓ તેમની સાથે જોડાયા હતા.

## ભાવી પેઢીનો સમૃધ્ધ જળ વારસો આપવા પાટણ જિલ્લાનું જન આંદોલન

પાટણ

કચ્છની રણકાંધીએ આવેલ પાટણ જિલ્લો અતિપછાતમાં ગણતરી થાય તેમજ દર વર્ષે દુષ્કાળના ડાકલા વાગે લોકોને રોજી રોટી માટે બીજા જિલ્લાઓ ઉપર આધાર રાખી કુટુંબ કબીલા સાથે સ્થળાંતર કરવું પડે આવી વેદનામાં પાટણ જિલ્લાએ વર્ષોના વર્ષો પસાર કર્યા છે. સરહદી જિલ્લામાં રાજય સરકારની કુશળ કામગીરીથી ગામે ગામે નર્મદાના પાણી પહોંચ્યા જેનાથી ખેડુત પશુપાલન અને ખેતી ઉપર ધ્યાન કેન્દ્રિત કરી પાણીનો સદઉપયોગ કરી સીઝનના બે પાક લેતો થયો છે. અને રાજયના વિકાસમાં સહભાગી બન્યો છે.

રાજય સરકારે વરસાદના પાણીનો સદઉપયોગ થાય તે પાણી ખેતી માટે ઉપયોગી થાય માટે સુજલામ સુફલામ જળસંચય યોજના હેઠળ તળાવો ઊંડા કરવાની કામગીરી હાથ ધરવામાં આવી.

માહિતી બ્યુરો પાટણની ટીમ સમી તાલુકાના કાઠી ગામના તળાવો ઊંડા કરવાની કામગીરી ચાલી રહી છે, ત્યાં સરપંચની તેમજ ગ્રામજનોની રૂબરૂ મુલાકાત લીધી હતી. ગામના સરપંચે જણાવ્યું હતું કે, રાજય સરકારે જળ અભિયાન કામગીરી હાથ ધરી છે. જેને બિરદાવી હતી. ગ્રામજનોને પાણીનું મૂલ્યુ સમજાયું છે. ગ્રામજનોનો મોટો સમુદાય આ અભિયાનમાં સાથ આપી રહ્યો છે. વરસાદના પાણીનો પુરેપુરો સંગ્રહ થશે વરસાદનું પાણી નદીઓનું જતું અટકી જશે તળાવો ભરાવાથી પશુઓને પાણી મળી રહેશે. આજુબાજુના પાણીના સ્તર ઉંચા આવશે. અને મીઠુ પાણી પણ ઉપલબ્ધ બનશે જળ સંચયના ઘણા લાભો છે. આવો સહું સાથે મળી રાજય સરકારની જળસંચય અભિયાન પરિપૂર્ણ કરી ભાવી પેઢીને સમૃધ્ધ જળ વારસો આપીએ અને સમૃધ્ધિ તરફ આગળ વધારી રાજયના વિકાસમાં સહભાગી બનાવીએ.

**સંપાદન- ડી.પી.પટેલ**

## રાધનપુર તાલુકાના મહેમદાવાદમાં સ્વાન માટે લાડુનું વિતરણ




રાધનપુર

રાધનપુર તાલુકાના મહેમદાવાદ ગામે ગુરુમંદિર આશ્રમના મહંત પૂજ્ય દેવીદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ દર મહિનાની વદ સાતમ અને સુદ સાતમના દિવસે સમગ્ર ગ્રામજનો દ્વારા સ્વાન માટે લાડુ બનાવીને ગામના તમામ શ્વાનને ખવડાવવામાં આવે છે, લાડુ બનાવવા માટે ખાસ મશીન પણ વસાવવામાં આવ્યું છે.અને ગામની મહિલાઓ અને પુરુષો જાતે જ લાડુ બનાવે છે.આ માટે દાતાઓનો પણ આર્થિક સહયોગ મળતો રહે છે. સોમવારે મહિનાની સુદ સાતમ હોવાથી રવિવારે સ્વાન માટે લાડુ તૈયાર કરવામાં આવી રહ્યા છે.

# ભાભરમાંથી આઈપીએલ ૨૦-૨૦ મેચ ઉપર સટ્ટો રમતા વધુ બે શખ્સો ઝડપાતા ચકચાર

**પોલીસે સ્થળ ઉપરથી એક ટી.વી. આઠ મોબાઈલ લેપટોપ સહિત રૂા.૪૦૭૦૦ નો મુદ્દામાલ કબ્જે લીધા**

તા.પ્રતિ. ભાભર

ભાભરમાં છેલ્લા કેટલાક સમયથી અસામાજીક પ્રવૃતિ ઓએ માઝા મુકી છે. જે બાબતે મીડીયા કર્મીઓએ એસ.પી.ને મેસેજ દ્વારા જાગૃત કરતા એસ.પી.એ. કડક વલણ દાખવી અસામાજીક પ્રવૃત્તિઓ સામે લાલ આંખ કરતાં ટૂંક સમયમાં દારૂ, જુગાર, ક્રિકેટ મેચના કેસો પકડાતા આવા ધંધા સાથે સંકળાયેલા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

જિલ્લા પોલીસ વડાની સૂચનાથી ભાભર તાલુકામાંથી દારૂ-જુગાર જેવી પ્રવૃત્તિ સદંતર નેસ્ત નાબુદ કરવાની સૂચના મળતા ભાભર પી.એસ.આઈ એસ.એસ.રાણે અને સ્ટાફ સાથે ગઈકાલે રાત્રે મળેલ ખાનગી બાતમીના આધારે આઈ.પી.એલ.ની સનરાઈઝ હૈદરાબાદ



વનરાજસિંહ રાઠોડ

વિ.કોલકતા નાઈટ રાઈડર્સ વચ્ચે ટવેન્ટી-૨૦ મેચ ઉપર ક્રિકેટ મેચ સટ્ટાનો જુગાર રમતા અશોક ઉર્ફે બિન્છી મફતલાલ દરજી અને નરેશ મફતલાલ દરજી બન્ને રહે.ભાભર વાળાઓ ઝડપાઈ ગયા હતા. સ્થળ ઉપરથી બન્ને પાસેથી ટી.વી.નંગ-૧ કિ.રૂા.૧૦,૦૦૦ અનુસંધાન પાના નં.૬

# ડીસામાં કિન્નરના સ્વાંગમાં બે શખ્સોએ પૂર્વજનું દુઃખ દુર કરવાનું કહી ઠગાઈ કરી

ડીસા

આજકાલ લોકોને દુખ દુર કરવાના બહાને છેતરપીંડી આચરવામાં આવતી હોવાની ઘટનાઓમાં ધરખમ વધારો થઈ રહ્યો છે. ત્યારે ડીસા શહેરમાં પણ આજે બે અજાણ્યા વ્યક્તિઓએ એક પરિવારને પૂર્વજોનું દુખ દુર કરવાના બહાને મોટી છેતરપીંડી કરીને ફરાર થઈ ગયા છે.

આપણે રોજ ન્યુઝ ચેનલો અને ન્યુઝ પેપરમાં જોઈએ છીએ કે કેવી રીતે કોઈ દ્રવ્ય પીવડાવી અથવા તો મેલું નાખીને છેતરપીંડી કરાતી હોય છે. ત્યારે આવી જ ઘરમાં એકલી મહિલાઓને પૂર્વજો નું દુખ દુર કરવાનું કહીને છેતરપિંડી કરવાની અથવાતો દાગીના ધોઈ આપવાનું કહી ને છેતરપિંડીની ઘટના સામે આવી છે. ડીસાની હાઈવે વિસ્તારમા આવેલી જોગકૃપા સોસાયટીમા રહેતાં મનીષભાઈ માળીના મકાનમા કિન્નરના સ્વાંગમા આવેલા બે સખ્સોએ તમારા ઘરમા પૂર્વજોનું દુખ છે તે દુર કરવા માટેનું કહીને ઘરના મંદીરમા તમારા દાગીના મુકીને તેની પૂજા કરવી પડશે તેવું જણાવ્યું હતું. દાગીનાની થેલી બદલીને તમે અમારૂ જમવાનું બનાવીને રાખો અમે બે કલાકમાં પાછા આવીને પૂજા કરીશુ તેવું કહીને પાંચ તોલા નાં સોનાના દાગીના લઈને પલાયન થઈ ગયા હતાં. બનાવની ગંભીરતાની જાણ થતા બુમાબુમ કરતા બે સખ્સ ભાગી ગયા હતા. આ બનાવ બનતા તે સમયે ઘરમાં ત્રણ મહિલાઓ અને બે બાળકો હાજર હતાં. અને આ સમગ્ર ઘટના અંગે દક્ષિણ પોલીસ સ્ટેશન જાણ કરતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ભેંસાણા ગામ પાસે ઘાસ ભરેલી ટ્રક સળગી ઉઠી

તાલુકા પ્રતિનિધિ દીઓદર

છેલ્લા કેટલાક સમયથી બનાસકાંઠાની ગૌશાળા-પાંજરાપોળોમાં ગાયો માટે ઘાસની તીવ્ર અછત વર્તાઈ રહી છે. ત્યારે તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા બનાસકાંઠા જીલ્લાની ગૌશાળા અને પાં-જરાપોળોને ગાયોના નિભાવ માટે ઘાસ આપવાની જાહેરાત કર્યા બાદ તેનું વિતરણ બનાસકાંઠાની પાંજરાપોળો તેમજ ગૌશાળામાં શરૂ કરવામાં આવેલ.ત્યારે તા.૨૦-૫-૨૦૧૮ના રોજ ગોધરા-દાદોડથી ટ્રક નંબર જી.જે.૧૯.ટી.૩૯૭૮ ઘાસ ભરીને આવી રહેલ ટ્રક દીઓદર તાલુકાના ભેંસાણા ગામે આવેલ ગૌશાળામાં ઘાસ



(અશોક શેઠ)

આપવા જઈ રહી હતી ત્યારે ટ્રક ભેંસાણા ગામ પાસેથી પસાર થઈ રહી હતી તે સમય દરમ્યાન ટ્રકમાં ભરેલ ઘાસ વિજ લાઈનને અડકી જતાં તેમાં તણખા પડતાં ૭૧ ગાંસડી ભરેલી ઘાસની ગાડી થોડીજ વારમાં ભડ ભડ સળગી ઉઠતાં દોડધામ મચી જવા પામેલ. ગામ લોકોએ દોડી આવી પાણીની પાઈપો લગાવીને અનુસંધાન પાના નં.૬

# જાલોઢા ગામે ઝેરી જાનવર કરડવાથી યુવકનું મોત

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર તાલુકાના જાલોઢા ગામે તા.૧૯-૫-૨૦૧૮ના રોજ રાત્રીના સમયે ખેતરમાં બાજરીના પાકમાં પિયત કરી રહેલા કીશનભાઈ રૂપાભાઈ વાલ્મીકી (ઉ.વ.૨૫) મુળ વતન ઝાડા, તા.દીઓદર, હાલ રહે.જાલોઢાને કોઈક ઝેરી જીવજંતુ રાત્રીના સમયે કરડતાં તેઓનું મોત નિપજેલ.

# કાંકરેજ તાલુકાના જામપુર પાસે ઘાસની ભરેલી ગાડીમાં આગ



(યશપાલસિંહ ટી.વાઘેલા)

**આગ લાગતા ગાડીમાં ઘાસ બળીને ખાખ : વીજ વાયર અડકતા ઘાસ ભરેલી ટ્રક સળગી ઉઠી**

(તા.પ્રતિ.) થરા

બનાસકાંઠા જીલ્લાના દિયોદર તાલુકાના ભેંસાણા નજીક આજે સવારના સમયે સરકારી ઘાસચારો ભરીને જઈ રહેલી ટ્રકમાં આગ લાગવાની ઘટના બન્યા બાદ બપોર બાદ વધુ એક સરકારી ઘાસચારો ભરેલી ટ્રકમાં આગ લાગવાની ઘટના બની છે. આ ઘટના વીજ વાયરને ઘાસચારો સ્પર્શ થતા સર્જાઈ હતી.

બનાસકાંઠા જીલ્લાના પશુ પાલકોને તેમની માંગ મુજબ સરકાર દ્વારા ઘાસચારો મોકલવાની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે પરંતુ સરકાર દ્વારા મોકલવામાં આવતો ઘાસચારો ગાયો સુધી પહોંચે તે પહેલા જ આગમાં ભસ્મ થઈ જતો હોવાની ચોંકાવનારી ઘટનાઓ સામે આવી રહી છે. રવિવારે સવારે દિયોદરના અનુસંધાન પાના નં.૬

# ભાભર આઈ.સી.ડી.એસ.નાં સુપર વાઈઝર સામેની એટ્રોસીટીની ફરીયાદમાં સ્ટે

તા.પ્રતિ. ભાભર

તાજેતરમાં ભાભર તાલુકાના વજાપુર ગામે ભાભર આઈ.સી.ડી.એસ.ના સુપર વાઈઝર સામે તેમની કાર્ય કર બહેને એટ્રોસીટીની ફરીયાદ નોંધાવતા ચકચાર મચી હતી. ભાભર આઈ.સી.ડી.એસ. શાળામાં સુપર વાઈઝર તરીકે ફરજ બજાવતા લીલાબેન એમ.ચૌધરી સામે તેમના હાથ નીચે ફરજ બજાવતા વજાપુર આ આંગણવાડી કાર્યકરે અટ્રોસીટીની ફરીયાદ નોંધાવેલ હતી. જેમાં હકિકત એવી કે પાંચ માસથી સુપરવાઈઝર બહેને કાર્યકરનો પગાર ન કરતા તેમની સામે તેમણે બહેને જાતિવાચક શબ્દોનો ઉપયોગ કર્યાનો અને માનસીક ત્રાસ આપ્યાનો આક્ષેપ કરતી અનુસંધાન પાના નં.૬

# વાવ - થરાદ હાઈવે અકસ્માતમાં બાઈક ચાલકનું મોત

(તા.પ્રતિ.) વાવ

બનાસકાંઠાના વાવ-થરાદ હાઈવે પર આજે ટ્રેલર અને બાઈક વચ્ચે સર્જાયેલા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈક ચાલકને ગંભીર ઈજા થતાં ૧૦૮ ના પાયલોટ સુરેશભાઈ ચૌહાણે ઘટના સ્થળે દોડી જઈ ઈજાગ્રત બાઈક ચાલકને થરાદની રેફરલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડયો હતો. જોકે તેની હાલત ગંભીર હોઈ વધુ સારવાર માટે આગળ ખસેડતી વખતે રસ્તામાં જ તેનું કરૂણ મોત નીપજ્યું હતું.

મૃતક બાઈકચાલક શ્રવણભાઈ પંચાલ વાવ તાલુકાના ડેડાવા ગામનો હોવાનું જાણવા મળ્યું છે. મૃતક બાઈકચાલકના મૃતદેહને થરાદની રેફરલ હોસ્પિટલમાં પોસ્ટ મોર્ટમ અર્થે ખસેડાયો હતો. આ મામલે પોલીસે અકસ્માતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ડીસામાં ગાડી ખરીધા બાદ પૈસા ન ચુકવતા વેપારી સામે ફરિયાદ

ડીસા

ડીસામાં ઈકો ગાડી ખરીધા બાદ મૂળ માલિકને પૈસા ના ચૂકવી ઠગાઈ કરનાર વેપારી સહીત બે ઈસમો સામે જીલ્લા પોલીસ વડા સમક્ષ લેખિત ફરિયાદ કરાઈ છે. ડીસા માર્કેટયાર્ડમાં ડ્રાઈવરનો વ્યવસાય કરતા કલ્પેશભાઈ કેશાજી ભોરુડવા પાસે માર્કેટયાડમાં વેપાર કરત્તા મહેશભાઈ પટેલ આવ્યા હતા અને રાજુભાઈ જોયતારામદાસ પટેલને ઈકો ગાડી જોઈએ છે જેનું તમામ પેમેન્ટ હું વચ્ચે રહીને ચૂકવી આપીશ તેમ જણાવ્યું હતું. બાદમાં ઈકો મારૂતિ કાર નંબર જી.જે ૮ બીબી ૮૦૬૮ વેચાણ આપવા કહી શરૂઆતમાં રૂા.૧ લાખ આપવા અને બાકીની રકમના અનુસંધાન પાના નં.૬


## બેસણું



સ્વ. મહેન્દ્રકુમાર ચુનીલાલ રાવલ
(પૂર્વ સદસ્ય, તાલુકા પંચાયત)

અમારા પરમ પૂજ્ય પિતાશ્રી
સ્વ. મહેન્દ્રકુમાર ચુનીલાલ રાવલનું તા. ૨૦-૫-૨૦૧૮, રવિવારે દુઃખદ અવસાન થયેલ છે.
સ્વર્ગસ્થનું બેસણું તારીખ ૨૩-૫-૨૦૧૮, બુધવારે અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

સ્થળ : ટીબાચુડી, તા.વડગામ, જી.બ.કાં.
તા. ૨૩-૫-૨૦૧૮, બુધવાર, સવારે ૮-૦૦ કલાકે

લિ.
અતુલકુમાર મહેન્દ્રભાઈ રાવલ
યોગેશકુમાર મહેન્દ્રભાઈ રાવલ
તથા સમસ્ત રાવલ પરિવાર, ટીબાચુડી
ફર્મ : શ્રી ગણેશ સર્જીકલ્સ, પી.એસ.એન્ટરપ્રાઈઝ

## શ્રદ્ધાંજલિ



મારા પરમ પુજ્ય પિતાશ્રી
સ્વ. રૂડાભાઈ કશાભાઈ પ્રજાપતિ
તા.૧૮-૫-૨૦૧૮ ને શુક્રવારના રોજ દેવલોક પામેલ છે.

ભલે મનુષ્ય દેહ નાશવંત હોય, પરંતુ પોતાના સત્કાર્યો થકી એ અન્ય માટે પ્રેરણાદાયી બની રહે છે. આપશ્રીએ અપનાવેલા સિધ્ધાંતો આપનો પરોપકારી સ્વભાવ, ધાર્મિક ભાવના, શિસ્તનો આગ્રહ અને અથાગ પરીશ્રમ અમારા માટે પ્રેરણાનો સ્રોત બની રહે છે. પરમકૃપાળુ પરમાત્મા આપનાં દિવ્ય આત્માને શાંતિ અર્પે...

લિ.
મનિષભાઈ રૂડાભાઈ પ્રજાપતિ (પુત્ર)
ચિરાગ મનિષભાઈ પ્રજાપતિ (પૌત્ર)
તથા સમસ્ત ટેમેચા પરિવાર
સ્વર્ગસ્થનું બેસણું તા. ૨૩-૫-૨૦૧૮, બુધવાર
મુ. જામપુર, ફાર્મ ઉપર, તા. થરાદ
મો. ૯૯૨૫૫ ૦૦૧૧૭, ૭૬૨૨૦ ૩૧૪૪૨



